


શ્રી રામ




યોગેશ્વર શ્રી કૃષ્ણ



શ્રી પરમાનંદજી મહારાજ
(પરમહંસજી)



# અહિંસાનું સ્વરૂપ



મહાવીર સ્વામી





મહાત્મા બુધ્ધ


## શ્રી સ્વામી અડગડાનંદજી



મહાત્મા ગાંધી



સ્વામી વિવેકાનંદ



સન્ત કબીર

" ૐ નમઃ સદ્ ગુરૂદેવાય "

# ભારતીય મહાપુરુષોની દ્રષ્ટિમાં અહિંસાનું સ્વરૂપ

અહિંસા એક ચર્ચાસ્પદ પ્રશ્ન છે.ખરી રીતે આ એક યૌગિક શબ્દ છે,આંતરિક સાધનાનો શબ્દ છે, પરંતુ સમય જતા લોકોએ તેને બાહ્ય જગતની જીવ - હિંસા સાથે જોડી દીધો.


:: વ્યાખ્યાકાર ::

**સ્વામી શ્રી અડગડાનંદજી**

શ્રી પરમહંસ આશ્રમ, શકતેષગઢ, ચુનાર - મિર્જાપુર(ઉ.પ્ર.)


ૐ


**પ્રકાશક**

શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ

न्यू अपोलो एस्टेट, गाला नं 5, मोगरा लेन (रेलवे सबवे के पास)

अंधेरी (पूर्व), मुम्बई – 400069

ૐ

**અનન્તશ્રી વિભૂષિત,**
**યોગિરાજ, યુગપિતામહ**


**પરમ પૂજય સ્વામી શ્રી પરમાનન્દજી**
**શ્રી પરમહંસ આશ્રમ અનુસુઈયા**
**(ચિત્રકૂટ)**
**ના પરમ પાવન ચરણોમાં**
**સાદર સમર્પિત**
**અંત : પ્રેરણા**

# ગુરૂ વંદના

## '' ૐ શ્રી સદ્ગુરૂ દેવ ભગવાનની જય''

જય સદ્ગુરૂદેવમ્, પરમાનંદનમ્, અમર શરીરમ્ અવિકારી,
નિર્ગુણ નિર્મુલમ્, ધરી સ્થૂલમ્, કાટન શુલમ્ ભવભારી.
સૂરત નિજ સોહમ્, કલિમલ ખોહમ્, જનમન મોહન છવિભારી,
અમરાપુર વાસી, સબ સુખરાશિ, સદા એકરસ નિર્વિકારી.
અનુભવ ગંભીરા, મતિ કે ધીરા, અલખ ફકીરા અવતારી,
યોગી અદ્વેષ્ટા, ત્રિકાલ દ્રષ્ટા, કેવલ પદ આનંદકારી.
ચિત્રકૂટ હિં આયો, અદ્વેત લખાયો, અનુસુઈયા આસન મારી,
શ્રી પરમહંસ સ્વામી, અંતર્યામી, હૈ બડનામી સંસારી.
હંસન હિતકારી, જગ પગુધારી, ગર્વ પ્રહારી ઉપકારી,
સત્-પંથ ચલાયો, ભરમ મિટાયો, રૂપ લખાયો કરતારી.
યહ શિષ્ય હૈ તેરો , કરત નિહોરો , મો પર હેરો પ્રણધારી,
જય સદગુરૂ ...........ભારી.

# आत्मने मोक्षार्थ जगत् हिताय च



**श्री श्री १००८ श्री स्वामी परमानन्दजी महाराज ( परमहंसजी )**

जन्म : शुभ सम्वत् विक्रम १९६९ (सन् १९११ ई०)

महाप्रयाण : ज्येष्ठ शुक्ल ७, वि०सं० २०२६, दिनांक २३/०५/१९६९ ई०

परमहंस आश्रम अनुसुइया, चित्रकूट



श्री स्वामी अड़गड़ानन्दजी महाराज

(परमहंस महाराज का कृपा–प्रसाद)

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૧ |
| ૨ | ગીતા પ્રમાણે 'અહિંસા' | ૫ |
| ૩ | મહાભારત પ્રમાણે 'અહિંસા' | ૧૩ |
| ૪ | શ્રી રામચરિત માનસ પ્રમાણે 'અહિંસા' | ૧૭ |
| ૫ | મહાવીર સ્વામીની દ્રષ્ટિમાં 'અહિંસા' | ૨૮ |
| ૬ | ભગવાન બુધ્ધની દ્રષ્ટિમાં 'અહિંસા' | ૪૭ |
| ૭ | નિષ્કર્ષ. | ૫૮ |


ૐ

# પ્રસ્તાવના

'અહિંસા' મુળભુત રીતે યોગ સાધનાનો શબ્દ છે,અહિંસા, સત્ય, અસ્તેય (શરીર, વાણી કે મનથી ચોરી ન કરવી), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પાંચેય એક સાથે યોગીના હૃદયમાં ઢળી જવાથી યોગની ઉન્નત ભૂમિકાઓમાં પ્રવેશ મળે છે; જે ધારણા, ધ્યાન, સમાધિ અને કૈવલ્ય જ્ઞાન સુધીની ઉચાઈ પર પ્રતિષ્ઠિત કરે છે, તેને શીલ અને અણુવ્રત પણ કહે છે તે અહિંસાના જ પૂરક છે.અલગથી અહિંસા જેવી કોઈ સાધના નથી.

વસ્તુતઃ નિઃશસ્ત્રીકરણને ધાર્મિક રૂપ આપવા માટે જ વ્યવસ્થાકારોએ 'અહિંસા' શબ્દને સામાજીક વહેવારમાં ઉછાળ્યો, જયારે નિઃશસ્ત્રીકરણ આપણી પરંપરા રહી નથી. અનાદિકાળથી, સભ્યાતાના પ્રારંભથી જ અસ્ત્ર-શસ્ત્રના સન્માનની પરંપરા રહી છે. તમારા પૂર્વજોમાં એક પણ દેવતા કે એક પણ અસુર એવો નથી કે જેની પાસે શસ્ત્ર ન હોય -દેવરાજ ઈન્દ્રનું વજ, વરૂણનું પાશ, યમનો દંડ, દેવાધિદેવ શંકરનું ત્રિશુલ, બ્રહ્માની શકિત, વિષ્ણુનું ચક્ર, દેવ -અસુર સંગ્રામમાં દેવોના પરાજય પછી દેવીયોએ યુધ્ધ કર્યુ અને વિજય અપાવ્યો. દેવતાઓ જ નહીં, રાક્ષસ અર્થાત રક્ષ સંસ્કૃતિવાળા પણ શસ્ત્રસંચાલનમાં પાછળ ન હતા. તેઓના આવિષ્કાર(શોધ) પણ ઓછા ન હતા, જેમ કે માથુ કપાયા પછી પણ જીવતા થઈ જવું. તેઓના ગુરૂ શુક્રાચાર્ય સંજીવની વિદ્યાથી મૃત સેનાને પણ જીવીત કરી દેતા. રકતબીજ(લોહીનું બી) જેવી શોધ-લોહીના જેટલા ટીપાં પડતા તેટલા રાક્ષસ ઉત્પન્ન થઈ જતાં. અસુર કન્યાઓ પણ શસ્ત્ર-સંચાલનમાં નિપુણ હતી. તાડકા વગેરેએ ઈન્દ્રએ વસાવેલ સમૃધ્ધ કરૂષ દેશને વેરાન કરી નાખ્યો. ત્યાં ભયંકર જંગલ થઈ ગયુ.

રાજા-મહારાજાઓએ પણ દિગ્વિજય, ત્રિલોક વિજય,ચક્રવર્તી પદના કિર્તીમાન સ્થાપિત કર્યા, અશ્વમેધ,રાજસૂય યજ્ઞોના માધ્યમથી શસ્ત્ર અભ્યાસની પરંપરાનો નિર્વાહ કર્યો, મહાન વિજેતા નરેશોમાં સમ્રાટ અશોક, ચંદ્રગુપ્ત મૌર્ય અને અકબર જેવા ભારતીય રાજાઓની ગણના થાય છે. શસ્ત્રોની શોધમાં પૂર્વજો દેવલોક

સુધીની યાત્રા કરતા હતા. અર્જુને દેવલોકમાંથી શસ્ત્રો પ્રાપ્ત કર્યા હતા. તે જ અર્જુન મહાભારતના યુધ્ધ પૂર્વે સૈન્ય નિરીક્ષણથી કાંપવા લાગ્યો - ગોવિંદ! હું યુદ્ધ નહીં કરું. સ્વજનોને મારવાથી પાપ લાગશે. ભગવાને કહ્યું - જો યુદ્ધ ન કરીશ તો સ્વધર્મ,કીર્તિ ગુમાવીને પાપને પ્રાપ્ત કરીશ.અર્જુને કહ્યું - શસ્ત્રધારી કૌરવ મને શસ્ત્ર વગરનાને મારી નાખે તો તે મરવુ શ્રેયકર હશે પરંતુ યુદ્ધ નહીં કરું.શસ્ત્ર વગરના અર્થાત મરેલા ! ષડયંત્રકારી દુર્યોધન, જેણે કુન્તી સહિત બધા પાંડવોને લાક્ષાગૃહમાં સળગાવી દીધા, શું તેને અર્જુન હથિયાર વીનાનો મળી જાત તો અર્જુનને જીવતો છોડી દેત ?

તે જ શૌર્યસંપન્ન પૂર્વજોના સંતાનો, આજ મુટ્ઠીભર બે-ચાર ગરમ મગજવાળા કયાંક પગ પછાડે છે તો લોકોને ભાગવા માટે જગ્યા મળતી નથી.

દિગ્વિજય ભારતીયોની આ દુર્દશા નથી તો મુસલમાન શાસકોએ કરી કે ન તો અંગ્રેજ કે પછી વર્તમાન સરકારોએ કરી. તે તો આજથી દોઢ-બે હજાર વર્ષ પહેલા ગીતાના શ્લોકના આ અંશ **'चातुर्वर्ण्यं मया सृष्टम्'** ની ભ્રામક વ્યાખ્યાને કારણે પુષ્યમિત્ર શુંગકાળમાં ભૌતિક શિક્ષાના આધારે બનાવાયેલા ધર્માચાર્યો દ્વારા હાલની આ દુર્દશાયુકત સામાજીક વયવસ્થા નિર્માણ પામેલ છે. 'વર્ણ' તો આત્માનો સાક્ષાત્કાર કરાવનારી સાધનાનું ક્રમોન્નત આંતરીક સોપાન છે. જેમાં પ્રવેશનો અધિકાર તેઓ બધાને છે જેઓને મનુષ્ય શરીર ઉપલબ્ધ છે પરંતુ વ્યવસ્થાકારોએ 'વર્ણ' નો અર્થ 'જાતિ' કરી સમાજને જન્મની ચાર મુખ્ય જાતિઓમાં વિભાજીત કરીને પોતપોતાના જાતિય ધંધા પ્રમાણે જીવવા-ખાવા માટે મજબુર કરીને ધર્મ ઘોષિત કરી દીધો અને રાજાઓની સેનાના બળ પર પણ આ ખોટી વ્યવસ્થા ચાલુ જ રખાવી અને વિધાતાની સૃષ્ટિના જીવોના મૃત્યુ અને જીવનને હિંસા અને અહિંસાની સંજ્ઞા આપી સમાજના લોકોને કંગાળ, હતપ્રભ અને ભયભીત બનાવી દીધા.

ધંધાકીય અનામત અને હિંસા-અહિંસાની વ્યવસ્થાથી તો લગભગ બધી જ જાતિઓ અસંતુષ્ટ હતી, કયાંક નાસીપાસ થઈને શસ્ત્ર ન ઉઠાવી લે એટલા માટે

વ્યવસ્થાકારોએ નિઃશસ્ત્રીકરણનું તુત ચલાવ્યુ કે બહુમતી સેવક સમાજ શુદ્ર કોઈ પણ પરિસ્થિતીમાં શસ્ત્ર ન ઉઠાવી શકે. તેઓને કોઈ લૂંટી લે તો પણ તેઓ શસ્ત્ર ન ઉઠાવે નહિતર નરકમાં જશે. દાનની વસ્તુ કોઈ છીનવી લે તો બ્રાહ્મણ શસ્ત્ર ઉઠાવી શકે છે, ગાય પર સંકટ આવે તો જ વૈશ્ય શસ્ત્ર ઉઠાવી શકે છે પરંતુ હમેંશા માટે શસ્ત્ર માત્ર ક્ષત્રિય ઉઠાવશે, સો(૧૦૦)માંથી સાત ક્ષત્રિય,એમાં પણ સ્ત્રીઓ, બાળકો અને વૃધ્ધો ! બે-ચાર ઉપર કબ્જો કરી લે તો બાકીના સૈંકડો વ્યકિતઓને ઘેટા-બકરાની જેમ લઈ જાય.

તેવુ શોષણ હંમેશા ચાલતુ રહે, કયાંયથી વિરોધનો સુર ન ઉઠે, એટલા માટે વ્યવસ્થાકારોએ શિક્ષણ પર કડક પ્રતિબંધ લગાવ્યો કે માત્ર એક વર્ગ 'બ્રાહ્મણ' જ ભણશે-ભણાવશે. સંસ્કૃત-ગ્રંથ મહાભારત અને એકતાનું મુળ એવી પરમશ્રેય પ્રદાન કરવાવાળો ધર્મગ્રંથ ગીતા વાંચવા અને ઘરમાં રાખવા પર પ્રતિબંધ લગાડી દીધો. નવા-નવા સ્મૃતિગ્રંથોની રચના કરીને તેને જ ધર્મશાસ્ત્ર  ઘોષિત કરી દીધા.

આપણી સંસ્કૃતિમાં શસ્ત્ર-અભ્યાસ અનિવાર્ય હતો. સમાજમાં આસુરી પ્રવૃતિઓની બહુમતી થયા પછી એક સમુદાય રાવણની જેમ ભજન કરવા દેતો નહીં અને ખાઓ-પીવો અને મજા કરોની સભ્યતા ઠોકી બેસાડતા. એવા આતતાયિઓનું કોઈપણ પ્રકારે હૃદય પરિવર્તન ન દેખાતા જંગલમાં રહેવાવાળ સંત-મહાત્માઓએ પણ રાજા-મહારાજાઓને શસ્ત્ર-સંચાલનનું શિક્ષણ આપી આસુરી પ્રકૃતિનો સર્વનાશ કરાવી દીધો અને આત્મોદ્ધારની સાધનાને સર્વ સુલભ બનાવી દીધી. આ પ્રકારનું યુદ્ધ અહિંસાનું વિરોધી નથી પણ ઉલ્ટુ અહિંસાને જ સ્થાપવા માટે કરવામાં આવેલ એક સમાધાન છે, જેના માટે પ્રત્યેક સમાજને હંમેશા સતર્ક(તૈયાર) રહેવુ પડશે. પોતાના અસ્તિત્વ, ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે શસ્ત્રોનો અભ્યાસ ખૂબ જ જરૂરી છે.

આતંકવાદીઓ પાસે અસ્ત્ર-શસ્ત્રની ખોટ નથી, આજે પણ નિઃશસ્ત્રીકરણ માત્ર સરળ અને શાન્તિ પ્રિય લોકો માટે જ છે. આ નિઃશસ્ત્રીકરણની પ્રેરવી પણ તેઓ જ કરે છે કે જેમની પાસે અસ્ત્ર-શસ્ત્ર વિપુલ પ્રમાણમાં છે જેને ભય છે કે

**કયાંક તેનો (શસ્ત્રોની બાબતમાં)અવ્વલ નંબરનો અધિકાર છિનવાય ન જાય. તે જ અશાંતિનું કારણ છે.**

**સમાજમાં સુખરૂપ જીવવા માટે સદ્ભાવ, દયા, સહયોગ, મિત્રતા, સહિષ્ણુતા, પરદુઃખ ભંજનતા વગેરે સદ્ગુણ જરૂરી છે. જેનાથી એક બીજા પર ભરોસો રહે છે. પરંતુ તે અહિંસા નથી. આવો જોઈએ અમારા - તમારા પૂર્વજ મહાપુરૂષોએ અહિંસાને કયા સંદર્ભમાં લીધી છે.**

**– સ્વામી અડગડાનંદજી**

# ગીતામાં બતાવ્યા પ્રમાણે 'અહિંસા'

સૃષ્ટિના આદિજ્ઞાનનું લિપિબધ્ધ રૂપ ભગવાન શ્રી કૃષ્ણોકત ગીતા છે એટલા માટે આદિશાસ્ત્ર શ્રીમદ્ ભગવદગીતા છે.ભગવાને પોતાના શ્રીમુખથી તેને શાસ્ત્ર ઘોષિત કરી 'इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ '(ગીતા, ૧૫ / ૨૦)-આ ગોપનીયથી પણ અતિ ગોપનીય શાસ્ત્ર મારા દ્વારા કહેવામાં આવ્યુ છે,તેને જાણીને તું સંપૂર્ણ જ્ઞાન,શ્રેયપદની પ્રાપ્તિ,હંમેશા રહેવાવાળુ મારુ પરમધામ પ્રાપ્ત કરીશ. આથી,ગીતા તમારું ધર્મશાસ્ત્ર છે. તેનો પ્રથમ ફેલાવો પૃથ્વી પર થયો અને બીજો ફેલાવો ભારતમાં (કુરુક્ષેત્રમાં) થયો; એટલા માટે વિશ્વમનીષાનું સંપુર્ણ ધર્મશાસ્ત્ર માત્ર અને માત્ર ગીતા છે. જયારે-જયારે ગીતા વિસ્મૃત થઈ લોકો સંકટમાં પડયા અને જયારે તે પ્રકાશમાં આવી ભ્રમોનું નિવારણ અને સંકટ દૂર થઈ ગયા.

કુરુક્ષેત્રની રણભુમિમાં કૌરવ-પાંડવ સેનાઓ વ્યુહરચનામાં ગોઠવાય ગઈ, અર્જુને કહ્યું, ''કેશવ ! મારા રથને બન્ને સેનાઓની વચ્ચે લઈ જાઓ. હું જોઈ તો લઉ કે મારે કોની-કોની સાથે યુદ્ધ કરવાનું છે.'' સેનાઓનું નિરીક્ષણ કરતા જ અર્જુન ધ્રુજવા લાગ્યો. તે બોલ્યો - ભગવાન્ ! હું આ યુદ્ધ નહીં કરું.ભલે શસ્ત્રધારી કૌરવો મને રણભૂમિમાં હણી નાખે. મરવું શ્રેયકર છે પરંતુ ગોવિંદ ! હું યુદ્ધ નહીં કરુ, આ અધર્મ છે; કેમ કે 'कुलधर्माः सनातनाः' -કુળધર્મ સનાતન છે. યુદ્ધ કરવાથી સનાતન ધર્મ નષ્ટ થઈ જશે. 'जातिधर्मा शाश्वताः' - જાતિ ધર્મ શાશ્વત છે, યુદ્ધ કરવાથી શાશ્વત ધર્મ નષ્ટ થઈ જશે. કુળની સ્ત્રીઓ દુષિત થશે. વર્ણશંકર પ્રજા જન્મશે જે કુળ અને કુળઘાતિઓને નર્કમાં લઈ જવા માટે જ હોય છે. યુદ્ધથી થવાવાળા ભીષણ નરસંહારથી પિંડોદક ક્રિયા લુપ્ત થઈ જશે. પિતૃ ભુખ્યા રહી જશે'' - અર્જુન તર્ક કરવા લાગ્યો.

અર્જુને કહ્યું - આપણે લોકો સમજદાર હોવા છતા પણ મહાન પાપ કરવાં જઈ રહ્યાં છીએ, જે રાજય અને સુખના લોભમાં પોતાના જ કુળનો સંહાર કરવા તત્પર છે. શા માટે આપણે આ પાપથી બચવાનો ઉપાય ન વિચારીએ. હું જ ભૂલ કરુ છું - એવી વાત નથી. તમે પણ ભુલ કરવા જઈ રહ્યાં છો, શ્રી કૃષ્ણ પર પણ આરોપ મુકયો. હજુ તે સમજમાં પોતાને શ્રીકૃષ્ણથી જરાય ઓછો આંકતો નથી. ધનુર વિદ્યામાં પોતાને કદાચ

સર્વશ્રેષ્ઠ જ માનતો હતો. અર્જુને કહ્યું કે ભલે કૌરવ ન સમજે પરંતુ આપણે તો સમજદાર છીએ. આવુ કહી ધનુષ બાણનો ત્યાગ કરી રથના પાછળના ભાગમાં બેસી ગયો.

પોતાની સમજણ પ્રમાણે તો અર્જુન અહિંસાનો જ આગ્રહી હતો કેમ કે તે કેટલાય કરોડ લોકોની હત્યાને રોકી રહ્યો હતો. પરંતુ ભગવાને કહ્યું - જો તું આ ધર્મમય સંગ્રામ નહીં કરે તો સ્વધર્મ, કીર્તિ અને યશ પણ ખોઈને પાપને પ્રાપ્ત કરીશ. અર્જુન કહે છે કે યુદ્ધ કરવું પાપ છે, ભગવાન કહે છે કે યુદ્ધ ન કરવુ તે પાપ છે. તેથી વિચારણીય છે કે અહિંસા શું છે ? ભગવાને કહ્યું - અર્જુન ! પંડિતજન જેઓના પ્રાણ ચાલ્યા ગયા છે તેમના માટે શોક નથી કરતાં કેમ કે શરીરની જે રીતે બાળપણ, યુવાની, પૌઢાવસ્થા અને વૃધ્ધાવસ્થા થાય છે એ જ રીતે અલગ-અલગ શરીરોની પ્રાપ્તિ થાય છે. એક શરીર છુટયું, બીજી અવસ્થા તૈયાર; તેથી,પંડિતજન શોક કરતાં નથી.

અર્જુન ! શરીર નાશવાન(મરણધર્મા) છે, જેનું કોઈ અસ્તિત્વ નથી. આત્મા જ સત્ય છે, શરીર ક્ષણભંગુર છે, અનિત્ય છે, તેથી તું યુદ્ધ કર.સંપૂર્ણ ગીતામાં ભગવાને યુદ્ધનું માત્ર એક જ કારણ બતાવ્યું કે શરીર નાશવાન છે માટે તું યુદ્ધ કર,તો શું પાંડવ-પક્ષના શરીર અવિનાશી હતા? અડધા સગા-સંબંધી પેલી બાજુ હતા અને અડધા આ બાજુ હતા,બધા જ સંબંધી હતા.આ આદેશથી એ સ્પષ્ટ થતુ નથી કે અર્જુન માત્ર કૌરવોને જ મારે.તેને તો જયાં શરીર દેખાય ત્યાં બાણ ચલાવવા જોઈતા હતા.

આનાથી વધારે શું શરીર મારવાથી મરી જશે ?

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृहणाति नरोऽपराणि
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही (ગીતા, ૨ / ૨૨)

ભૂત વગેરેનો સ્વામી આત્મા શરીરરૂપી જૂના વસ્ત્રને ત્યાગીને નવુ શરીર ધારણ કરી લે છે. શરીર એક વસ્ત્ર છે. આત્મા એક શરીર બદલીને બીજૂ ધારણ કરી લે છે. જીર્ણ-શીર્ણ(જર્જરીત) વસ્ત્ર બદલીને નવુ વસ્ત્ર ધારણ કરી લે છે,તો બાળકો કેમ મરી જાય છે ? તે નવા વસ્ત્રોને તો હજુ વિકસીત થવુ હતું. ખરેખર તો સંસ્કાર(પ્રારબ્ધ) જ શરીરની જીવન શકિત છે. સંસ્કાર બે દિવસના છે તો શરીર બે દિવસમાં જ જીર્ણ

થઈ ગયું. સંસ્કાર સમાપ્ત તો શરીર ધારણ કરવાનું કારણ પણ સમાપ્ત થઈ જાય છે માટે મારવા-કાપવાથી શરીર કયારેય મરે નહીં. શનૈઃ-શનૈ(ધીમે ધીમે) ભજન(આરાધના) કરતાં કરતાં અંતિમ સંસ્કારનું નષ્ટ થઈ જવુ અને શરીર ધારણ કરવાનું કારણ નષ્ટ થઈ જવું એક જ સાથે બને છે.કોઈ સંસ્કાર જરા પણ શેષ છે,જેવો સંસ્કાર છે તેવો પિંડ (શરીર) તૈયાર થઈ જશે, શરીર મળશે. તેથી જ અંતિમ સંસ્કારનું કપાઈ જવુ અને શરીર બનવાનું કારણ સમાપ્ત થઈ જવું એક જ વાત છે અને તે જ શરીરનો અંત છે. સ્મૃતિ પટલ પર તે જ ઉદ્વેગ ઉઠે છે જે સંસ્કારોમાં હોય છે. સંસ્કાર શેષ(બાકી) નથી તો ચિતવૃતિ(મનનું વલણ) શાંત પ્રવાહિત થઈ જાય છે. તે જ મનની નિરોધાવસ્થા(મનનું મરી જવુ) છે.તે નિરોધની સાથે જ શરીર હોવાના કારણોનો પણ નિરોધ થઈ જાય છે અને પુરુષ પરમતત્વ પરમાત્માનો સાક્ષાત્કાર કરી લે છે. આ સ્તર પર યુદ્ધ પુર્ણ થાય છે અને શાશ્વત વિજય મળી જાય છે. આ ધારણા પ્રમાણે જીવોને મારવાથી કોઈ ક્ષતિ થશે નહીં. જીવાત્માને વસ્ત્ર તો બદલવુ જ હતું તો કેવી હત્યા ? શું વસ્ત્ર બદલવુ હત્યા છે ? વસ્ત્રમાં પ્રાણ છે શું ? તેથી વિચાર કરો કે અહિંસા શું છે ?

ગીતા પ્રમાણે, સંસારમાં ન કોઈ શત્રુ છે ન મિત્ર. એક આત્મા જ સત્ય છે.વિધાતા અને તેનાથી ઉત્પન્ન થયેલ આ સૃષ્ટિ નશ્વર છે. -

**आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन**
**मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते** (ગીતા, ૮/૧૬)

સૃષ્ટિના સર્જનહાર વિધાતા અને તેમનાથી ઉત્પન્ન ચરાચર જગત પરિવર્તનશીલ, દુઃખોની ખાણ અને ક્ષણભંગુર છે. સમય પસાર થતા બ્રહ્મા પણ ત્રિલોક સાથે શાંત થઈ જાય છે; પરંતુ હે અર્જુન! મારો ભકત કયારેય નષ્ટ થતો નથી. શરીરોની સીમા વિધાતા સુધી છે.

ખરેખર તો આત્મા જ સત્ય છે, પરમતત્વ છે. તે જ સનાતન પુરુષ છે; કાળથી પણ પર અમૃત સ્વરૂપ છે. આ આત્માના સાક્ષાત્કારની ચોકકસ વિધિ(યોગવિધિ)નું નામ યજ્ઞ છે. આ યજ્ઞમાં ઘણા બધા યોગી ઈન્દ્રિયોના બહિર્મુખી પ્રવાહનો સંયમરૂપી અગ્નિમાં હવન કરે છે. અપાનનો પ્રાણમાં હવન કરે છે અને ધીમે ધીમે 'प्राणापान गती रूद्ध्वा प्राणायाम परायणः ' પ્રાણાપાનની ગતીને રોકીને પ્રાણાયામ પરાયણ થઈ જાય છે.જ્ઞાનઅગ્નિ, યોગાગ્નિ, સંયમાગ્નિ, પ્રાણ-

અપાન અગ્નિ - અહિં ભૌતિક અગ્નિ સળગતો નથી. અગ્નિ તો ઉદાહરણ માત્ર છે. જે રીતે અગ્નિમાં દરેક વસ્તુ રાખ થઈ જાય ઠીક તે જ પ્રકારે સંયમ પણ એક અગ્નિ છે જેમાં ઈન્દ્રિયોના બહુર્મુખી પ્રવાહ સદાને માટે શાંત થઈ જાય છે. પ્રાણાયામ એક એવો અગ્નિ છે જેમાં પ્રાણોના વહેવાર પર સદાને માટે વિરામ લાગી જાય છે. તે અવસ્થામાં મનમાં સારા-ખરાબ ઉદ્વેગ ઉઠતા નથી અને તે જ મનની નિરોધાવસ્થા છે અથવા મનનું શાંત થવુ છે.

સારાંશ તે જ કે યોગ -વિધિ યજ્ઞ છે અને આ યોગવિધિને કાર્યનું રૂપ આપવુ તે જ 'કર્મ' છે.કર્મનો હેતુ છે આરાધના,કર્મનો હેતુ છે ચિંતન.કર્મ પર પ્રકાશ પાડતા ભગવાને કહ્યું કે તે આત્માનો સાક્ષાત્કાર કરાવે છે. તે નિયત કર્મ છે, યજ્ઞાર્થ કર્મ છે. યજ્ઞને કાર્યરત કરવો તે જ કર્મ છે. **'अन्यत्र लोकोऽयं कर्मबंन्धनः'** યજ્ઞ સિવાય જે પણ કંઈ કરવામાં આવે છે,આ લોકનું બંધનકારી કર્મ છે. આ કર્મ **'मोक्ष्यसेऽशुभात'** - તમને અશુભ અર્થાત સંસાર - બંધનથી મુકિત પ્રદાન કરે છે.

અર્જુન! તે કર્મ કર્યા વગર આ સૃષ્ટિમાં ન તો મને કોઈ પ્રાપ્ત કરી શકયું છે અને ન ભવિષ્યમાં કરી શકશે.આપણે કર્મ કરતાં જ રહીશું કે કયારેક તેનાથી છૂટકારો પણ મળશે ? તે વાત પર ભગવાન કહે છે,કર્મોના પરીણામમાં જેઓને આત્મા વિદિત છે,જે આત્મતૃપ્ત છે, આત્મ સ્થિત છે તે મહાપુરુષ માટે થોડુ પણ કર્મ શેષ નથી.તેઓને હવે કર્મ કરવાથી ન તો કોઈ લાભ છે અને કર્મ છોડી દેવાથી ન તો કોઈ નુકસાન છે,છતાં પણ તે મહાપુરૂષ પાછળ આવવાવાળાના હિતની ઈચ્છાથી ભલી પ્રકારે કર્મમાં વર્તે છે. તેઓ માટે હવે આ સંસારની પ્રાપ્ત કરવા યોગ્ય કોઈ વસ્તુ અપ્રાપ્ત નથી. આગળ કોઈ સતા છે જ નહીં તો કામના કોની કરે ? આવા મહાપુરૂષો સાથે પોતાની તુલના કરતા ભગવાને પોતાનો પરિચય આપ્યો ''અર્જુન ! મારા માટે પણ ત્રણેય લોકમાં કોઈ પણ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ત નથી. કર્મ કરવાથી મને ન તો કોઈ લાભ છે અને છોડી દેવાથી ન તો કોઈ હાની છે છતાં પણ હું પાછળ આવવાવાળાના હિતની ઈચ્છાથી ભલી પ્રકારે કર્મમાં વર્તુ છું. જો હું સાવધાન થઈને કર્મ ન કરૂ તો સમાજ પણ મારુ અનુકરણ કરીને ભ્રષ્ટ થઈ જશે. આ પ્રમાણે મહાપુરૂષ સાથે પોતાની તુલના કરી ભગવાને સ્પષ્ટ કર્યુ કે તેઓ યોગેશ્વર હતા, સદ્ગુરૂ હતા. પહેલા સ્વરૂપમાં સ્થિત મહાપુરૂષનો પરીચય આપ્યો, પછી તેઓ સાથે સરખામણી

કરતાં પોતાનો પરીચય આપ્યો. જો સાવધાન થઈ તે મહાપુરૂષ કર્મ ન કરે અથવા હું કર્મ ન કરૂ તો સમાજ એવું જ કરવા લાગી જશે. સમાજ વર્ણશંકર થઈ જશે અને હું આ પ્રજાનું હનન કરવાવાળો, મારવા વાળો બનું.

**उत्सीदेयुरिमे लोका न कुर्या कर्म चेदहम्**
**संकरस्य च कर्ता स्यामुपहन्यमिमाः प्रजाः** (ગીતા, ૩/૨૪)

જો મહાપુરૂષ સાવધાન થઈ નિયત કર્મમાં ન લાગે અથવા લોકોને નિયત કર્મમાં પ્રવૃત ન કરે તો બધી જ પ્રજાનું હનન કરવાવાળા બને. સાધના પથ પર ચાલીને તે મૂળ અવિનાશીની પ્રાપ્તિ જીવન છે અને પ્રકૃતિમાં ભટકી જવું મૃત્યુ છે. જો મહાપુરૂષ પ્રજાને ક્રિયા-પથ પર ન ચલાવે તો તે બધાના હત્યારા છે, હિંસક છે અને ખુદ ચાલતા-ચાલતા બીજાને ચલાવે, તે શુધ્ધ અહિંસક છે. ગીતા પ્રમાણે શરીરનું(નશ્વર કલેવરોનું )નિધન માત્ર વસ્ત્ર પરીવર્તન છે, હિંસા નહીં.

સંસારમાં સ્ત્રીઓના બદચલનથી વર્ણસંકર સાંભળવામાં આવે છે; પણ આ કેવા વર્ણસંકર કે કોઈ સ્વરૂપસ્થ મહાપુરૂષ તમને કર્મમાં વર્તતા ન કરે તો વર્ણસંકર થઈ જશો ? ખરેખર **'हंसा तू सुबरन बरन'** આ આત્માનો વર્ણ શુદ્ધ છે જે શાશ્વત નિત્ય તત્વ છે, તે જ વર્ણ છે. **'ईश्वर अंस जीव अबिनासी'** - જેઓ તે નિત્ય સ્વરૂપની તરફ અગ્રેસર હતા,તેઓમાં ભ્રમ ઉત્પન્ન થઈ જાય છે, તેથી તેઓ પ્રકૃતિમાં ભટકી જાય છે અને તે જ વર્ણ સંકર થવુ છે. હું વર્ણસંકરનો કર્તા અને પ્રજાનું હનન કરવાવાળો બનું.તેથી આત્મપથ પર આગળ વધવુ અહિંસા છે અને આત્મપથથી વંચિત રહેવું, વિકારોમાં ભટકી જવું હિંસા છે. શુધ્ધ અહિંસક તે મહાપુરૂષ છે જેઓએ આત્માનો સાક્ષાત્કાર કરી લીધો છે અને જેઓ તે પથ પર ખૂદ ચાલતા-ચાલતા બીજાને પણ ચલાવવાની ક્ષમતા રાખે છે.

ગીતાના અઢારમાં અધ્યાયના તેરમાં-ચૌદમાં શ્લોકમાં ભગવાન કહે છે કે અર્જુન ! શુભ અને અશુભ પ્રત્યેક કાર્યના થવામાં પાંચ કારણ છે - કર્તા(અર્થાત મન), પૃથક-પૃથક કરણ, વિવિધ પ્રકારની ચેષ્ટાઓ,આધાર તથા દૈવ.કર્તા આ મન છે.વિવિધ પ્રકારના કરણ(જેના દ્વારા કરાય છે તે જો શુભ હોય તો શ્રધ્ધા,સમર્પણ,એક પરમાત્મામાં નિષ્ઠા,ધારણા-ધ્યાન-સમાધિ,ઈન્દ્રિયોનું શમન, મનનું દમન, એકાગ્રતા)-આ કરણ છે. જેના દ્વારા તેમાં તમે કાર્યરત થશો.(જેના દ્વારા કરાય છે તે

જો અશુભ હોય તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ્, મત્સર, અહંકાર, અનંત ઈચ્છાઓ, અનંત વાસનાઓ) - આ કરણ હશે. ઈચ્છાઓ અનંત છે પરંતુ તે ઈચ્છા ગતીશીલ હોય છે અને જેને આધાર અને અવસર મળી જાય તે કાર્ય રૂપ લઈ લે છે.પાંચમો હેતુ છે દૈવ. શુભ અથવા અશુભ કાર્ય થવામાં આ જ પાંચ માધ્યમ છે.

આમ હોવા છતાં પણ જે કૈવલ્યસ્વરૂપ, કલ્યાણતત્વ પરમાત્માને કર્તા કહે છે , તે મુઢબુધ્ધિ યથાર્થ નથી જાણતા અર્થાત ભગવાન કંઈ કરતાં નથી;પરંતુ અઢાર અક્ષૌહિણી સેનામાં (જનસમુહમાં) અર્જુન એક એવા ધરાતલ પર ઉભો હતો જેના માટે ભગવાન ખૂદ છાતી ઠોકીને ઉભા થઈ ગયા કે **'निमितमात्रं भव सव्यसाचिन्'** - અર્જુન ! તું નિમિત માત્ર બનીને માત્ર ઉભો રહે, કર્તા-હર્તા તો હું છું. વિજય તારો જ થશે. આ મારા દ્વારા મરેલા જ છે. તે મૃતપ્રાય લોકોને મારીને યશ પ્રાપ્ત કર. કાર્ય હું કરી દઈશ અને યશ તું લઈ લે કે વિજય અર્જુને અપાવ્યો. અહિં ભગવાન અર્જુન માટે ઉભા થઈ ગયા.

સાધના પથમાં એક સીમા-રેખા છે. જયાં સુધી સાધક તેની નીચે રહે છે. પ્રકૃતિ કાર્ય કરે છે,ઈચ્છા પડે તેમ નાચ નચાવે છે તેના માટે આ જ પાંચ કરણ હોય છે.સાધક પ્રકૃતિ અને પુરૂષની વચ્ચેનો અડધો રસ્તો કાપી લે છે તે પછી કર્તા-હર્તા ભગવાન થઈ જાય છે.સાધક તો ફકત નિમિત માત્ર, યંત્ર માત્ર થઈને રહી જાય છે. તેના દ્વારા જે ઈશ્વરનો પાર પામે છે, તે પ્રેરક પ્રભુની દેન હોય છે;પરંતુ શ્રમ સાધકને જ કરવો પડે છે-તેથી યુધ્ધ કર પરંતુ જે યુધ્ધ દ્વારા તે પાર પામી જાય છે, તે તો તે રક્ષક પ્રભુની જ દેન છે;પરંતુ પ્રત્યેક પરિસ્થિતીમાં યુધ્ધ કરવાનું છે, વિકારોને મારવાના છે.

અધ્યાય ૧૮ / ૫૫ માં તેઓ કહે છે - અર્જુન ! તું મારા આ આદેશનું પાલન કરીશ તો ઈન્દ્રિયોના સંપૂર્ણ કિલ્લાઓને સારી રીતે પાર કરી જઈશ અને જો અહંકાર અથવા મોહવશ મારા આદેશને નહીં માને તો પૂરી રીતે નષ્ટ થઈ જઈશ.અર્થાત યુધ્ધ ન કરવાવાળા પૂરી રીતે નષ્ટ થઈ જાય છે,આદેશ માત્ર યુધ્ધનો છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે, '' અર્જુન! આત્મા જ શત્રુ અને આત્મા જ મિત્ર છે. જે પુરૂષો દ્વારા મનસહિત ઈન્દ્રિયો જીતી લેવામાં આવી છે તેઓના માટે તેઓનો આત્મા મિત્ર બનીને મિત્રતામાં વર્તે છે. પરમ-કલ્યાણ કરવાવાળો હોય છે અને જે

પુરૂષો દ્વારા મનસહિત ઈન્દ્રિયો જીતાય નથી તેઓ માટે તેઓનો જ આત્મા શત્રુ બનીને શત્રુતામાં વર્તે છે; અધોગતિ, નીચ યોનિઓમાં ફેકવાવાળો હોય છે. તેથી મનુષ્યે પોતાના દ્વારા પોતાના આત્માનો ઉધ્ધાર કરવો જ જોઈએ;આત્માને અધોગતિમાં ન જવા દેવો જોઈએ. આત્માનો ઉત્કર્ષ જ અહિંસા છે અને આત્માનું હનન જ હિંસા છે.

**अहिंसा समता तुष्टिस्तपो दानं यशोडयशः**
**भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः** (ગીતા,૧૦/૫)

દૈવી સંપતિ અર્જીત કરેલા પુરૂષના લક્ષણો બતાવતા અહિંસા શબ્દનો પ્રયોગ છે.(ગીતા, ૧૬/ ૨),તે જ રીતે તપમાં પ્રવૃત પુરૂષના લક્ષણોમાં અહિંસા છે(ગીતા ૧૭/૧૪).અહીં અધ્યાય દસમાં યોગેશ્વર કહે છે કે મનનું શમન, ઈન્દ્રિયોનું દમન, પરમાત્માની જાગૃતિ, પ્રકૃતિથી નિર્ભયતા અને અહિંસા વગેરે ભાવ મારાથી થાય છે. પ્રેરકના રૂપમાં(સારથી બનીને) જયારે તે સ્વયં ઉભા થાય છે ત્યારે સિધ્ધ થાય છે. આંતરિક સાધનાઓમાં એક અહિંસા પણ છે. અહિંસાનો બાહ્ય જગતમાં કોઈ ઉપયોગ નથી. અહિંસા સ્મરણથી સિદ્ધ થવાવાળો એક અંતર્મનનો સંયમ છે. તે યોગ-સાધનાનું અંગ છે. સામાજીક વ્યવહારનો આ શબ્દ જ નથી. સમાજમાં જેઓ અહિંસા, અહિંસા કરે છે કે કોઈપણ જીવને હેરાન ન કરો, આવુ ન કરો - એક ભ્રાન્તિ (ભ્રમ) માત્ર છે. ધર્મના સાચા જાણકારોની ગેરહાજરીમાં આ ભ્રમોનો ફેલાવો થઈ જતો હોય છે.ખરેખર આત્મ-પરિણામની રક્ષા અહિંસા છે. જે સાધનાનું પરીણામ આત્મ-સાક્ષાત્કાર છે. તેમાં વિધ્નકારક વિકારોનું સક્રિય થવુ હિંસા છે અને આ વિકારોનો અંત લાવવો અહિંસા છે.

તમે બધા તમારું મૂળ ધર્મશાસ્ત્ર શ્રીમદ્ ભગવદ્ગીતા ભાષ્ય 'યથાર્થ ગીતા' વાંચો, અભ્યાસ કરો. અહિંસાની આ અવસ્થા સંયમ સધાતા જ તમારા બધામાં સહજ જ આવી જશે.

॥ ॐ ॥

# ધર્મશાસ્ત્ર

શ્રીમદ્ ભગવદગીતા સૃષ્ટિનું આદિશાસ્ત્ર છે. ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું,"અર્જુન ! આ અવિનાશી યોગને આરંભમાં મેં સુર્યને કહ્યો (ગીતા,૪/૧). (કદાચ ગીતાનું પુરાતન નામ અવિનાશી યોગ હતો. એવી વિદ્યા જો અવિનાશી પરમાત્મા સાથે યોગ (જોડાણ) કરાવી દે,તે જ ધર્મની પરીભાષા પણ છે-(**धारयति इति धर्मः**) સુર્યએ તેમના પુત્ર આદિ મનુને કહ્યો. મહારાજા મનુએ પોતાની સ્મૃતિમાં ધારણ કરીને સ્મૃતિની પરંપરા આપી(મતલબ તે યાદ રાખેલ યોગને વારસાગત આપી ચલાવ્યો).તેઓએ પોતાના પુત્ર ઈક્ષ્વાકુને કહ્યો,તેમનાથી રાજર્ષિઓએ જાણ્યો, તે મહત્વપુર્ણ કાળથી આ અવિનાશી યોગ લુપ્ત થઈ ગયો હતો. તે જ હું તને કહેવા જઈ રહ્યો છું.પહેલા પણ મેં જ કહ્યો હતો. આ પરમાત્માના શ્રીમુખની વાણી છે. જેને સાંભળીને અર્જુને કહ્યું -

**नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत**
**स्थितोडस्मि गतसन्देहः करिष्ये वचनं तव** (ગીતા,૧૮/૭૩)

હે અચ્યુત ! મોહથી ઉત્પન્ન થયેલ મારુ અજ્ઞાન નષ્ટ થઈ ગયું. સ્મૃતિની જે (પરંપરા) વારસો મહારાજા મનુએ આપ્યો હતો,મને તે સ્મૃતિ પ્રાપ્ત થઈ ગઈ છે. હું તમારા આદેશનું પાલન કરીશ. તેણે ધનુષ ઉઠાવી લીધુ, યુદ્ધ થયુ. અર્જુનનો વિજય થયો, ધર્મ-સામ્રાજયની સ્થાપના થઈ. ધર્માત્મા નરેશ યુધિષ્ઠિર સિંહાસન પર બેઠા અને ફરીથી તે એક ધર્મશાસ્ત્ર પ્રસારિત થઈ ગયું જે આરંભમાં હતું. સૃષ્ટિના આરંભમાં આપનું ધર્મશાસ્ત્ર ગીતા હતી-તે વિસરાઈ ગઈ તો દ્વાપરમાં ફરીથી પ્રસારિત થઈ અને આજે પણ દસેક હજાર ટીકાઓની વચ્ચે જયારે ગીતાનો આશય લુપ્ત થઈ રહ્યો હતો,ગીતાભાષ્ય 'યથાર્થ ગીતા' ના રૂપમાં વિશ્વભરમાં ફેલાયેલા બિનનિવાસી ભારતીયો, ભારતીય ધર્માચાર્યો, વિદ્વત પરિષદ તથા વિવિધ પંથના લોકોએ એક જ સુરથી શ્રીમદ્ ભગવદ્ગીતાને માનવ ધર્મશાસ્ત્ર ઘોષિત કરી દીધી. ગીતા જ વિશુધ્ધ મનુ સ્મૃતિ છે. તે જ તેઓને વારસામાં મળી હતી અને મનુથી જાણવામાં આવેલ હોવાથી વિશ્વના માનવ માત્રનું ધર્મશાસ્ત્ર ગીતા જ છે.

# મહાભારત પ્રમાણે અહિંસા

**અહિંસાવ્રતી પાંડવઃ**

મહાભારત, વનપર્વના સ્વપ્નોદ્‌ભવ પર્વમાં છે કે વન્ય જીવ-જંતુઓને મારવા એ જ પાંડવોનો પ્રધાન શોખ હતો. એક દિવસ દ્વૈતવનના પશુઓએ કુંતીનંદન યુધિષ્ઠિરને સ્વપ્નમાં આવીને નિવેદન કર્યુ કે શૂરવીર પાંડવોના આખેટ (શિકાર)થી વન્ય જીવોની વંશ પરંપરાના માત્ર એક એક જીવ શેષ રહ્યાં છે. તેઓની પ્રજાતિ હવે લુપ્ત થવાને આરે છે, તેથી પાંડવ કૃપા કરીને પોતાનું નિવાસ સ્થાન બીજે બનાવે. યુધિષ્ઠિરે તેઓની વિનંતીનો સ્વીકાર કર્યો અને કામ્યક વન તરફ પ્રસ્થાન કર્યુ. સ્મૃતિ-ગ્રંથોની વ્યવસ્થા પ્રમાણે પાંડવોનું તે કૃત્ય જઘન્ય હિંસા હતી પરંતુ પાંડવોને તેનું પાપ ન લાગ્યુ. પાપીઓ માટે નર્કનું વિધાન છે પરંતુ પાંડવ પરમધામમાં જોવા મળ્યા.

આદિપર્વના ઉપખંડમાં ખાંડવ-દાહનો પ્રસંગ છે.ભગવાનશ્રી કૃષ્ણ અને અર્જુન ઈન્દ્ર-પ્રસ્થની સામે યમુના તટ પર બિરાજમાન હતા. તે જ સમયે અગ્નિદેવ એક બ્રાહ્મણના વેશમાં તેઓની સામે ઉપસ્થિત થયા, ભીક્ષાની માગણી કરી. અર્જુને પુછયું - "વિપ્રવર ! તમે કેવી ભીક્ષા પસંદ કરશો ? તેઓએ જવાબ આપ્યો - "હું સાધારણ બ્રાહ્મણ નથી. હું અગ્નિ છું. મારી જઠરાગ્નિ મંદ થઈ ગઈ છે. આ ખાંડવ વનમાં એવી વનસ્પતિઓ છે જેનાથી મારી જઠરાગ્નિ ફરીથી પ્રદિપ્ત થઈ જશે." અર્જુને પુછયું -"તમે વનવિભાગને પેટમાં પધરાવી લો. કોઈને કંઈ આપતિ  છે શું ?"

અગ્નિદેવે કહ્યું -પ્રયત્ન તો મેં પણ ઘણી વાર કર્યો પરંતુ દેવરાજ ઈન્દ્ર વરસાદની ઝડી લગાડીને જવાળાઓને ઠારી નાખે છે." અર્જુને જાણવા માંગ્યુ કે દેવરાજ એવું શા માટે કરે છે ? અગ્નિએ કહ્યું : " તેઓનો એક મિત્ર તક્ષક આ જંગલમાં રહે છે તેના સ્નેહવશ ઈન્દ્ર આવું  વિધ્ન નાખે છે." અર્જુને અગ્નિને આશ્વાશન આપ્યુ. સમગ્ર વનમાં આગ લાગી (અગ્નિ પ્રજવલિત થઈ ગયો) વન્ય જીવ-જંતુ અગ્નિથી બચવા આમ-તેમ ભાગવા લાગ્યા, અગ્નિએ કહ્યું :" અર્જુન! કોઈ પણ પશુ પક્ષી ભાગવા ન જોઈએ"(ચટણી-અથાણુ અને સલાડ વગર ભોજન કેવું ?) અર્જુન ભાગવા માંગતા પશુ પક્ષીઓને બાણથી પાડી દેતો. બાણથી એક નાગણની પુંછડી કપાઈ ગઈ.પ્રસૂતી કરવા જતી તે નાગણે એક નાગને જન્મ આપ્યો

અને તે કોઈ પણ પ્રકારે જીવ બચાવી ભાગી ગયો અને સમય જતા કર્ણના માધ્યમથી તેણે અર્જુન સામે બદલો લેવાની કોશિશ કરી. એક અસુરે ભગવાન શ્રી કૃષ્ણનું શરણ લીધુ, ભગવાને તેને અભય અપાવ્યુ. ઈન્દ્રે વરસાદથી અગ્નિને શાંત કરવાનો પ્રયાસ કર્યો; પરંતુ અર્જુને દિવ્ય બાણોથી દેવરાજના મનોરથને નિષ્ફળ બનાવી દીધો. ઈચ્છિત ભોજનથી તૃપ્ત અગ્નિદેવ ખૂબ જ પ્રસન્ન થયા. તેમણે અર્જૂનને દિવ્ય રથ, અક્ષય ભાથુ(તુણીર), દિવ્ય ધનુષ્ય તથા ભગવાન શ્રી કૃષ્ણને ચક્ર ભેટમાં આપ્યા.વિચારવા લાયક છે કે વન પ્રાન્તમાં કેટલા જીવ-જંતુ,કીડી-મકોડા,કેટલા કીટાણું હોય છે ?ભગવાનની સામે જ અર્જુને જીવ-સંહારમાં સક્રિય સહયોગ આપ્યો.

આટલા જીવોનો સંહાર કરવાવાળા અર્જુનને તો નર્કમાં જવુ જોઈતુ હતું. પરંતુ ભગવાન શ્રી કૃષ્ણ દરેક ક્ષણે તેમના રક્ષકના રૂપમાં હતા, તેમના સારથી બની ગયા. કહેવા લાગ્યા 'निमित मात्रं भव सव्यसाचिन्' -અર્જુન ! તું નિમિત માત્ર બનીને ઉભો રહે.મારા દ્વારા હણાયેલા આ શત્રુઓને માર વિજય તારો જ થશે અને થયો પણ!

પાંડવ જયારે જયારે સંકટમાં પડયા, ભગવાન ચતુર્ભુજ તેઓની સુરક્ષા-વ્યવસ્થામાં ઉપસ્થિત જ મળ્યા. વનપર્વના અજગર પર્વમાં છે કે શિકાર પર ગયેલ ભીમ એકવાર સાંજ સુધી પાછો ન ફર્યો. યુધિષ્ઠિરે કહ્યું ,'' મને અપશુકન થઈ રહ્યાં છે. મારો ડાબો હાથ ફડકી રહ્યો છે. અહિં બધા હાજર છે, માત્ર અનુજ(નાનો ભાઈ) ભીમ ગેરહાજર છે. ભીમ સંકટગ્રસ્ત હોય એમ લાગે છે. મહર્ષિ ધૌમ્યને લઈને યુધિષ્ઠિર ભીમને શોધવા નીકળી પડયા.

ઘોર જંગલમાં કોઈ વ્યકિતને શોધી કાઢવી કેટલું અઘરુ કામ છે, તે પણ એવા જંગલમાં જયાં કોઈ દિવસ કુહાડી ન ચાલી હોય, છતાં પણ ભીમ જેવા વ્યકિતને શોધી લેવો આસાન હતો. જે રસ્તેથી ભીમ ગયો હતો, તેમના પ્રહારથી પ્રભાવીત હજારો ભેંસ, સિંહ, ગેડાં, હાથી દર્દથી કણસી રહ્યાં હતા.કેટલાક મરી ચુકયા હતા. હજારો વૃક્ષો ઉખડેલા પડયા હતા.તે જ પદચિન્હોનું અનુસરણ કરતાં યુધિષ્ઠિર ત્યાં પહોંચી ગયા જયાં એક અજગરથી વિંટળાયેલ ભીમ મુર્છિત અવસ્થામાં પડયો હતો. અજગર વેશધારી મહારાજ નહુષને 'વિપ્ર'(બ્રાહ્મણ)ની વાસ્તવિક વ્યાખ્યા સંભળાવી યુધિષ્ઠિરે તેઓને શાપ મુકત કરાવ્યા.આમ,શિકારનો શોખિન ભીમ! શિકાર

પ્રેમી બધા જ પાંડવ ! જો જીવ મારવો હિંસા છે,પાપ છે તો ભગવાન હમેંશા તેઓના રક્ષક અને સહાયક કેમ છે ?પાંડવોની અસાધારણ પ્રતિજ્ઞાઓ ભગવાનના વરદ હાથોની સહાયથી પૂરી થઈ. વરદાનના કવચથી સુરક્ષિત જયદ્રથની સુરક્ષા-વ્યવસ્થાને તહસ-નહસ કરી ભગવાને અર્જુનનું પ્રણ પુર્ણ કર્યુ.

એકવાર ભીમે ભીષણ પ્રતિજ્ઞા કરી કે દ્રૌપદીની સામે ઈશારો કરી(દ્રૌપદીને બતાવીને) દુર્યોધને પોતાની જે જાંઘને થપથપાવી છે, યુદ્ધ ભુમીમાં ગદાથી હું તે જાંઘને તોડીશ. ભીમે જયારે પ્રતિજ્ઞા કરી ત્યારે દુર્યોધન હાડમાંસનો એક સામાન્ય જેવો જ માણસ હતો;પરંતુ જયારે પ્રતિજ્ઞા પૂરી કરવાનો સમય આવ્યો, ત્યારે ગાંધારીની દિવ્યદ્રષ્ટિથી વજ્ર થઈ ચુકયો હતો. શરીરમાં કયાંય કઈ પૂર્વવત રહી ગયુ હતું તો તે તેની જાંઘ હતી. તેનો માર્ગ પણ ભગવાન શ્રી કૃષ્ણએ જ કાઢયો.સતત અભ્યાસના પ્રભાવથી દુર્યોધનને જીતવો અશકય હતો પરંતુ અર્જુનને પ્રેરણા કરીને ભગવાને તેને ભીમની પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવી દીધુ જેનાથી ભીમની પણ પ્રતિજ્ઞા પુરી થઈ. કદાચ જો દુર્યોધન સંપૂર્ણ વજ્ર થઈ જાત તો ભીમની પ્રતિજ્ઞા પુરી થઈ શકી હોત ? આમ, જો જીવ-વધ હિંસા છે(જેવુ કે સ્મૃતિઓમાં છે), પાંડવ હમેંશા જીવ-વધમાં પ્રવૃત છે છતાં તેઓને ભગવાનનું સંરક્ષણ કેમ પ્રાપ્ત છે ?

અભિમન્યુ રણભુમિમાં હણાયો, પાંડવ સેના આંસુ સારતી પાછળ હટવા લાગી. સૈનિકોને આશ્વાસન આપતા ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું, " શૂરવીરો! અભિમન્યુ માટે શોક ન કરો. અભિમન્યુએ દશ હજાર મુકુટધારી મહારથી રાજકુમારોનો વધ કર્યો છે. તેણે મહાન પૂણ્ય કમાયુ છે. (વિચાર કરો આ દસ હજાર જીવો(યોધ્ધાઓ)નો વધ પાપ છે કે પુણ્ય ?) સૈંકડો રથારુઢ યોધ્ધાઓથી અભિમન્યુનું તેજ સહન ન થતા ભાગતા દેખાયા. તેના બાણોએ હજારો ઘોડેસવારોનો વધ કર્યો છે એટલા માટે તે પુણ્ય કરવાવાળા પુણ્યવાનોના લોકમાં ચાલ્યો ગયો. તે સ્વર્ગમાં બેઠો છે, તેના માટે શોક ન કરો, પરાક્રમ પ્રગટ કરો. ચાલો તમે પણ સ્વર્ગ !" સેના પાછી ફરી ગઈ અને યુદ્ધ થવા લાગ્યુ. જીવ મારવો પાપ છે જેનું પરીણામ નર્ક છે અથવા પૂણ્ય છે જેનું પ્રતિફળ(વિપરીત ફળ) સ્વર્ગ છે ? પૂત્ર માટે શોકાતુર અર્જુનને ભગવાન શ્રી કૃષ્ણ દિવ્ય લોકમાં લઈ ગયા જયાં અભિમન્યુ દિવ્ય સિંહાસન પર બેઠો હતો.

આ કથાઓથી એ સ્પષ્ટ છે કે સ્વર્ગ કયાંય આકાશમાં નથી. ધર્મરાજ યુધિષ્ઠિર સશરીર સ્વર્ગમાં ગયા હતા. સ્વર્ગ માટે આંખ બંધ કરવાની કે દેવી

દેવતાઓને પૂજવાની જરૂર નથી. યુદ્ધમાં વીરગતી પામવાવાળા વીરોને માટે સ્વર્ગ અત્યંત સુલભ છે.તે સમયે તેઓના મન-મસ્તકમાં ધરતી અને ઐશ્વર્યનું જ ચિંતન રહે છે 'અંત મતિ સો ગતી' અનુરૂપ તેઓને સ્વર્ગીય ઐશ્વર્યની પ્રાપ્તિ થાય તેમાં આશ્ચર્ય શું છે ?

સ્વર્ગ જેવા સુખની ઉપલબ્ધિનો બીજો રાજમાર્ગ નિયત કર્મનું પાલન છે. ગીતામાં ભગવાન કહે છે મને પુજીને લોકો સ્વર્ગ સુધીની કામના કરે છે, હું તેને તે આપુ છું. ભોગ તો ભોગવવાથી ક્ષીણ થઈ જશે પરંતુ મારી સાથે જોડાયેલ રહેવાથી મારો ભકત કયારેય નષ્ટ થતો નથી, તેથી લૌકિક જીવનમાં સમૃધ્ધિ અને પરમ શ્રેયની પ્રાપ્તિ માટે ભજન તો એક પરમાત્માનું જ કરવું જોઈએ. ભજનની વિકસીત અવસ્થાઓમાં અહિંસાનું સ્તર આવે છે, એટલા માટે મહાભારતમાં છે, 'अहिंसा परमो धर्मः' પરમધર્મ પરમાત્માના રૂપમાં જ અહિંસાનું વિધાન છે.

॥ ॐ ॥

# શ્રી રામચરિત માનસ પ્રમાણે 'અહિંસા'

ભગવાન શિવ દ્વારા ઉત્પન્ન, સંત શિરોમણી ગોસ્વામી તુલસીદાસજી દ્વારા ભાષાબધ્ધ, જન-જનની જીભ પર બિરાજમાન લોકપ્રિય અમરકૃતિ શ્રીરામચરિત માનસમાં અહિંસાનું સ્પષ્ટીકરણ ઉતરકાંડમાં છે.

**परम धर्म श्रुति बिदित अहिंसा**

**परनिन्दा सम अध न गरीसा** (માનસ, ૭/૧૨૦-૨૨)

માનસમાં અહિંસાને પરમ ધર્મ બતાવ્યો છે. ઠીક તે જ નિર્ણય મહાભારતમાં છે - **''अहिंसा परमो धर्मः ''**

સંસારમાં જીવોને મારવા એ જ જો હિંસા છે તો પોતાના લાંબા આયુષ્ય (જીવન) દરમ્યાન રાવણે જેટલી હત્યાઓ કરી, માત્ર ચૌદ વર્ષના વનવાસકાળમાં ભગવાન રામે તે કીર્તિમાન તોડી નાખ્યો. તેનાથી કેટલીય વધારે હત્યા, જીવોનો સંહાર રામે કર્યો. માની લઈએ કે તેઓએ નિશાચરોની હત્યા કરી હતી પરંતુ તેઓ હતા તો મનુષ્ય જ. જનકપુરમાં સીતા સાથે લગ્ન કરવા તેઓ આવ્યા હતા. ધનુષ યજ્ઞમાં તેઓએ ભાગ લીધો, સન્માનિય રાજાઓની હરોળમાં તેઓને સ્થાન મળ્યુ હતું. આ રીતે નિશાચરો પણ મનુષ્ય જ હતા, તમારા અમારા ભાઈઓ જ હતા. હા,તેઓની વૃતિ આસુરી હતી-પરંતુ તેઓની સંખ્યા અપાર હતી.

**दसमुख बैठ सभा एक बारा देखि अमित आपन परिवारा** (માનસ, ૧/૧૮૦-૨).તેણે પોતાના વિશાળ પરિવારને જોયો. '**सुत समूह जन परिजन नाती गनै को पार निसाचर जाती** ' પુત્રો-પૌત્રો, કુટુંબીઓ અને સેવકોનો સમૂહ ! નિશાચરોની અનંત જાતીઓ ! આજે લગભગ છ અબજની વસ્તી છે તેનાથી પણ વધારે ખર્વ, નીલ, પદ્મ, શંખ, મહાશંખ અને તેનાથી પણ વધારે, અગણિત ! પરંતુ રાવણે જયારે સીતાનું અપહરણ કર્યુ, '**रहा न कोउ कुल रोवनिहारा** ' (માનસ, ૭/૧૦૩-૧૦) - કુળમાં કોઈ આંસુ સારવાવાળુ કે જળ તર્પણ કરવાવાળુ ન બચ્યું. રામે અપાર નિશાચરોનો અંત કરી દીધો.

ભગવાન રામ બાળપણમાં મૃગયા(શિકાર) માટે જતા હતા. એવુ ન હતું કે તેઓ લુલા લંગડા કે અપારીચ હરણ મારી રહ્યાં હતા. તેઓ છલાંગો ભરતા ઝડપી મૃગોનો શિકાર કરતા અને તે પિતાને બતાવીને પ્રોત્સાહન પ્રાપ્ત કરતા હતા. '**पावन मृग मारहिं जिर्यं त्रजानी दिन प्रति नृपहि देखावहि आनी** '

(માનસ ૧-૨૦૪-૨). ક્ષત્રિયોની કુળ-પરંપરા પ્રમાણે આખેટ(શિકાર) કરવો તે તેઓનો અભ્યાસ હતો. વનવાસ કાળમાં પણ તેઓએ આ નિયમને ન છોડયો, તેઓએ સંન્યાસ લઈ લીધો, મુનિ વેષ ધારણ કર્યો, વલ્કલ પહેર્યા પરંતુ શિકાર કરવાનું ન છોડયું.

વનવાસના શરૂઆતના દિવસોમાં સીતા સ્વજનોની યાદમાં આંસુ સારતા હતા, લક્ષ્મણ ક્રોધમાં લાલ થતા હતા, એવી વિષમ સ્થિતિમાં પણ શ્રી રામે ચાર મૃગોનો વધ કર્યો(આદિકાવ્ય, અયોધ્યાકાંડ,બાવનમું સર્ગ,શ્લોક ૧૫૨).આ જ ક્રમ ચૌદ વર્ષ સુધી ચાલતો રહ્યો. જેના કારણે ચૌદ વર્ષમાં તેઓથી કેટલી પશુ હત્યાઓ થઈ ? સ્મૃતિઓના વિધાન જુવો તો શિયાળ મારવાથી આટલુ દાન ! સિંહ મરી ગયો તો ત્રણ ગાયનું દાન ! ખૂલ્લા પગે જીવ જંતુ મર્યા હશે. સ્મૃતિકાળમાં જીવ હત્યા હિંસા થઈ ગઈ, દાન આપો નહિતર નર્ક અને હત્યાનો ડર. અહિંસા જેવા યૌગિક શબ્દને બાહ્ય સામાજીક વ્યવહાર સાથે જોડીને સ્મૃતિઓએ ભારતને નપુસંક અને કાયર બનાવી દીધો. દરેક જીવના મૃત્યુમાં ભારતીયોને પોતાના માટે નરક દેખાઈ રહ્યું છે.આ વ્યવસ્થાએ ભારતીયોને ખાલી હાથ(હથિયાર વગરના) કરી દીધા, તેઓના હાથ પીઠ પાછળ બાંધી દીધા.

વિદેશોમાં માન્યતા છે કે વિધર્મિયોને(અન્ય ધર્મવાળાને)મારી નાખે તો તેઓને સ્વર્ગ મળશે. સ્વર્ગમાં રોજગાર મળશે, ઉચુ પદ મળશે, ઈશ્વરની સામે (સાથે) રહેવા મળશે. ભારતમાં વ્યવસ્થા છે કે કોઈને માર્યુ અથવા મારી નાખ્યું તો પાપ લાગશે, નર્કમાં જશો. બ્રાહ્મણને માર્યો તો ત્રીસ ગાય, ક્ષત્રિયને માર્યો તો વીસ ગાય, શુદ્રને માર્યો તો પણ દસ ગાયનું દાન આપો નહિતર નર્ક સુરક્ષિત છે. ભગવાન એક અને તેને મેળવવાના રસ્તા બે. કયારેક કોઈક કોઈને મારીને સ્વર્ગમાં જાય છે, તો કયાંક પ્રાયશ્ચિત કરવુ પડે છે. આ રીતે અહિંસા એક વિકટ પ્રશ્ન છે.

ખરેખર અહિંસા એક યૌગિક શબ્દ છે. સમાજમાં દયા સભ્યતાનું એક પ્રતિક છે, પાસુ છે. પાલન પોષણ સુરક્ષા, સંગઠનનું સામાજીક મુલ્ય છે; પરંતુ અહિંસા ખરેખર યોગનો શબ્દ છે. મનની વૃતિ જયારે એકદમ શાંત થઈ જાય છે. આત્માનું હનન કરવાવાળા વિકાર જયારે શાન્ત થઈજાય છે, ત્યારે સાધક(સાધના કરવાવાળો, ભકત) અહિંસાની કસૌટી પર આવી જાય છે.

વનવાસકાળમાં સીતાએ રામને કહ્યું, '' પ્રભુ ! આ વિલક્ષણ મૃગ છે સોનાના સીંગ, સોનાની ચામડી,સોનાની ખરી -આ સર્વાંગ સોનાનું જ છે. તેને મારીને લાવો,

ઝુંપડી સજાવીશ અથવા તો તેને જીવતુ પકડી લાવો. જયારે આપણે અયોધ્યા પાછા ફરીશું, ત્યારે તે રાણીવાસની શોભા વધારશે.'' ભગવાને જોયુ કે સીતાજી હવે સોનાની નીચે પગ રાખવા નથી માંગતી તો તેને સોનાની લંકામાં જ મોકલી દેવાની યોજના બનાવી લીધી જેનાથી સુવર્ણ સુખનો ઉપભોગ કરી શકે. પરંતુ ત્યાં સીતાજીને રડવા માટે આંસુ પણ ન મળ્યા. સુખ નથી તો સોનામાં કે નથી ચાંદીમાં, સુખ તો ભગવાનની સેવામાં છે. તેથી સીતાના પ્રસ્તાવ પર રામે હિંસા-અહિંસાનો વિચાર ન કર્યો. તેઓ તે મૃગને મારવા ગયા, તેને માર્યો પણ ; પરંતુ તે એક અસુર નિકળ્યો. જેટલા પણ અસુર મળ્યા, રામે બધાનો ધરમુળથી નાશ કરી દીધો. તેમ છતાં રામ '**श्रुति पथ पालक धर्म धुरन्धर** ' શ્રુતિ મર્યાદાના પોષક અને ધર્મની ધુરાને ધારણ કરવાવાળા અહિંસક હતા જયારે નિશાચર હિંસક અને પાપી હતા. - '**कृपा रहित हिंसक सब पापी बरनि न जाहिं विश्व परितापी** ' (માનસ, ૧/૧૭૫-૮) તેઓ કૃપા રહિત, બધા હિંસક અને પાપી હતા. કોણ ? રાવણ અને તેનો પરિવાર !

**बरनि न जाइ अनीति, धोर निसाचर जो करहि**
**हिंसा पर अति प्रीति, तिन्हके पापहि कवनि मिति**
(માનસ, ૧/૧૮૩)

હિંસા પ્રિય લોકો માટે પાપોની શું કોઈ સીમા હોય છે ? શું હતી તેઓની હિંસા ?

**जेहि विधि होइ धर्म निर्मूला**
**सो सब करहिं बेद प्रतिकूला** (માનસ, ૧/૧૮૨-૫)

હિંસા છે ધર્મનું ઉલંધન. વેદથી પ્રતિકૂળ આચરણ હિંસા છે. વેદનો અર્થ છે જાણકારી. અવ્યકત પરમતત્વ પરમામાનો સાક્ષાત્કાર કરવો વેદ કહેવાય છે. તેનાથી વિપરીત આચરણ જેનાથી વ્યકિત પરમાત્માના કયારેય દર્શન ન કરી શકે, પ્રકૃતિના અંધકારમાં ભટકતા રહે, તે જ વેદ–પ્રતિકૂળ આચરણ અને ધર્મનો હ્રાસ જ હિંસા છે. ધર્મ ત્યારે નિર્મુળ થશે જયારે ધાર્મિક સંસ્થાઓ નષ્ટ થઈ જાય, ધર્મગુરુ સમાપ્ત થઈ જાય. તે જ રાવણે કર્યુ - '**जेहिं जेहिं देस धेनु द्विज पावहि नगर गाउँ पुर आगि लगावहि** ' (માનસ, ૧/૧૮૨-૬) જે જે સ્થાનો પર ગાય અને બ્રાહ્મણ વસ્તા હતા, તે નગર-ગામ અને પુરમાં આગ લગાડી દેવી તેઓનું આચરણ હતું. તેઓનો દોષ એટલો જ હતો કે સંસ્કૃતિના પ્રચારક બ્રાહ્મણોને તેઓએ પોતાના ગામ-નગરમાં

શા માટે સ્થાન આપ્યુ જયારે રાવણ ખુદ પણ બ્રાહ્મણ કુળ - પરંપરાનો હતો.

**सुभ आचरन कतहुँ नहिं होई देव विप्र गुरू मान न कोइ**
**नहिं हरिभगति जग्य तप ग्याना सपनेहुँ सुनिअ न बेद पुराना**
(માનસ, ૧/૧૮૨-૮)

ધર્મ તો ત્યારે નષ્ટ થશે જયારે ધાર્મિક શિક્ષા પ્રતિબંધિત થાય, શિક્ષણ સંસ્થાઓ બંધ થઈ જાય, વેદ -પુરાણ - ગીતા સાંભળવા ન મળે, રાવણે આનાથી પણ કડક પગલા ભર્યા -

**जप जोग बिराग तप मख भागा श्रवन सुनइ दससीसा**
**आपुनं उठि धावइ रहै न पावइ धरि सब धालइ खीसा**
**अस भ्रष्ट अचारा भा संसार धर्म सुनिअ नहिं काना**
**तेहि बहुबिधि त्रासइ देस निकासइ जो कह बेद पुराना** (માનસ,૧/૧૮૨ છંદ)

જપ-યોગ-વૈરાગ્ય-ભજન-ચિંતનમાં લાગેલ કોઈ પણ વ્યકિતને રાવણ જોતો કે સાંભળી પણ લેતો તો પોતાની સેના મોકલી દેતો કે ખુદ ત્યાં દોડી જતો. યજ્ઞનો વિધ્વંશ કરી નાખતો હતો કે આ જપ કેમ કરે છે, તપ કેમ કરે છે, ભજન કેમ કરી રહ્યો છે ? મારા રાજયમાં આવો અપરાધ કેમ થઈ રહ્યો છે ? જે પણ આવુ કરતાં, રાવણ તેઓને અનેક પ્રકારની યાતનાઓ આપતો હતો. આજ કાલ શંકાશીલ વ્યકિતઓની પૂછપરછ પોલીસ જે પ્રકારે કરે છે, કયારેક માથુ નીચે પગ ઉપર કરી દે છે, લાલ મરચાનો ધુમાડો આપે છે, કયારેક પેટ ઉપર છંછુદર, વંદા દોડાવે છે.તેમ છતાં જો કોઈ પોતાની હઠ ન છોડે,ભજન કરવાનું બંધ ન કરે,તો રાવણ તેને દેશ - નિકાલનો દંડ દેતો હતો.

વિધાતાની સંપુર્ણ સૃષ્ટિ રાવણનો દેશ હતો- '**ब्रह्मसृष्टि जहँ लगि तनुधारी दसमुख बसबर्ती नर नारी**' વિધાતાની સૃષ્ટિની બહાર એવો કયો દેશ હતો જયાં રાવણ તેઓનો નિકાલ કરે ? રાવણનો દેશ-નિકાલનો અર્થ હતો શરીરમાંથી પ્રાણનો નિકાલ ! શરીરથી આ સૃષ્ટિમાં જીવવાનો અધિકાર સમાપ્ત ! તે હતો મૃત્યુદંડ.

નિશાચરોમાં પણ આહારના નિયમો હતા. જેમ કે મહાત્માઓમાં કોઈ ફળાહારી, કોઈ શાકાહારી, કોઈ દુગ્ધાહારી તો કોઈ મઠ્ઠો જ પીયને ભજન કરે છે, તે

પ્રકારે નિશાચરોમાં 'दुर्मख सुर रिपु मनुज अहारी   भट अतिकाय अकंपन भारी ' કોઈ અતિકાય હતા, કોઈ રાજાઓના જ દુશ્મન, દુમુખ તો કોઈ મનુજ આહારી હતા, તે માત્ર મનુષ્યનો આહાર કરતા હતા. ખબર નહીં કયા ડોકટરે તેઓને આ સુપાચ્ય ખોરાક બતાવી દીધો હતો. જયાં રાવણે કોઈને દેશ-નિકાલ(તડીપાર)કર્યા, મનુજ આહારીઓનું કામ થઈ ગયુ, તે પ્રકારે ધર્મનું અવમુલન હિંસા છે.

રામ ધર્મની ધુરા ધારણ કરવાવાળા હતા. ધર્મ છે શું ?

परम धर्म श्रुति बिदित अहिंसा

परनिंदा सम अध न गरीसा (માનસ, ૭/૧૨૦-૨૨)

અહિંસા પરમ ધર્મ છે, શાશ્વત ધર્મ છે, એની આગળ કોઈ જ ધર્મ નથી. આ અહિંસા સુરતિથી દ્રશ્યમાન થાય છે. સુરતિ મનની દ્રષ્ટિનું નામ છે. તમે અહિં બેઠા છો, છત્રીસે રંગ વરસી રહ્યા છે, મન-મસ્તક સ્થિર છે. ત્યાં જ કોઈકે ઓચિંતા કાનમાં કહી દીધુ કે મોટા ભાઈને ચોટ લાગી છે. ગાડી થોડી અડી ગઈ છે, આવું સાંભળતા જ મોટાભાઈનું સ્વરૂપ સ્મૃતિ પટલ પર અંકિત થઈ જશે-ભાઈ કેવા છે ? તેમનું નાક કેવુ છે ? તેઓનું રૂવે રૂવુ દેખાવા લાગશે.અહિં આંખો ખુલ્લી છે, કાન ખુલ્લા છે, પરંતુ ન તો અહિંનું દ્રશ્ય દેખાશે કે ન એક પણ શબ્દ સંભળાશે અને ભાઈનું સ્વરૂપ દ્રષ્ટિ પટલ પર આવતુ જતુ રહેશે. મનુષ્ય ત્યાં રહે છે જયાં તેની વૃતિ કામ કરે છે. મનની આ દ્રષ્ટિનું નામ સુરતિ છે. આ દ્રષ્ટિ બધી બાજુથી ભેગી કરી (સમેટી લઈ) ઈષ્ટ(ઈશ્વર)માં લગાવવી સુરતા - યોગ છે.

'સુરત' શબ્દ વૈદિક વર્ણમાળાનો નથી. જન - સમુદાયને વિવિધ પ્રકારે સમજાવવા માટે સંતોએ જ શ્રુતિ સામ્યના રૂપમાં આ શબ્દોનો ઉપયોગ કર્યો છે, શ્રુતિનું જ સાંગોપાંગ રૂપ સુરતા છે. હવાથી પણ વધારે ગતીશીલ આ મન સુરતાના માધ્યમથી બધી બાજુથી સમેટાઈને અચળ સ્થિર રોકાઈ જાય છે. શ્વાસ આવ્યો તો ૐ, ગયો તો ૐ, ૐ,ૐ શ્વાસ વાંસની જેમ (ઉભી) ખોડાઈ જાય; ચિત્તવૃત્તિ શ્વાસમાં તેલની ધારવત્ (ધારની જેમ) વહેવા લાગે; ન સારા સંકલ્પ ઉઠે, ન ખરાબ; વાયુ મંડળનો કોઈ પણ સંકલ્પ મનમાં પ્રવેશ ન કરી શકે-તે જ છે સુરતાનું દશ્યમાન થવું. આ મનની નિરોધવસ્થા છે. જે ક્ષણે સુરતા દ્રશ્યમાન થઈ, અચળ સ્થિર શ્વાસમાં ટકી, આત્માનું હનન(અધઃપતન) કરવાવાળા બધા જ વિકારો સાથ છોડી દે છે તે જ છે વિશુધ્ધ અહિંસા! આત્મ - રક્ષણ જ અહિંસા છે.

મન અતયંત વેગવાન છે, દુર્ધર્ષ છે. હું - તમે આપણી બુધ્ધિથી તેને રોકી શકીએ નહીં. મન કેમ રોકાય ? '**छूटक मल कि मलहि के धोएँ   घृत कि पाव कोइ बारि बिलोएँ**   ' (માનસ,૭/૪૮-૫) કિચડથી લથબથ ચાદરોને ફરી કીચડમાં ધોવામાં આવે તો ગંદકી ઓછી થશે શું ? આવરણ વધારે ઘટ થઈ જશે. મોટર - ગાડી ધોવા લુછવાવાળા, સર સામાન ઠીક(સમુ) કરવાવાળા કારીગર નવા વસ્ત્ર ધારણ કરી લે પરંતુ થોડા જ સમયમાં તે ગંદા થઈ જાય છે એટલા માટે બુધ્ધિથી નિર્ણય લ્યો કે જો કોઈ સાધના પણ કરે છે તો કચરો જ એકત્ર કરે છે; કેમ કે બુધ્ધિ જયાં સુધી નિર્ણય લે છે અથવા મન કલ્પના કરે છે, બધુ માયા જ તો છે. '**गो गोचर जहँ लगि मन जाई   सो सब माया जानेहु भाई**   ' (માનસ, ૩/૧૪–૩) ઈન્દ્રિયો અને તેના વિષયોમાં મન જયાં સુધી કલ્પના કરે છે -'**सो सब माया जनेहू भाइ**' - તે બધી માયા છે. માત્ર છળકપટ છે.

બુધ્ધિ અને મનથી વધારે તમારી પાસે બીજુ છે પણ શું ? જો તેના દ્વારા ગણતરી કરીને  હું - તમે ભજન કરીએ તો મન નહીં રોકાય, માયા વડે માયા કેમ રોકાશે ? મન ત્યારે રોકાય છે '**मन बस होई तबहिं जब प्रेरक प्रभु बरजे**  ' જયારે પ્રભુ પ્રેરકના રૂપમાં ઉતરી આવે, તમારુ માર્ગદર્શન કરવા લાગે. તેથી રામચરિત માનસમાં છે -'**श्रुति पथ पालक धर्म धरंधर   गुनातीत अरू भोग पुरंदर**  ' (માનસ, ૭/૨૩-૨). જે ભગવાન પ્રત્યે  આપણને પ્રેમ છે, સદ્‌ગુરૂના શરણ-સાનિધ્યમાં આપણી પુકાર(નાદ) એવી હોય કે શ્રધ્ધાથી તેમની સાથે આપણો સંબંધ જોડાય જાય, આત્માથી અભિન્ન થઈને પ્રભુ, ઈશ્વર જાગૃત થઈ જાય ત્યારે - '**श्रुति पथ पालक**' સાધના-પથ, યોગ-પથ, ભકિત-પથ, બધાની રક્ષા કરવાવાળ ા થઈ જાય છે રામ! જયાં સુરતામાં વિજાતિય સંકલ્પ આવવાના હશે તે પહેલા જ ભગવાન સાવધાન કરવા લાગશે કે ખોટે રસ્તે જઈ રહ્યાં છો, ઉભા રહો ! જયારે સુરતા બરાબર લાગી જશે તો કહેશે - લાગ્યા રહો. ચિંતન બરાબર છે. રાત્રે બે વાગ્યે ભગવાન જ જગાડી દેશે કે ઉઠો, બેસી જાઓ, ભજન કરો, ચિંતનની ધારા નિર્વિઘ્ન શાંત પ્રવાહિત થઈ રહી છે તો ભગવાન તેને પ્રોત્સાહન આપે છે કે લાગ્યા રહો.તે અવસ્થા પછી બૌધ્ધિક આકારણીની જરૂર  રહેતી નથી કે ભજન શું,જ્ઞાન-વિજ્ઞાન કેવુ,યમ-નિયમ સાધનાના અંગ-ઉપાંગ કેટલા ? બાંધ-છોડના સમીકરણોની

ઉપયોગીતા રહેતી નથી, બુધ્ધિ માત્ર યંત્ર થઈ જાય છે, તેવા સમયે આજ્ઞા-પાલન જ ભજન છે. બીજુ કંઈ ન વિચારો,ન યમનો પ્રયત્ન કરો કે ન નિયમની ચિંતા કરો, માત્ર એટલુ કરો કે પ્રભુ કહે છે શું, તેમની શું ઈચ્છા છે ? તેને સમજતા રહો અને (ભજનમાં)લાગી રહો.ભજન(સાધના)ની વિધી એકવાર સાંભળી સમજી લીધી તે યાદ તો છે જ ! દરરોજ તે જ વાત દોહરાવવાથી શું લાભ ? ઈષ્ટ(સદ્ગુરૂ,ઈશ્વર)ની આજ્ઞાનું પાલન જ ભજન છે. તેઓનાં માર્ગદર્શન પ્રમાણે ચાલતા-ચાલતા તમને ભગવાન ધીરે- ધીરે એવા મુકામ પર લાવશે જયાં સુરતા(મન) શાંત પ્રવાહિત થઈ જાય છે, સુરતા દ્રશ્યમાન થઈ જાય છે, તે સમયે ભજન સિવાયના અન્ય કોઈ સંકલ્પ ઉઠતા જ નથી - ન ખરાબ, ન સારા. જયાં મનના નિરોધની આ અવસ્થા આવી તે જ ક્ષણે આ નિરોધની સાથે જ પ્રભુ તમારામાં દ્રષ્ટિ બનીને ઉભા રહી જશે, સામે ખુદ ઉભા રહી જાય છે. તમે નહીં સમજો તો પણ સમજાવી દે છે. તે સાથે જ તેમના દર્શન, સ્પર્શ અને તેઓમાં પ્રવેશ પણ મળી જાય છે. તે છે શુધ્ધતમ અહિંસા, તે છે પરમ ધર્મ, શાશ્વત ધર્મ, સંપૂર્ણ ધર્મ ! તે અવસ્થામાં ધર્મપાલનમાં જરા પણ ત્રુટિ શેષ નથી. ધર્મની પરાકાષ્ઠા છે અહિંસા. અહિંસા એક સ્થિતી છે, યોગ સાધનાથી મળવાવાળી એક અવસ્થા, એક સ્તર છે.તે પણ પ્રાપ્તિ સમયે જ અહિંસા સંભવ થાય છે.જયારે સુરતા દશ્યમાન થઈ જાય !

સુરતાનું મહત્વ પ્રતિપાદિત કરતાં સંત કબીર કહે છે-'मोरी सुरत सुहागन जाग री ' કબીર ભજનાનંદી મહાપુરૂષ હતા. તેઓ કહે છે - 'का सोवत है मोह निशा में, उठि के भजनयिा में लाग री............... मोरी सुरति सुहागन जाग री ' સાધક સુહાગણ(સૌભાગ્યવાન) ત્યારે જ છે જયારે ભગવાનના વરદહસ્તના સંરક્ષણમાં આવી જાય છે. ત્યારે તેનું સૌભાગ્ય હંમેશા તેની સાથે છે. એવું ત્યારે થાય છે જયારે ભજન હૃદયમાં જાગૃત થઈ જાય છે, પ્રભુ રક્ષકના રૂપમાં હાજર થઈ જાય છે. સુરતા જાગી જાય તો શું કરે ? 'चित दे सबद सुनो श्वासन लगि, उठत मधुर धुन राग री ' બધી બાજુથી ચિત્તને સમેટીને,સચેત(સજાગ) થઈને લાગે કે અમારે કયાં લાગવું જોઈએ, કેટલુ લાગી શકું છું, કેટલી ભુલો થઈ રહી છે, જાગ્રત અવસ્થાથી શબ્દ સાંભળે ! કયો શબ્દ ? પુજય ગુરૂદેવ મહારાજજી કહેતા હતા - શ્વાસ નામથી વિશેષ અન્ય કંઈ કહેતો જ નથી. આપણે નામ જપવાનું નથી, ફકત

જોવાનું છે કે શ્વાસ કયારે આવ્યો ? શું કહ્યું ? કયારે ફરી પાછો ગયો ? શું કહ્યું ? તેને જોતા રહો, સાંભળતા રહો. શ્વાસ આવ્યો તો ૐ ગયો તો ૐ ! **'उठत मधुर धुन राग री '** ઈશ્વરીય માધુર્યનો રાગ ઉઠતો રહે છે, તેને સાંભળતા રહો, તેમાં જ આહ્‌લાદિત થતા રહો - **'मस्त हुआ जब अनहद सुनकर तब क्या सुनना तुरों का '** એક બીજા ભજનમાં સંત કબીર કહે છે - તોલ માપની સીમાથી વધીને ભજન જયારે અવિરત (અનહદ) થવા લાગે છે તો સાંસારિક કોઈ પણ વાદ્યો વગેરેના નાદથી કોઈ પ્રયોજન રહેતુ નથી. તે જ તેઓ અહિંયા પણ કહે છે કે **'चित दे सबद सुनो स्वाँसन लगि उठत मधुर धुनि राग री का सोवत है मोह निशा में .....** ' મોહરૂપી રાત્રીમાં કેમ આઘા-પાછા થાવ છો,ભજન(આરાધના) કરો.પ્રભુ ચરણમાં સમર્પણ જરૂરી છે. તેથી આગળની પંકિતમાં તેઓ કહે છે. **'चरन सीस धरि विनती करिहौ'** ગુરૂ મહારાજના ચરણોમાં પ્રણામ કરી પ્રાર્થના કરો, વિનય કરો અને જો કોઈ કામના (ઈચ્છા) જ હોય તો **'भगति विमल वर माँग री '** ભકિતનું નિર્મળ વરદાન તેમની પાસેથી માંગો. વિભકતનો અર્થ છે વિભાજન, પ્રભુ અલગ છે, સાધક અલગ છે, તે છે વિભકત. આવતી કાલે પ્રભુની અંદર સ્થાન મળ વાનું છે,આગળની ક્ષણે જ સ્થિતિ(જીવમાંથી શિવની) મળવાની છે પણ હમણા આ ક્ષણે તો હું તમે પ્રભુથી અલગ છીએ. આ અંતર જયારે સમાપ્ત થઈ જાય, દર્શન-સ્પર્શ, પ્રવેશ અને પરમાત્મા-પ્રાપ્તિ થઈ જાય-તે જ ભકિતની પરાકાષ્ઠા છે, પરમ ઉતકૃષ્ટ અવસ્થા છે. નિર્મળ ભકિત તે જ છે જેમાં રજ માત્ર પણ પ્રકૃતિના મળની કલ્પના નથી.

ભજન કરવાની પણ એક ચરી, એક નિયમ હોય છે. સવાર સાંજ થોડી વાર માટે ધ્યાન લગાવી બેસી જવું, નામ જપ કરી લેવા અને બાકીના સમયે ગપ્પા મારવા તે ભજન નથી. તે પર સંત કબીર ભજનની પારંપરીક સાવધાનીઓ પર ભાર મુકે છે - **'कहत कबीर सुनो भाई साधो ! जगत पीठ दे भाग री '** સંતો ! ધ્યાન આપો. જગતની બાજુ પીઠ ફેરવી ઘો. સંસાર તરફ પીઠ કરી દેવાથી પરમાત્મા, સદ્‌ગુરૂ સન્મુખ થઈ જાય છે. તે અવસ્થામાં ધીમે ધીમે ન ચાલો, ગતીને વેગથી પ્રવેગીત બનાવીને ચાલો, થોડું ભજન, થોડો લોક વ્યવહાર ત્યારે તેણે ઘર જ કયાં છોડયું ? કરવાવાળા પાસે સમય કયાં છે ? બાકી જેનામાં લગન નથી, વિરહ-વૈરાગ્ય-

તડપ નથી; એવા સાધક માટે ભગવાન કેવાં ? સાધના તો કરવી જ પડશે.

આમ, વિશુધ્ધ અહિંસા ત્યારે જ છે જયારે મન શાંત સ્થિર રોકાઈ જાય. તેના સ્થિર થતાં જ, તે જ ક્ષણે ભગવાનનું વાતાવરણ જ માત્ર રહી જાય છે, પ્રકૃતિનું વાતાવરણ શાંત થઈ જાય છે અને તે સમયે ઈશ્વરીય લોક પરમધામ મળી જાય છે. ભગવાન આપણામાં દ્રષ્ટિ બનીને પ્રવાહિત (સંચારિત) થઈ જાય છે, સામે ખુદ ઉભા રહી જાય છે. તમે નથી સમજતા તો પણ તેઓ સમજાવી દે છે. તેઓનું દર્શન મળશે. સ્પર્શ કરવા મળશે; તેઓમાં પ્રવેશ અને સ્થિતી પણ મળશે, પ્રભુ જયારે કૃપા કરે છે તો પોતાનું સ્વરૂપ પણ આપી દે છે. તમને જીવના રૂપમાં અલગથી કંઈક ટૂકડો ફેંકીને, સ્વર્ગીય સુખનો લોભ આપીને છોડી દેતા નથી. તમે જયારે સ્વરુપસ્થ હોવ છો તો હંમેશા રહેવાવાળું જીવન પ્રાપ્ત કરી લો છો જેના પછી મૃત્યુ હોતું નથી. આ સ્થિતિને પ્રાપ્ત કરવી એ જ અહિંસા છે. જયાં 'काल न खाय कलप नहि व्यापे, देह जरा नहीं छीजे ' એક બીજા ભજનમાં સંત કબીર આ સ્થિતિનું વર્ણન કરે છે કે તે સ્વરૂપમાં પરિવર્તન થતું નથી, તે જીર્ણ પણ થતું નથી.હંમેશા રહેવાવાળું જીવન અને શાંતિ જેમકે યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ કહે છે -'तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ' (ગીતા, ૧/૬૨) - પરમ શાંતિ મેળવી લેશો, તે સ્થિતિ પામી જશો જે શાશ્વત છે, અજર-અમર છે.

સમાજના જીવન અને મૃત્યુ કાળક્રમની ઘટનાઓ છે. ચક્રવર્તી સમ્રાટ દશરથના મૃત્યુ પર લાગણી વ્યકત કરતા કુળ પુરોહિત મહર્ષિ વશિષ્ટે કહ્યું -

सुनहु भरत भावी प्रबल, बिलखि कहेउ मुनिनाथ
हानि लाभु जीवनु मरनु, जसु अपजसु बिधि हाथ (માનસ,૨/૧૭૧)

જન્મ લેવો અને મરવું, હાનિ અને લાભ, યશ અને અપયશ-મનુષ્યના હાથમાં કંઈ પણ નથી- આ બધુ પ્રારબ્ધનાં હાથમાં છે. 'बिलखि कहेउ मुनिनाथ' -જ્ઞાનિઓમાં અગ્રગણ્ય વશિષ્ઠ પણ વિહવળ થઈ ગયા. દશરથજી ભાગ્યથી મર્યા, મોત ભાવિના હાથમાં છે. તે બધા જ ભાવિ મટી જાય છે,પ્રારબ્ધ કપાઈ જાય છે.સમર્પણની સાથે ચિંતન કરવાથી,સદ્ગુરૂનું શરણ લેવાથી ! મહાન હત્યારો દસ્યુ 'बालमीकि भये ब्रह्म समाना ' તેઓ બ્રહ્મર્ષિ થઈ ગયા. ભગવાન જયારે વનમાં ગયા'मुनि कहूँ राम दण्डवत कीन्हा आसिरबाद बिप्रवर दीन्हा ' ભગવાને

તેઓ મુનિ શ્રેષ્ઠને દંડવત્ કર્યા , વિપ્ર વાલ્મીકિએ આર્શિવાદ આપ્યા. આમ, ભજનથી બધુ જ શકય છે. જીવની હત્યા અંદરો અંદરનું વેર છે. અંહિસા તો ત્યારે છે જયારે આત્મા-આ મરણ ધર્મા પુરૂષ પોતાના અમર તત્વને પ્રાપ્ત કરી લે. ભકિત પથમાં સવાઁગી સાધના પરિપક્વ થઈ જવાથી આ સ્થિતિ આવે છે. અહિંસાની અલગથી કોઈ સાધના નથી.

એક મહાત્મા રામેશ્વર તીર્થયાત્રા પર જઈ રહ્યાં હતા. રસ્તામાં ઘોર જંગલમાં છ ડાકુઓએ તેઓને ઘેરી લીધા. મહાત્માએ કહ્યું ,''જે કંઈ મારી પાસે છે, તે તમે લઈ લો.'' તેઓએ કહ્યું,'' અમે લોકો પહેલા મારીએ છીએ પછી લઈએ છીએ. અમે પરિશ્રમથી કમાઈએ છીએ, દાન નથી લેતા.'મહાત્માએ કહ્યું,'' ઠીક છે, મરતા પહેલા અડધો કલાક ભગવાનનું ચિંતન તો કરવા દો.'

ડાકુ સહમત થઈ ગયા. મહાત્મા ભજનમાં બેસી ગયા. તેઓએ ભગવાનને પૂછયું, ''જયારે હું આ લોકોને બધુ આપી દઉં છું ,તો પણ મને મારવા શા માટે માગે છે ?'' ભગવાને કહ્યું ,''ગયા જન્મમાં તે આ બધાને કાપ્યા હતા. જો ભજન ન કરત તો અલગ-અલગ છ જન્મોમાં તારે કપાઈને કર્મ ભોગવવુ પડત. ભજનનો પ્રભાવ છે કે તેઓ બધા તને એક સાથે મળીને કાપવા માગે છે. તેઓના હાથે તારે માત્ર એકવાર મરવુ પડશે. તે પછી તારા માટે કોઈ જ વિઘ્ન નથી. શરીરનું શું ? તે તો ફરી મળશે, ઠાઠથી ભજન કરજે.''

ભજનથી નિવૃત થઈ મહાત્માએ કહ્યું, '' મને ઝડપથી મારી નાખો.'' ડાકુઓને આશ્ચર્ય થયું- હમણાં તો તમે જીવન માટે કાલાવાલા કરતા હતા, હવે તમે બહુ આનંદથી જીવ કેમ આપી દેવા માગો છો ? મહાત્માએ કહ્યું,'' તેનાથી તમારે લોકોને કંઈ મતલબ નથી.તમારા બધાની સમજમાં તે વાત આવશે નહીં . તમે લોકો તલવાર ઉઠાવો અને મને મારી નાખો.'' ડાકુઓએ કહ્યું, '' તમે જયાં સુધી તે રહસ્ય નહીં બતાવો અમે તમને મારીશું પણ નહીં અને જવા પણ નહીં દઈએ.''

અંતે મહાત્માને બતાવવું જ પડયું કે જયારે તેઓ ભજન કરી રહ્યાં હતા,ભગવાને તેઓને એક દ્રશ્ય બતાવ્યું કે તમારા બધાની હત્યા મે ં ગયા જન્મમાં કરી હતી.તેનો બદલો ભજનના પ્રભાવથી આ એક જ જન્મમાં સમાપ્ત થવા જઈ રહ્યો છે નહીંતર છ વાર જન્મ લેત અને કપાત.

ડાકુઓએ પૂછયું - અમે  જે કરી રહ્યા છીએ તે બદલો છે ? તો તો તમે પણ અમને કાપશો ? મહાત્મા એ કહ્યું," એ તો છે જ. આ સૃષ્ટિ બદલાની અંત વિહિન પરંપરા છે. ક્રિયા-પ્રતિક્રિયાનો કોઈ અંત નથી." ડાકુઓએ કહ્યું ,"ભગવન ! હવે અમે તમને નહીં મારીએ. અમારે બદલો લેવો નથી. ખોટું કામ કરીએ છીએ, જંગલમાં છુપાઈએ છીએ,  પશુઓની જેમ જીવન વ્યતિત કરતાં અમારા બધાનું આખું જીવન વ્યર્થ  પસાર થયું.  હવે તમે અમારું માર્ગદર્શન  કરો, ભજનની વિધિ  બતાવો.  જે દ્રઢતાથી તેઓ અપરાધ કરવામાં મશગુલ હતા તે જ લગનથી તેઓ ચિંતનમાં લાગી ગયા અને સારા સંતના રૂપમાં પ્રતિષ્ઠિત થઈ ગયા. એવુ કોઈ પાપ નથી જે ભજનથી નષ્ટ ન થાય.

આથી ,બાહ્ય મારપિટ અંદરો અંદરના બદલા છે, દુઃખદ પણ છે પરંતુ અહિંસાથી તેનું કોઈ પ્રયોજન નથી. અહિંસા તો સાધનાગત છે.

॥ ૐ ॥

# મહાવીર સ્વામીની દ્રષ્ટિમાં 'અહિંસા'

જન જીવનમાં અહિંસાના નામ પર જેટલા વધારે પડતા અને ભ્રામક પ્રયોગો ભારતમાં છે, વિશ્વમાં બીજે કયાંય જોવા મળતા નથી. અહીં જીવ હત્યાથી બચવુ અહિંસાનો પર્યાય થઈ ગયો છે. દુનિયાના બીજા કોઈપણ દેશમાં અહિંસાની સાધના થતી નથી, આરબમાં અહિંસાના અનુયાયી કેટલા છે ? શું યુરોપમાં કોઈ અહિંસાનો કિર્તીમાન છે? ઓસ્ટ્રેલીયામાં અહિંસાના કેટલા પ્રચારક છે ? સાઈબેરિયા, જયાં વનસ્પતિ થતી જ નથી, સીલ, માછલી અને કરચલા ખાઈને જીવિત રહેવાવાળા પ્રાણીઓ માટે અહિંસાની આ પૂર્વધારણાનો શું ઉપયોગ છે ?

'અહિંસા' લોક-જીવનનો શબ્દ નથી. તે તો યોગ સાધનાથી પ્રાપ્ત થવાવાળી આંતરિક અવસ્થા છે; પરંતુ લોકોએ તેને લોક વ્યવહાર સાથે જોડી દીધો છે. તેને તેઓ મહાવીર સ્વામીના સિધ્ધાંત કહે છે. આવો જોઈએ, ભગવાન મહાવીરે શું કહ્યું અને પ્રચલનમાં શું છે ?

આચાર્ય સમન્તભદ્ર રચિત 'रत्नकरण्ड-श्रावकाचार' ના ૧૦૬માં શ્લોકમાં ભાષ્ય કરતાં વિદ્યાભૂષણજીએ લખ્યું-''માત્ર આહારનો ત્યાગ જ ઉપવાસ નથી, તે માત્ર અન્નને થોડો સમય છોડી દેવા બરાબર છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો તેમજ ક્રોધ વગેરેના વિષયોના ત્યાગ સહિત ચાર પ્રકારના આહારનો ત્યાગ કરતાં કરતાં સ્વ સ્વરૂપમાં લીન થવાનો પ્રયાસ કરવો ઉપવાસ કહેવાય છે.

તે પ્રકારે ઉપવાસ ઈન્દ્રિયોને વિષયથી અલગ રાખવાની સાધના છે, એક સરખી અને અવિરત ચાલવાવાળી સાધના છે, દિન-પ્રતિદિનની સાધના છે. જયારે આગળના શ્લોકમાં તેઓએ લખ્યું છે કે ઉપવાસના દિવસોમાં જૈન લોકોએ ખેતી કામ કરવુ જોઈએ નહીં, નોકરી પર પણ જવું નહીં, પ્રતિદિન તે કામ ન કરે તો કરે શું? જૈનોમાં માન્યતા છે કે રાત્રિમાં ભોજન ન કરવું, શાક-ભાજીનો નીચલો ભાગ, ફળના બીજ વગેરે ન ખાવા, ઝાડુંથી સાફ કરી પગ રાખે, પાણી ગાળીને અથવા ઉકાળીને પીવે, નાક-મોં પર કપડું બાંધીને ચાલે, કદાચ કોઈ જીવ મરી ગયો હોય તો તેના માટે એક મહિનો પ્રાયશ્ચિત કરે વગેરે, પ્રશ્ન થાય છે કે આપણે ભોજન રાત્રે શા માટે ન કરીએ ?

દરેક મહાપુરૂષ પોતાના અનુયાયીઓને રહેણી-કરણી, ચાલવા ,ઉઠવા-બેસવાની વિધિ બતાવે છે. ભગવાન મહાવીરથી પણ પહેલા મહાત્મા ભરતનો ઉલ્લેખ

મળે છે. જૈન ધર્માવલંબીઓ તેઓને બીજા તીર્થંકર માને છે. તેઓ વૃષભદેવજીના પુત્ર ચક્રવર્તી સમ્રાટ હતા. રાજકીય વૈભવનો પરિત્યાગ કરીને તેઓ સંત થઈ ગયા, બહુ મોટા મહાપુરૂષ થયા. તેઓએ નિયમ આપ્યો કે ''पानी पीये छान के, गुरू करे जान के, रास्ता चले देख के और बिना विचारे अेसा कोई कार्य न कर डाले कि आजीवन शोचनीय हो जाय''

પાણી ગાળીને પીવું જોઈએ; કેમ કે જળ પ્રદુષણથી ઘણી બધી બિમારીઓ થઈ જાય છે. આજકાલ બિસલરીનું પાણી પીવું લોકોનો સ્વભાવ બનતો જાય છે. લગ્ન-પ્રસંગ-ઉત્સવ વગેરે આયોજનોમાં પણ પાણીની બોટલો ચલણમાં છે. દુધ કરતાં પણ વધારે ભાવથી તે વહેંચાય રહીં છે.જયારે કે તે છે પાણી ! કારણ માત્ર એટલુ છે કે તે ગાળેલુ છે. ઉકાળેલુ કે ગાળેલુ પાણી પીવા પાછળનો આશય કીટાણુંઓની રક્ષા કરવાનો નહીં ,પરંતુ સ્વાસ્થ્ય સુરક્ષાનો છે કે જેનાથી ઘણી બધી બીમારીઓથી બચી શકાય છે.

તે જ પ્રકારે,''गुरू करे जान के'' એવુ ન થાય કે ઉતાવળમાં કોઈપણને ગુરૂ સ્વીકાર કરી લેવામાં આવે. ગુરૂ એક સ્થિતિ છે-''नास्ति तत्वं गुरोः परम'' જેનો કયારેય વિનાશ થતો નથી, તે અવિનાશી તત્વ જ પરમ ગુરૂ છે. તત્વ પર દષ્ટિ રાખીને ગુરૂની ઓળખ કરવી જોઈએ.

રસ્તામાં જોઈને ચાલવું જોઈએ નહિંતર કાંકરા-પથ્થર, કાંટા અથવા કોઈ અણીદાર વસ્તુ પગમાં વાગી શકે છે. સાપ અથવા વિંછી ઉપર પગ પડી શકે છે, કોઈ પણ ઘટના ઘટી શકે છે. તેથી રસ્તો જોઈને ચાલવું જોઈએ. આ જ પ્રકારે વગર વિચારે કોઈ એવું કામ ન કરવું જોઈએ કે જીવનભર વિચારતા થઈ જઈએ.'बिना विचारे जो करे, सो पाछे पछताय काम बिगारे आपना, जग में होत हंसाय ' પરિણામનો વિચાર કરીને જ પગલું ભરવું જોઈએ.

તે જ પ્રકારે મહાવીર સ્વામીએ પણ કંઈક નિર્ણય આપ્યો જેનો ઉલ્લેખ બીજી સદીમાં ઉમા સ્વામીએ પોતાના ગ્રંથ 'मोक्षशास्त्र' (તત્વાર્થ સૂત્ર)માં આ પ્રકારે કર્યો છે. ''वाङ्मनो गुप्तीर्यादान निक्षेपण समित्यालोकित पान भोजनानि पंच '' (અધ્યાય ૭, સુત્ર ૪) અર્થાત વાણીનો સંયમ, મનની વૃતિનો નિગ્રહ, જોઈને ચાલવું, કોઈ વસ્તુને જોઈ સમજીને રાખવી અથવા ઉઠાવવી તથા પ્રકાશમાં ભોજન શોધીને

સાફ કરીને ગ્રહણ કરવું-સાધકને આ પાંચ વાતોનું હંમેશા ધ્યાન રાખવું જોઈએ.

સાધકે સૌથી પહેલા વાણીનો સંયમ કરવો જોઈએ-'**ऐसी बानी बोलीये, मन का आपा खोय  औरन को सीतल करे आपहु सीतल होय** ' (રહીમ) ગોસ્વામી તુલસીદાસજીનું મંતવ્ય છે- ''**तुलसी मीठे वचन ते सुख उपजे चहुं ओर  वसीकरन एक मंत्र है तजि दे वचन कठोर** '' વાણીના સંયમમાં કદાચ કચાશ આવવાથી દ્રૌપદીથી ભુલ થઈ ગઈ જે મહાવિનાશનું કારણ બની.

રાજસુય યજ્ઞ ચાલી રહ્યો હતો.ચકવર્તી સમ્રાટની મહારાણી દ્રૌપદીના મનમાં વિનોદ ઉછાળા મારવા લાગ્યો.તેમણે પોતાના જ જયેષ્ઠ સસરાને આંધળા કહ્યાં. તેમનું તે કથન મર્યાદા વિરૂધ્ધ હતું જેનુ પરિણામ ચિરહરણ અને મહાસંગ્રામમાં આવ્યું. ઈન્દ્રપ્રસ્થના અદ્‌ભુત સભાભવનને જોવામાં દુર્યોધનનું માથું એક દિવાલ સાથે અથડાયું. દુર્યોધનને ત્યાં જગ્યા જેવું લાગતું હતું પરંતુ ત્યાં સ્ફટીક અને કાચના પારદર્શક દરવાજા હતા, દિવાલો હતી. તેણે ગભરાઈને ચારે બાજુ નજર ફેરવી-કોઈ જોઈતો રહ્યું નથી?પરંતુ જોવાવાળા તો જોઈ રહ્યાં હતા. આગળ જઈને તેને વહેતુ પાણી જોવા મળ્યું. તે વસ્ત્ર સમેટવા લાગ્યો. એક દાસીએ નિવેદન કર્યુ - ''યુવરાજ ! અહીં પાણી નથી રસ્તો છે.'' તે દાસી તે જ માર્ગેથી નિકળી ગઈ.દુર્યોધન પણ તે જ રીતે નીકળી ગયો. થોડાક આગળ વધીને દાસીએ કહ્યું -''યુવરાજ સાવધાન ! આગળ પાણી છે !'' દુર્યોધનને ત્યાં રસ્તો દેખાતો હતો. તેને ગુસ્સો આવ્યો કે હવે દાસીઓ પણ વિનોદ કરવા લાગી છે. તે આગળ વધ્યો અને જળાશયમાં પડયો. દ્રૌપદી તે દશ્ય જોઈ રહી હતી. તેના મુખેથી નીકળી ગયું- ''આંધળાના સંતાન પણ આંધળા.'' આટલી અમથી વાત દુર્યોધનને બરાબર ખૂંચી ગઈ. તેના બદલા સ્વરૂપે દ્રૌપદીની સાડી ખેંચવામાં આવી; તેને વાળ પકડીને ઘસડવામાં આવી અને મહાભારત થઈ ગયું. તેથી વાણીનો સંયમ આવશ્યક છે.સાધકોના માટે વાણીનો સંયમ માત્ર એટલો જ છે કે ''જયારે બોલે ત્યારે હરિગુણ ગાય ,મૌન રહે તો નામ જપે.''

બીજો સંયમ મનોવૃતિનો નિરોધ છે અર્થાત વૃતિ હંમેશા મનનમાં શાંત પ્રવાહિત રહે. સાધક ભિક્ષા-ટન કરે છે. બાજુમાંથી કોણ કોણ આવ-જા કરે છે કોઈક અંદરો અંદર ઝઘડી રહ્યા છે, કોઈક કંઈક કરી રહ્યાં છે, માતાજીઓ તેના બાળકને ખિજાઈ રહી છે- કંઈકને કંઈક કાન પર અથડાય છે. આવી પરિસ્થિતીમાં તેઓના

હાવ-ભાવથી, આંખોથી જોવાથી, કાનોથી સાંભળવાથી, વૃત્તિમાં ઉદ્‌વેગ(ખળભળાટ) પેદા ન થવો જોઈએ. એવુ ન થાય કે તમે પણ એ વાતાવરણમાં ભળી જાઓ અથવા તે જ ગણિત તમે પણ લગાવવા માંડો. સંસારમાં આ બધું ચાલતુ જ રહે છે. સમુદ્ર છે તો મોજા તો ઉછળશે. સાધકે તો પોતાના લક્ષ પર જ, પોતાની ટેક પર જ દ્રષ્ટિ રાખીને ચાલવુ જોઈએ,ચિંતનમાં અનુરકત રહેવું જોઇએ, સચેત સ્થિતિમાં જ રહીને ચાલવું જોઈએ.

રસ્તામાં જોઈને ચાલવુ પણ એક સંયમ છે. પહેલા આજની જેમ સડકો તો ન હતી. પ્રાચીન કાળની કેડીઓમાં કયાંક સાપ, કયાંક વિંછી, કયાંક કાંટા તો કયાંક કાંકરા, કયાંક કીચડ તો કયાંક કંઈને કંઈ રહેતુ હતું. તેથી, રસ્તામાં જોઈને ચાલવુ જોઈએ. તે આજના જમાનામાં પણ એટલુ જ અગત્યનું છે.

કોઈ પણ વસ્તુ જોઈ-સમજીને રાખવી અથવા ઉઠાવવી જોઈએ કે આ જગ્યા ઉક્ત વસ્તુને રાખવા માટે યોગ્ય છે કે નહીં. વસ્તુ જયાંથી પણ લઈ રહ્યા હોવ, ત્યારે પણ જોઈ સમજીને ઉઠાવવી જોઈએ. શક્તેષગઢની આસપાસના ગામના એક પહેલવાન આશ્રમ આવતાં જતા રહેતા હતા. છન્નુ વર્ષની ઉમરે હમણા તેમનું શરીર છુટયું. એકવાર મેં એમને પુછયું કે તમારી પહેલવાની કેવી હતી ? તેઓએ કહ્યું -મહારાજજી ! ઘરથી દશ કિલોમીટર દુર એક અખાડા પર હું અભ્યાસ માટે જતો હતો. હું ઘરેથી અખાડા સુધી દોડીને જતો, ત્યાં લડતો અને ફરી દોડતો દોડતો જ ઘરે આવતો હતો.

મેં વિનોદમાં જ પુછયું, " પહેલવાનીમાં તો સારી-સારી વસ્તુઓ ખાવા મળતી રહેતી હશે ? " તેઓએ જરા ઉદાસ થઈને કહ્યું, " તે જ તો ન મળ્યુ મહારાજજી! નહીંતર તો સારા પહેલવાનોમાં મારી ગણતરી થતી હતી, ઉચી આકાંક્ષા હતી. સારા ભોજનના અભાવના કારણે પ્રગતી કરી શકયો નહીં." મેં પુછયું, " તમારા જીવનની એકાદ અવિસ્મરણીય ઘટના હોય તો બતાવો." તેઓએ કહ્યું કે, " એકવાર અમે પશુના ચારા માટે ખેતરમાં ગયા. નજીકમાં વાંસની ઝાડી હતી. મેં ઝાડીમાં સુંડલી રાખી દીધી.તે સમયે હું અખાડાની બાબતમાં વિચારી રહ્યો હતો. મેં જોયુ નહીં કે સુંડલી કયાં રાખી રહ્યો છું?ત્યાં એક કાળો સાપ હતો. સુંડલી તેની ઉપર પડી. સાપે મને ડંખ દઈ દીધો. ત્યાં ધ્યાન જતા જ મેં સાપને પકડી લીધો, સાપ હાથ પર વિંટાવા

લાગ્યો. તેનો ભરડો એટલો મજબુત થતો હતો કે હમણા હાથનુ હાડકુ તુટી જશે; પરંતુ મેં સાપની ગર્દન (ડોક) ન છોડી. દોડતો દોડતો ઘરે આવ્યો, લોકોને બોલાવ્યા. ગમે તેમ કરી સાપને હાથથી છોડાવ્યો અને દુર ફેંકી દીધો, તેને મારી નાખ્યો; પરંતુ હું બેભાન થઈ ગયો. ઘરવાળાઓએ ઉપચાર કરાવ્યો. ત્રીજા દિવસે હું ભાનમાં આવ્યો." જો તે પહેલવાને જોઈને જ સુંડલી રાખી હોત તો શું આ ઘટના બની હોત?

એકવાર અન્ય સજજન ત્રાંબાના પાત્રમાં પાણી ભરી પોતાના ખાટલા નીચે રાખીને સુતા અને સવારે જાગતા જ તે પાણી પીતા. ઉનાળાના દિવસો હતા. એક વિંછીં ઠંડકની શોધમાં તે લોટા પર બેસી ગયો. સવારે ટેવ પ્રમાણે તેઓએ ખાટલાની નીચે હાથ લંબાવ્યો તો વિંછીંએ ડંખ દઈ દીધો. કદાચ તેઓએ જોઈને હાથ લંબાવ્યો હોત તો એવી દુર્ઘટના ઘટી હોત ? તેથી, આ મહાપુરૂષે નિયમ બનાવ્યો કે વસ્તુ રાખતા અથવા ઉઠાવતા સમયે જોઈ સમજીને ઉઠાવવી કે રાખવી જોઈએ.

તેઓએ " આલોકિત પાન ભોજનાનિ " ની વ્યવસ્થા આપી કે ભોજન અને જળ પ્રકાશમાં જોઈ-સમજીને ગ્રહણ કરવું. જૈન આચાર્યોએ તેની વ્યાખ્યા કરી કે આલોકનું તાત્પર્ય દિવસ પણ થઈ શકે છે તેથી રાત્રે ભોજન ન કરવુ જોઈએ. અઢી હજાર વર્ષ પહેલા ભગવાન મહાવીર થઈ ગયા. તે સમયે કેરોસીનની શોધ થઈ ન હતી. તેથી, ઘોર જંગલમાં રહેવાવાળા આચાર્યોએ વ્યવસ્થા આપી હશે કે ખાવા-પીવાનું કામ દિવસમાં જ કરી લેવુ જોઈએ. આ સમયની વ્યવસ્થા હતી જયારે પ્રકાશના ઉપકરણો સાધારણ જનસમુદાયને પ્રાપ્ય ન હતા. આજ કાલ મહાનગરોમાં અંધારાની કોઈ સમસ્યા જ નથી. રાત્રે ક્રિકેટ પણ રમાય છે. જમીનની નીચે રેલગાડી ચાલે છે, સબમરીનમાં જીવવા-ખાવાનું ચાલતુ જ રહે છે. આલોકનો અર્થ માત્ર દિવસ સમજી લેવો એક ભ્રમ છે; કેમ કે તે જ આજકાલ જૈન સમાજનો માપદંડ બનીને રહી ગયો છે.

તે પણ એક અંધવિશ્વાસ જ છે કે શાકભાજીઓના પાન તો ખાઈ શકાય છે કેમ કે તેમા ઓછા જીવો હોય છે. જમીનની અંદર તૈયાર થવાવાળા શાકભાજી, મુળા, બટેટા, બધા જ કંદ, ગાજર વગેરે એટલા માટે ન ખવાય કેમ કે એમાં જીવ વધારે હોય છે. જમીનની ઉપરની વનસ્પતીઓના ઉપયોગથી જીવ હિંસા ઓછી થાય છે. એક જૈનપરિવારના લોકોએ કહ્યું-અમે બટેટા નથી ખાતા,મુળા,ગાજર,વગેરે કંદ

પણ ખાતા  નથી.મેં તેનું કારણ પુછયું, તો તેઓએ કહ્યું- " મહારાજ ! અમે લોકો અહિંસક છીએ. જમીનની અંદર જે વનસ્પતી તૈયાર થાય છે તેમાં જીવ વધારે હોય છે.ઉપરવાળો ભાગ ખાઈને અમે લોકો જીવ-હિંસા ઓછી કરીએ છીએ. " મેં પુછયું- " ઉપરથી કોઈનું ગળુ કાપીને ખાઈ લેવાથી તે તો મરી જ ગયો. તેનો નીચલો ભાગ પણ ખાવામાં ઉપયોગમાં લો તો થોડા વધારે સમય પછી બીજા જીવોનો ક્રમ આવે. ઉપરના ભાગના ઉપયોગથી તમે જીવોને મારવાની પ્રક્રિયાને ઉલટી વેગવાન બનાવી દીધી. તેઓએ સ્વીકાર કર્યો કે આ વ્યવસ્થા ભ્રમ પ્રતીત થાય છે. મેં  તેઓને પુછયું, " આદુ-હળદર તો તમે લોકો ખાતા જ હશો ?"  તેઓએ કહ્યું " તેના વગર ચટણી કે શાક કેમ બને? દાળ કેવી રીતે બને?"  મેં કહ્યું,"તે તો બટેટાથી પણ વધારે ઊંડાઈએ થાય છે. તેમાં જીવ વધારે માત્રામાં હોતા નથી? તેઓએ કહ્યું,"ત્યારે તો આ પણ એક ભ્રમ જ છે, હાસ્યાપદ છે."

અનેક મહાત્મા હાથમા સુવાળુ બ્રશ અથવા કપડાનું ઝાંપટીયુ લઈને ફરે છે. તેનાથી તેઓ રસ્તો સાફ કરીને પોતાનો પગ રાખે છે. જેનાથી પગ નીચે કોઈ જીવ દબાઈને મરી જાય નહીં . અમુક લોકો પાણી ગાળીને પીવે છે, કોઈક ઉકાળીને પીવે છે, તો કોઈ બીસલરી બોટલના રૂપમાં ઉકાળેલુ અને શુધ્ધ કરેલુ પાણી પીવે છે કેમ કે પાણી પ્રદુષિત છે, તેમાં કિટાણુઓ છે. જળ ઉકાળીને તેઓ કિટાણુઓની રક્ષા કરે છે કે તેઓ તેને મુત્યુદંડ આપે છે? તે કિટાણુઓને હટાવીને લોકો પોતાના પ્રાણની રક્ષા કરે છે. અમારા ગુરૂમહારાજ પણ પાણી ઉકાળીને પીતા હતા કેમ કે પાણીમાં ખરાબી હતી. જીવોની રક્ષા કે હત્યાનો તેમાં પ્રશ્ન જ ન હતો.

આ પ્રકારે સેંકડો મહાત્મા અહિંસાના નામ પર મુખ પર કપડું બાંધીને ચાલે છે જેનાથી મોઢામાં  કોઈ કિટાણુ ન આવી જાય અને મોઢાના ગરમ ઉચ્છશ્વાસથી નાના જીવોને કષ્ટ ન થાય. તે પણ એક ભ્રમ છે. શ્વાસ લેવાનું કામ તો નાકનું છે. પોતાની ક્ષમતા પ્રમાણે જીવોનો શ્વાસ તીવ્ર અથવા ધીમી ગતીથી ચાલતો જ હોય છે. હાથી બેસીને શ્વાસ લે છે તો પણ ધુળ ઉડતી રહે છે. અજગર શ્વાસમાં નાના જીવોને ખેંચી લે છે. કુંભકર્ણના શ્વાસની સાથે સેંકડો મરકટ(વાંદરા) તેના મુખમાં ચાલ્યા જતા હતા. તે તો દરેક જીવની પોતાની ક્ષમતા અને જરૂરીયાત છે. મુખથી કયાં કોઈ વાયુ નીકળે છે ?

તેમ છતાં ભુલથી કોઈ જીવ કદાચ મરી જાય તો તેના માટે એક મહીનો પ્રાયશ્ચિત કરવાનો નિયમ જૈન સમાજમાં છે. તે છે જીવો ઉપર દયા જેને તેઓ અહિંસાનુ જ અંગ માને છે. ભરતમુનિએ હરણનાં બચ્ચા પર દયા જ તો કરી હતી. તે અનાથ બચ્ચાની પ્રાણરક્ષા કરી હતી, તેઓને તે પછીનો જન્મ હરણનો લેવો પડયો હતો.

ભગવાન મહાવીરની દ્રષ્ટિમાં શરીર ઝાંકળના એક બુંદ જેવુ છે. શિયાળામાં ખેતરમાના છોડની કુંપણો પર ઝાંકળના બુંદો મોતીની જેમ ચમકતા રહે છે. સુર્યનું કિરણ પડતા જ તે બુંદો જમીન પર પડી જાય છે. એક કલાકમાં તો બધો ઝાંકળ વરાળ બનીને ઉડી જાય છે. સવારે તમે તેની નજીક ભ્રમણ કરો તો ઝાંકળથી પગ ભીંજાય જાય છે, કપડા પણ ભીંજાય જાય છે, બપોર સુધીમાં તો ઝાંકળનું કયાંય નામો-નિશાન પણ રહેતું નથી.જયારે શરીર જ આટલું ક્ષણભંગુર છે તો પછી તમે જીવની કેવી રીતે રક્ષા કરી રહ્યા છો? સુર્ય તો નીકળવાનો જ છે, ઝાંકળની બુંદોને બાષ્પ બનીને ઉડવાનું જ છે. તમે ઝાંકળની બુંદોને રોકી પણ શકવાના નથી. અહિંસાના નામ પર તમે કોને બચાવી રહ્યા છો ?

ભગવાન મહાવીર પ્રમાણે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિસમ્પન્ન મુનિ અહિંસક છે. પાંચ જ્ઞાનન્દ્રિયોના પાંચ વિષયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ છે. આ પાંચેય ઈન્દ્રિયોના સંયમ પાંચ સમિતિ છે, આંખો બાહ્ય જગતમાં રૂપ જોવાનું બંધ કરે, જીભ સ્વાદ માટે લાલચ ન કરે. તેનું સંયમમાં હોવુ સમિતિ છે. મહાત્માઓએ તેના સંયમ પર ઉપદેશો કર્યા છે. તે જ વાત પર ભાર મુકતા સંત કબીર કહે છે -" सन्तो ! घर में झगडा भारी रात दिवस मिलि उठ-उठ लागें,पांच ठोटा एक नारी " પાંચ જ્ઞાનેન્દ્રિયો પાંચ છોકરાઓ છે જેમની પાછળ માયારૂપી નારી પ્રેરણા રૂપે રહે છે. " न्यारो-न्यारो भोजन चाहैं, पांचो अधिक सवादी कोउ काहु कर हटा न माने आपुहि आप मुरादी " પાંચેય જ્ઞાનેન્દ્રિયો અલગ અલગ ભોજન ઈચ્છે છે. તે બધીને અલગ અલગ ભંડાર-ઘર છે. આંખો રૂપ જોઈને સંતૃપ્ત થાય છે, કાન શબ્દ સાંભળવા માંગે છે, ત્વચાને સ્પર્શ જોઈએ છે, જીભને સ્વાદ તો નાકને સુગંધ જોઈએ છે. તે પાંચેયને ભોજન પણ અલગ-અલગ અને પુરા સ્વાદ વાળુ જોઈએ. પોતાના ખોરાકમાં કાપ તેઓને અસહ્ય છે. તેમાંથી કોઈ પણ

ઈન્દ્રિય બીજાનું અનુશાસન માનવા માગતી નથી, માત્ર તેની પોતાની ઈચ્છા પુરી થવી જોઈએ. ઉતમ વિષય રસ સિધ્ધ થવો જોઈએ. તે ભ્રમિત ઈન્દ્રિયોને પરિતૃપ્ત કરવાવાળો રસ પણ દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે બદલાતો રહે છે. બાળકને થોડું અડી પણ દઈએ તો ધમકી આપે છે - મમ્મીને કહી દઈશ. તમારી પાછળ સેના લગાડી દઈશ. થોડો મોટો થઈને તે જ બાળક રમકડાઓમાં ખોવાઈ જાય છે. યુવાન અવસ્થામાં તે જ ક્રિકેટ, નાચગાનમાં લિપ્ત જોવા મળે છે. વૃધ્ધાવસ્થામાં બાળકોની બઢતી સાંભળવા અથવા તો તેઓની એક ઝલક જોવાને જ આંખો તરસે છે. કાન પહેલા કંઈક બીજુ સાંભળી રહ્યા હતા, આજે આમાં જ ખુશ છે. આ રીતે અવસ્થા પ્રમાણે આ પાંચેયનો ખોરાક પણ બદલાતો જાય છે. શરીર છુટયાં પછી પણ પાંચેય ઈન્દ્રીયો નવા કલેવરોમાં તૈયાર મળે છે. આ પાંચેય ઈન્દ્રીઓમાં જે વિકૃત છે, નવી નવી દિશાઓમાં પોતાના રસ માટે દોડતી રહે છે -તે સમ ( તટસ્થ ) થઈ જાય, સંગઠીત થઈ જાય, એક સમિતિ બની જાય છે.

મન, વચન અને કર્મને ગુપ્ત રૂપથી પ્રભાવીત કરવાવાળા ત્રણ સત્વ, રજસ,તમસ જ ત્રણ ગુપ્તતા ( રહસ્ય ) છે. આ ત્રણેય પ્રભાવ ન પાડી શકે, તેના પ્રભાવ ક્ષેત્રથી સાધક જે ક્ષણે ઉપર ઉઠી જાય છે તે સમયે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિસમ્પન્ન મુનિ અહિંસક છે. તેનાથી વિપરીત જેઓનું જીવન અસંયમી છે, જેના દ્વારા સંયમ સાધવામાં આવ્યો નથી, તેઓ હિંસક છે.

સંયમી વ્યકતી કોઈ જીવવની હત્યા કરે કે ન કરે, તે હિંસક અથવા અહિંસક કહેવાતા નથી કેમ કે અહિંસાનો આધાર આત્માનો વ્યવસાય છે. આત્માના સંરક્ષણમાં ચાલવુ, આત્મ- સ્થિતિ માટે દ્રઢતાપુર્વક લાગી રહેવુ અહિંસા છે. તે બાહ્ય જગતના ક્રિયાકલાપમાં છે જ નહીં. આત્મપથ ઉપર અગ્રેસર થવાની યોગ-સાધનાનું એક અંગ અહિંસા છે.

એક શ્રધ્ધાળુએ હિંસા-અહિંસાની બાબતમાં ભગવાન મહાવીરને પુછયું.ભગવાને કહ્યું - જેનું હ્રદય દુષ્ટ ભાવોથી ભરેલુ છે, જે વાસનાઓ અને વિકારોથી યુકત છે. તેવા લોકો જીવોનો ઘાત ન કરે તો પણ હિંસક છે અને જેનું હ્રદય પવિત્ર છે, તે સંસારમાં જીવોનો ઘાત કરે તો પણ શુધ્ધ અહિંસક છે.

જૈન તીર્થકર ભગવાન મહાવીરના ઉપદેશ પાંચ મોટા અણુવ્રતો પર આધારીત છે, અહિંસા સત્ય, અસ્તેય,બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-બધુ મળીને એક અણુવ્રત થાય

છે. અણુવ્રત અર્થાત અતિસુક્ષ્મ વ્રત.ભગવાન બુધ્ધે તે જ પાંચેયને પંચશીલ કહ્યાં. મહર્ષિ પતંજલીએ 'યોગદર્શન' માં તેને જ પાંચ યમ કહ્યાં.

પ્રસિધ્ધ જૈનાચાર્ય અમૃતચન્દે ' પુરૂષાર્થ સિધ્ધયુપાય ' નામના ગ્રંથમાં લખ્યુ છે -

अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति

तेषामेवोत्पति हिंसेति जिनागमस्य संक्षेपः ४४

અર્થાત અંતઃકરણ(મન)માં રાગાદિ વિકારોનું ન હોવુ અહિંસા છે તથા આ વિકારોનું હોવુ હિંસા છે. આ સંપુર્ણ જૈન શાસ્ત્રનો નિષ્કર્ષ છે. રાગ વગેરે વિકારોથી હાની શું છે ?

"यत्खलु काषाय योगात् प्राणानाम् द्रव्यभावरूपानाम व्यपरोणस्य सुनिर्ि ता सम्भवति हिंसा "

રાગ દ્વેષ વગેરે વિકારોના કારણે મન, વચન અને શરીરથી દ્રવ્યરૂપે કે ભાવરૂપે પ્રાણો (આત્મા)નો જે ઘાત કરવામાં આવે છે તે હિંસા છે. સૃષ્ટિમાં જે કંઈ છે તે દ્રવ્ય છે, સંપતિ છે. જેના બે રૂપ છે- દૈવી સંપતી અને આસુરી સંપતી. આત્મિક સંપતિ સ્થિર સંપતિ છે, નિજ ધન છે. રાગ દ્વેષ વગેરે વિકારોથી અલગ રહીને મન, વચન અને કર્મથી જે આત્મિક સંયમ દ્વારા સંગ્રહીત થઈ રહી હતી તથા સદ્ગુરૂ પ્રત્યે સંપુર્ણ શ્રધ્ધાભાવ રૂપમાં પ્રાણ અર્થાત મન, બુધ્ધિ, ચિત અને અહંકારમાં જે ઘાત અથવા હ્રાસ થાય છે; દેવી સંપતીનું સંકલન અવરોધાય જાય છે તે હ્રાસ જ હિંસા છે, જેમ કે સાધક જે આત્મપથ તરફ અગ્રેસર થઈ રહ્યા હતા, તેમાં રૂકાવટ આવી ગઈ.

બીજી જગ્યાએ તેઓ કહે છે. -

आत्मपरिणाम हिंसन हेतुत्वात्सर्वमेव हिंसैतत्

अमृत वचनाभिः केवलमुदाहृतं शिष्यबोधाय

(પુરૂષાર્થ,૪૨)

અર્થાત આત્મ-પરિણામનું હનન કરવાવાળા બધા જ વિકારો હિંસા જ છે ! ખોટું ન બોલો, ચોરી ન કરો, વ્યભિચાર વગેરેનો નિષેધ જે અલગ-અલગ બતાવવામાં આવે છે, શિષ્યોને સમજાવવા માટે છે. ખરેખર તો અહિંસા આત્મ પરિણામ અર્થાત જે સાધનાનું પરિણામ આત્માનો સાક્ષાત્કાર છે-નું હનન કરવાવાળા તથા તેનાથી પથભ્રષ્ટ અને વંચિત કરવાવાળા બધા જ વિકાર હિંસા છે.

તત્વાર્થ સુત્ર(મોક્ષશાસ્ત્ર)માં જૈન આચાર્ય ઉમા સ્વામીનું કથન છે- " प्रमत्तयोगात्प्राण व्यपरोपणं हिंसा १ ३ " અર્થાત પ્રમાદથી યુકત થવાથી જીવના ભાવપ્રાણ તથા દ્રવ્યપ્રાણનું અપહરણ થઈ જવુ જ હિંસા છે. પ્રમાદ અર્થાત વ્યર્થ ચેષ્ટાઓ. જયારે સંયમ તુટે છે, રાગ-દ્વેષ વગેરે વિકાર આવી જાય છે. સાધક વ્યર્થ ચેષ્ટાઓ કરવા લાગી જાય છે. પ્રમાદથી યુકત થવાને કારણે જીવના ભાવપ્રમાણ અર્થાત પ્રાણોમાં જે ભાવ હતો, તે અભાવમાં પરિવર્તીત થઈ જાય છે. અંતઃકરણમાં શ્રધ્ધાનો જે પ્રવાહ ચાલી રહ્યો હતો, તે અવરોધાય જાય છે. તે પ્રકારે દ્રવ્યપ્રાણ અર્થાત દૈવી સંપતિ, આત્મિક સંપતિ, નિજ ધન, જે મળી ગયા પછી અચુક કલ્યાણ કરે જ છે, તે દ્રવ્યનું પ્રાણોના વેપારથી અપહરણ થઈ જવું જ હિંસા છે. અર્થાત મનના અંતરાલમાં ઉત્પન્ન થવાવાળા રાગ વગેરે ઉદ્વેગોનું રોકાઈ જવું જ અહિંસા છે. સ્પષ્ટ છે કે અહિંસાના પાલનમાં માનસિક ક્રિયા જ પ્રધાન (મુખ્ય)છે. બાહ્ય ક્રિયાઓ સાથે અહિંસાને સંબંધ નથી. જો મન પ્રમાદથી યુકત નથી તો તે મુનિ કોઈ પ્રાણીને મારીને પણ હિંસા કરતાં નથી.

જૈન શાસ્ત્રોમાં છે કે ઈરિયા સમિતિને પ્રાપ્ત અર્થાત જોઈને ચાલવાવાળા મુનિના પગ નીચે કેટલાય પણ જીવ આવીને મરી જાય તો તેઓને ન હિંસા છે ન અહિંસા.

અહિંસાની ભુમિકાને તેજસ્વી બનાવવા માટે અંતઃકરણને પવિત્ર બનાવવું પડે છે. પોતાની પવિત્રતામાં અહિંસા સહજ રીતે જગમગી ઉઠે છે. ત્યારે સર્વત્ર પોતાના જ દર્શન થાય છે. શું બાહ્ય જીવને ન મારવાથી સર્વત્ર પોતાના દર્શન થાય છે? અહિંસા એક એવુ સ્તર છે જયાં અહિં ત્યાં બધે જ પોતાના દર્શન થાય છે. અહિંસક પોતાના જ જેવા બધાને જાણે છે, તેને માત્ર સહાનુભુતિ નહીં, સમાનુભુતિ થવા લાગે છે. તેને 'ईशावास्यमिदं सर्वम् '-સર્વત્ર ઈષ્ટ જ પ્રસારીત થયેલા દેખાય છે. તે પ્રકારે જે સ્વસ્વરૂપમાં સ્થિત છે, તે મહાપુરૂષ કંઈ પણ કરે, તેમનાથી કલ્યાણસ્વરૂપ અહિંસા જ પ્રવાહીત થાય છે અને જે સ્વરૂપની બહાર છે તે કેટલા પણ ફુંકી-ફુંકીને પગ રાખતા હોય,તેમનાથી હિંસા જ પ્રવાહિત થાય છે.અર્થાત આત્મરમણ,આત્મચિંતન અને અહિંસા એક જ છે.સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થયા પહેલા અહિંસા અધૂરી છે,હજુ ચાલવાનું બાકી છે.અહિંસા તપશ્ચર્યાનું પરિણામ છે. પરિસ્થિતિ વસાત જરા જેટલો પણ અહિંસાનો પ્રયોગ મુનિઓએ સામાજીક વ્યવસ્થાના સંદર્ભમાં કર્યો જે કાલાંતરે ભ્રમનું કારણ બન્યો.

કહેવામાં આવે છે કે બધા જ પ્રાણીઓને જીવન પ્રિય છે. બધા જ જીવો જીવવાની આશા રાખે છે. દુઃખ બધાના માટે પ્રતિકુળ છે, વધ બધાને અપ્રિય છે. બધા જ સુખના અભિલાષી છે તેથી કોઈને પણ મારવા ન જોઈએ તથા કષ્ટ દેવુ ન જોઈએ; પરંતુ જેવુ ' સમયસાર ' નામના ગ્રંન્થમાં આચાર્ય કુન્દ કુન્દે કહ્યું છે-

**जो मण्णादि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं**

**सो मुढो अण्णाणी णाणी एतोदु विवरीदो २४७**

અર્થાત જીવોના જન્મ-મરણ, સુખ-દુઃખ પોતાના કરેલા કર્મોથી હોય છે. કોઈ કોઈને મારી જ શકતું નથી અને મરનારને બચાવી પણ શકતું નથી, તો મારવાનું નામ હિંસા અને બચાવવું અહિંસા કેમ હોઈ શકે? જયારે બધુ જ પોતાના કર્મોનું જ પરિણામ છે તો કોણ કોને કષ્ટ આપે છે?

એકવાર ભગવાન મહાવીર જંગલમાં એક ઘટાદાર વૃક્ષ નીચે ધ્યાનમાં મસ્ત બેઠા હતા. એક ગોવાળ બે બળદોને લઈને આવ્યો અને ત્યાં બેસી ગયો. બળદો પણ ત્યાં બેસી ગયા. આકસ્મિક રીતે તે વ્યકિત જંગલમાં કંઈક લેવા જતો રહ્યો. તે પાછો આવ્યો ત્યારે બળદ ત્યાં ન હતા. તેણે મહાવીર સ્વામીને પુછયું, " ભગવન્ મારા બે બળદ અહિં હતા તે કયાં ગયા? " તે મહાપુરૂષ ધ્યાનમાં લીન હતા. તેઓને ભાન પણ ન હતું કે કયારે કોણ આવ્યું, કયાં સુધી બેઠા, અને કયારે ચાલ્યા ગયા? ગોવાળે બે ત્રણ વાર પુછયું. તે મહાપુરૂષ ન બોલ્યા, આંખો ખુલ્લી હતી, વિચિત્ર લાગતુ હતું, ધ્યાન અંદર હતું, દ્રષ્ટિ સ્થિર હતી. તેઓને શાંત મુદ્રામાં જોઈને તે બળદોને શોધવા ચાલ્યો ગયો.

થોડા સમય પછી બળદો ચરીને તે જ ઝાડ નીચે ફરી આવી ગયા અને તેઓ ત્યાં જ ફરીથી બેસી ગયા કેમ કે મહાપુરૂષની ચારેય તરફ વાયુમંડળ એકદમ શાંત રહે છે. તેઓને પણ આરામ મળ્યો; કેમ કે "हित अनहित पशु पक्षिउ जाना " તેઓ શાંતીથી ઓગાળવા લાગ્યા. ગોવાળીયો પણ ઘડી બે ઘડી જંગલમાં આમ-તેમ ભટકીને પાછો આવ્યો. બળદોને તે મહાત્મા પાસે બેઠેલા જોઈને તેને ગુસ્સો આવ્યો. તેણે વિચાર્યુ-આ બાબા બળદોની બાબતમાં જાણતા હતા. તેણે જાણી-જોઈને મને ન બતાવ્યું. તે બહેરો બનવાનો ઢોંગ કરી રહ્યો છે. તેને ખરેખર જ બહેરો બનાવી દઈએ. તેણે દર્ભના ઘાસનો એક છોડ ઉખાડયો. દર્ભની જડ અણીદાર અને મજબુત

હોય છે. ગોવાળીયાએ તેને ખિલ્લાની જેમ મહાવીર સ્વામીના કાનમાં ઠોકી દીધી, કાનથી બહાર રહેલા દર્ભના ભાગને સુડીથી કાપી નાખ્યો જેથી કોઈ તેને કાઢી ન શકે. ભકતોની દ્રષ્ટિ પડી, તેઓએ તે દર્ભની સળી કાઢવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે ન નીકળી, લુહારને બોલાવવામાં આવ્યો તેણે સાણસીથી તે સળી કાઢી, કાનમાંથી લોહીની ધાર વહેવા લાગી, મહાવીરના મુખમાંથી એક ચીસ નીકળી ગઈ. તેની સાથે જ તેઓને એક આકાશવાણી પણ સંભળાઈ કે '' પાછળના જન્મમાં તમે રાજા હતા, તમે તમારી સામે જ એક નિર્દોષ વ્યકતિના કાનમાં ખિલ્લો ઠોકાવ્યો હતો. આજે તે પ્રાયશ્ચિત(ખોટા કર્મનો ભોગ)પુરૂ થયું. હવે ભવિષ્યમાં આવો કોઈ બદલો બાકી નથી. '' **अवश्यमेव भोकतव्यं कृतम कर्म शुभाशुभम्**''-કરવામાં આવેલ શુભ અથવા અશુભ કર્મ અવશ્ય ભોગવવુ પડે છે.જૈન વિચારધારામાં કહેવામાં આવ્યુ છે કે કોઈને હેરાન કરવા નહીં.કોણ કોને હેરાન કરે છે?શું તે ગોવાળે મહાવીરને હેરાન કર્યા હતા?તેણે તો પોતાનો બદલો પુરો કરવાનો જ હતો, તે તેનો અધિકાર હતો,તે થવાનુ જ હતું. મહાવીરના પોતાના સંસ્કારો (પ્રારબ્ધ )એ તેઓને અહિંયા લાવી દીધા હતા, ખિલ્લો ઠોકાઈ ગયો. તે તો કરેલા કર્મનો પ્રભાવ છે જે સમય પર થતો જ રહે છે.

સંસ્કારોનો નિયમ છે કે હજારો જન્મ પછી પણ બરાબર તે જ સમયે તે સ્મૃતિપટલ પર આવે છે. કાળના પરિવર્તનથી પણ તેમાં કોઈ અડચણ ઉભી થતી નથી. મહર્ષિ પંતજલીએ બતાવ્યું છે કે - ' **जातिदेशकालव्यहितानामप्यानन्तर्य स्मृतिसंस्कारयोरेकरूपत्वात्** ' (યોગદર્શન ૪/૯ )-જાતિ અર્થાત જન્મ, દેશ અને કાળ અર્થાત સમયનો બદલાવ રહેવા છતાં પણ કર્મ સંસ્કારોમાં અડચણ ઉભી થતી નથી ; કેમ કે સ્મૃતિ અને સંસ્કાર બંન્નેનું એક જ સ્વરૂપ છે. સ્મૃતિમાં તે જ વસ્તુ ઉઠે છે જે સંસ્કારમાં હોય છે. સંસ્કારોની ગતિ ન્યારી છે, અફર છે, તે જન્મ જન્માંતરો સુધી અહીં ત્યાં સર્વત્ર કર્તાનો પીછો કરે છે. કાગભુશુણ્ડિ મુનિને અનેક જન્મ મળ્યાં,કાળચક્રમાંથી પસાર થયા,અનેક દેશોમાં ગયા પણ સંસ્કારમાં કોઈ ફેર ન પડયો -''**कवनेउँ जन्म मिटिहिं नहिं ग्याना** '' કોઈ પણ જન્મમાં તેમનું જ્ઞાન નષ્ટ ન થયું.

શત્રુ-મિત્ર બધા પ્રત્યે સમાન ભાવ, દરેક જીવો પ્રત્યે મૈત્રિભાવ, કોઈપણ પ્રાણીને હાનિ ન પહોંચાડવી - આ અહિંસા પ્રાપ્ત સંતનો સ્વભાવ છે. તેમનાથી

જયારે પણ થશે અહિંસા-મંગળ જ થશે. પરમાત્મભાવમાં સ્થિત સંતના હૃદયની આ અવસ્થા છે, આવા મહાત્મા ''विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः '' વિદ્યા વિનયયુકત બ્રાહ્મણમાં, ચાંડાલમાં, કૂતરામાં, ગાયમાં તથા વિશાળકાય હાથીમાં સમાન દ્રષ્ટિ રાખે છે. તેઓની દ્રષ્ટિમાં વિદ્યા વિનયયુકત બ્રાહ્મણ ન તો કોઈ વિશેષતા રાખે છે અને ન તો ચાંડાલ કોઈ હિન્નતા રાખે છે; કેમ કે તેઓ જાણે છે કે વિદ્યા-વિનય યુકત બ્રાહ્મણ લક્ષ્યની એકદમ નજીક છે અને જેને ચાંડાલ કહેવામાં આવે છે, લક્ષ્યથી થોડો દૂર છે. પરંતુ છે તો બંન્ને એક જ રસ્તાના મુસાફર. મહાપુરૂષોની દ્રષ્ટિ તેઓના આત્મા પર પડે છે. શરીરનાં ગુણ-સ્વભાવ-વ્યવસાય તેઓની દ્રષ્ટિમાં ગૌણ છે. કોઈને દુઃખ ન પહોચાડવું, દયા તેઓનો સહજ સ્વભાવ હોય છે.

જૈન સાહિત્યમાં મહાવીર સ્વામીના પૂર્વજન્મોનો વૃતાંત મળે છે. ચોવીસ જન્મો પહેલા તેઓ એક કઠિયારાના રૂપમાં હતા. તેઓની દ્રષ્ટિ એક સંત પર પડી. તેમને તેઓ જોતા જ રહ્યાં. એવુ શાંત સ્વરૂપ તેઓએ પહેલા કયારેય જોયુ જ ન હતું એટલે લાંબા સમય સુધી જોતા રહ્યાં.તે સંત દર્શનના પ્રભાવથી તે પછીના જન્મમાં તેઓએ બે સંતોને ભોજન કરાવ્યું.તે પુણ્યના બળે તેઓને ત્રીજા જન્મમાં સત-સંગ પ્રાપ્ત થયો, અનાસકત થઈ ગયા. તેઓ સંન્યાસી પણ થયા. કયાંક કંઈ ભુલ થઈ ગઈ તો નર્ક પણ મળ્યું. ભોગવવાનું સમાપ્ત થઈ ગયુ અને ફરીથી સંત થયા. એકવાર તેઓને સિંહ બનવું પડયું, કયારેક રાજા થયા અને અંતીમ ચોવીસમાં જન્મમાં તિર્થંકર થઈ ગયા. આ પ્રકારે ભગવાનની સાધના સંત-દર્શનથી પ્રારંભ થઈ, જેણે તેઓને પૂર્ણ કૈવલ્ય જ્ઞાન સ્વરૂપ બનાવીને જ છોડયા.

તેથી જૈન-પરંપરામાં પાંચ પરમેષ્ઠિયોના નમનનો નિયમ જ બની ગયો કે - ''णमो अरहंताणं'' -અરિહન્તને નમસ્કાર છે. કામ-ક્રોધ-રાગ દ્વેષ વગેરે શત્રુ જેઓના સમાપ્ત થઈ ગયા છે, જે બીજાઓના પણ આ વિકારો સમાપ્ત કરવાની ક્ષમતા રાખે છે, તે મહાપુરૂષને હું નમન કરું છું. ''णमो सिघ्धाणं''- પરમતત્વ પરમાત્મા જેને વિદિત(સાક્ષાત) છે, જેમને પોતાની ઈન્દ્રિયો પર સંયમ છે, નૈષકર્મણ્યની સિધ્ધીવાળા તેવા મહાપુરૂષોને હું નમસ્કાર કરું છું.અર્થાત તેવા મહાપુરૂષના શરણમાં જાઓ, તેઓને નમસ્કાર કરો, તેઓના પ્રતિ પોતાની જાતને

સમર્પિત કરો. ''णमो आयरियाणं''-જે આર્ય પુરૂષ છે, જેઓને આર્યત્વ પ્રાપ્ત છે. (મહાવીરનાં કહેવા પ્રમાણે જેઓની બુધ્ધિ યથાર્થ છે,જેઓ જિતેન્દ્રિય છે,જેઓનો સંકલ્પ યથાર્થ છે,તેઓ આર્યત્વ પ્રાપ્ત પુરૂષ છે.આર્ય એક વૃતિ છે ન કે કોઈ જાતિ કે જયાંથી તેઓ આવ્યા છે.)આવા આર્ય પુરૂષને હું નમસ્કાર કરૂ છું,તેઓના શરણમાં જાઉં છું કે જેઓએ આ અસ્તિત્વને પ્રાપ્ત કર્યુ છે. ''णमो उवज्झायाणं''-ઉવજઝય ઉપાધ્યાયને કહે છે અર્થાત આચાર્ય ! જે સ્વયં જાણે છે અને બીજાને પણ સમજાવી શકે છે, સાધનાની જાગૃતિ તમારા હૃદયમાં પણ કરી શકે એવા આચાર્યના શરણમાં જાવ,''णमो लोए सव्व साहूणं''- સંસારમાં જેટલા સંત છે જેમણે ગૃહત્યાગ કરી, પોતાના માતા-પિતા તથા સગા સંબંધિઓને રડાવી આ પથ પસંદ કર્યો, તે પથ પર દ્રઢતાથી અગ્રેસર થયા,પાછા ન વળ્યા,તેઓ બધા જ સંતોને હું નમસ્કાર કરું છું.આ પાંચેય નમનનો આશય છે કે સંતોનું શરણ, તેઓની સેવા. તેઓ જ યોગેશ્વર છે! તેઓ જ જિનેશ્વર છે! તેઓને નમસ્કાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.''एसो पंच णमोक्कारो सव्व पावप्पणासणो मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ''આ પાંચ નમસ્કાર બધા પાપોનો નાશ કરવાવાળું છે. તે જ સૌથી મોટુ મંગળ છે. તે જે કરે છે તેમના જીવનમાં કલ્યાણ જ કલ્યાણ છે. ગોસ્વામી તુલસીદાસજી પણ તે જ કહે છે- ''प्रथम भगति संतन्ह कर संगा ''

જૈન સાહિત્યમાં ભરત મુનિનો ઉલ્લેખ છે. તેઓ ભગવાન ઋષભદેવ, જેમને આદિનાથ પણ કહેવાય છે, તેમની કુળ-પરંપરામાં હતા. જૈન-પરંપરાનો આરંભ તે જ ભગવાન ઋષભદેવથી મનાય છે. ભાગવત મહાપુરાણમાં તેમનો વિસ્તૃત ઉલ્લેખ છે. તેઓ આર્યોના ચોથા અવતાર હતા જે રાજ્યનો ત્યાગ કરી સંત થઈ ગયા હતા. તેમના સો પુત્રોમાંથી એકયાસી પુત્રો બ્રહ્મચિન્તન કરી બ્રાહ્મણ થઈ ગયા, નવ પુત્રો યોગેશ્વર થયા. તેમાંથી મોટા ભરત અને તેમના અનુજ બાહુબલી પણ મહાન સંત થયા. ભરત ચક્રવર્તી સમ્રાટ હતા. તેમણે ગૃહત્યાગ કર્યો અને તપસ્યામાં નિમગ્ન થઈ ગયા. તેમનું ભજન પુર્ણ થતું ચાલ્યું, અંતમાં પરીક્ષાની ઘડી આવી. કુટીરની નજીકમાં જ ગણ્ડકી નદી વહેતી હતી. ભરતમુનિ નદીના કાંઠા પર ચિંતનમાં બેઠા હતા. તે જ સમયે તરસથી વ્યાકુળ એક હરણી નદી કાંઠે આવી. હજી તો તે પાણી પીય જ રહી હતી ત્યાં જ નજીકમાંથી સિંહની ગર્જના સંભળાઈ. હરણી નદી પાર

કરવા માટે છલાંગ મારવાની તૈયારીમાં હતી કે ત્યાં જ તે ગર્ભસ્થનો ગર્ભ નદીના પ્રવાહમાં પડી ગયો. નદી પસાર કરતાં જ હરણીનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું. હરણીનું બચ્ચુ નદીના પ્રવાહમાં તણાવા લાગ્યું. દયાવશ થઈને ભરતમુની તે માતૃહિન બચ્ચાને આશ્રમમાં લાવ્યા, તેનુ પાલન પોષણ કર્યુ. તે અનાથ શરણાગત બચ્ચાની વન્ય હિંસક જીવોથી રક્ષા કરતાં રહ્યાં.

ક્રમશઃ હરણીનું બચ્ચુ મોટુ થવા લાગ્યુ, તે કૂદતુ જંગલમાં જતુ તો ભરત મુનિ વિહ્વળ થઈ ઉઠતાં કે તે એટલું અબુધ અને મિલનસાર છે કે વરૂનું મોં પણ સુંઘી લેશે, તે ચિત્તાની પાસે પણ જઈ શકે છે. કોઈક હિંસક પશુ તેને મારી શકે છે. જીવનની અંતીમ ક્ષણોમાં પણ ભરતમુનિ તે હરણ માટે તેવો જ વિચાર કરી રહ્યા હતા તેથી કરીને શરીર છુટયાં પછી તેઓને આગળનો જન્મ હરણનો મળ્યો.

હરણ-યોનિમાં પણ ભરતને પૂર્વજન્મની સ્મૃતિ હતી. તેઓએ મૃગોનો સમૂહ ત્યાગી દીધો. તેઓને ઋષિઓનો એક આશ્રમ નજરે પડયો. તે હરણ વિના સંકોચે તે આશ્રમમાં ચાલ્યુ ગયું, જેમ કોઈ બહુ જ જુની ઓળખાણ હોય. પ્રારબ્ધનો ક્ષય થયા પછી ગણ્ડકી નદીના પ્રવાહમાં ઉભા રહીને તે હરણે શરીર-ત્યાગ કર્યો.

ભરતનો આગળનો જન્મ એક બ્રાહ્મણ કુળમાં થયો. તે જન્મમાં પણ તેઓનું નામ ભરત જ હતું. બીજી માતાથી ઉત્પન્ન નવ ભાઈઓ ઉપરાંત ભરત બધાથી નાના હતા. બીજા બધા ભાઈઓ ભણવા-ગણવામાં, વાંચન-લેખનમાં કુશળ હતા; પરંતુ ભરત લોક દ્રષ્ટિમાં ગાંડા, મૂર્ખ, આંધળા અને મુંગાની જેમ આચરણ કરતાં હતા, તેઓનો ભણવામાં રસ તથા પ્રગતિ ન જોઈને ભાઈઓએ તેઓને ખેતીની દેખરેખના કામમાં નિયુકત કર્યા; પરંતુ ચિંતનમાં લીન ભરત આ જવાબદારી પણ નિભાવી શકયા નહીં. તે વિસ્તારના બધા જ પશુ–પક્ષી તેના ખેતરમાં પોતાનું પેટ ભરતા હતા. ભરત કહેતા હતા કે -"राम की चिडिया राम का खेत खा ले चिडीया भर-भर पेट" ભાઈઓએ સાંભળ્યું, ખુબ જ ગુસ્સે થઈને તેઓ બધાએ ભરતને ખાવા દેવાનું બંધ કરી દીધુ અને ગળા પર અર્ધચંદ્રાકાર અવસ્થા વડે ડોકમાં હાથ પરોવીને (ટૂંકમાં મુર્ઘા બનાવીને) ઘરેથી કાઢી મુકયાં.

મહાત્મા ભરત આ જ દિવસની પ્રતિક્ષામાં હતા. ઘરમાંથી આ રીતે નિકળ્યા પછી તેઓ ભજન કરતાં કરતાં નિર્દ્વન્દ, પરમ અનાશકત ત્યાગીના રૂપમાં નિસ્પૃહ

ભાવથી વિચરણ કરવા લાગ્યાં. જંગલમાં ડાકુઓનું ટોળું માતાજીને એક યુવકની બલી ચઢાવવા જઈ રહ્યું હતું. યુવક તેઓનાં બંધનથી મુકત થઈને ભાગી નિકળ્યો. બલી માટે બીજા કોઈકની શોધ ચાલી રહી હતી. ભરતજી ધ્યાન-મગ્ન બેઠા હતા. તેઓને બલી માટે લઈ જવાયા. સરદારે તેઓની ડોક પકડીને માતાજીના ચરણોમાં ઝુકાવ્યાં. જયાં તેમણે તલવાર ઉઠાવી કે માતાજીની મુર્તીમાં આગ લાગી ગઈ. એક પુતળુ નિકળ્યુ અને તેણે સરદારના હાથમાંથી ખડગ આંચકી લઈ બધા જ ડાકુઓને મારી નાખ્યાં. શાંતી પ્રસરી ગયા પછી ભરત ઉઠયા અને ઉભા થયા. જોયુ, બધા મરેલા પડયા છે. તેઓ શાંતીથી ચિંતન કરતાં કરતાં આગળ નિકળી ગયા.

આ ઘટનાના થોડા જ દિવસ પછી સિંધુ સૌવીર દેશના રાજા રહૂગણ પાલખીમાં બેસીને સદ્ગુરૂની શોધમાં જઈ રહ્યાં હતા. જયારે તેઓ ઈક્ષુમતી નદીના કાંઠેથી પસાર થઈ રહ્યાં હતા, પાલખી ઉપાડવાવાળો એક કાંધીયો બિમાર થઈ ગયો, તેના સ્થાને એક અન્ય કાંધીયાની શોધ કરતી વેળાએ મહાત્મા ભરત તેઓને મળ્યા. સૈનિકોએ ગુલામી કરવા માટે પકડેલા બીજા બધાની જેમ ભરતજીને પાલખી ઉપાડવાના કાર્યમાં લગાવી દીધા. ઝાળા-ઝાંખરા, કાંટા તથા કીડી વગેરે જીવોને પગ તળે દબાતા બચાવવા માટે મહાત્મા ભરત બીજા કાંધીયાઓની જેમ ચાલી નહોતા શકતાં. રાજાએ કાંધીયાઓને કહ્યું, તો તેઓએ બતાવ્યું કે આ નવો કાંધીયો એક સાથે ડગલા મેળવીને ચાલી રહ્યો નથી. રાજાએ પાલખી રોકાવી, ભરતને કહ્યું," તું દુબળો-પાતળો પણ નથી, શું તારા ખંભા પર વધારે વજન છે ? તારાથી રસ્તામાં ચલાતુ નથી ?" ભરતજી જીવનમાં પ્રથમવાર બોલ્યા, "રાજન ! દુબળો કે અશકત તો તે હોય છે જેને દેહાધ્યાસ હોય છે. વજન અને રસ્તે ચાલવાની પરિસ્થિતી તે જાણે છે જે ખરેખર રસ્તા પર ચાલે છે. તું શું જાણે ! કયારેય ભાર ઉપાડીને ચાલ્યો પણ છો ? " રહૂગણને પ્રતીત થયુ કે જે ગુરૂની શોધમાં પોતે નિકળ્યો છે, કદાચ તેવા જ સદ્ગુરૂ મળી ગયા. તેમણે સાષ્ટાંગ દંડવત કર્યા, શરણમાં લેવા તથા કલ્યાણનું સાધન બતાવવા આદર સહીત પ્રાર્થના કરી.

મહાત્મા ભરતે કહ્યું -રહૂગણ ! મહાપુરૂષોના ચરણોની ધૂળથી પોતાની જાતને નવડાવ્યા વગર માત્ર તપ, યજ્ઞ, દાન, અતિથિ-સેવા, વેદ અધ્યયન, ગૃહસ્થાશ્રમ સંબંધી કર્મ અથવા જળ, અગ્નિ કે સૂર્ય વગેરે દેવતાઓની ઉપાસના

વગેરે કોઈ પણ સાધનાથી તે પરમાત્મ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતુ નથી. તે મહાપુરૂષ તત્વદર્શી છે, તે જ જીનેશ્વર છે જે સ્વયં જીતેન્દ્રિય છે, બીજાની અંદર પણ એવી ક્ષમતા જાગૃત કરી શકે છે. તેવા કોઈ પણ તત્વદર્શી મહાપુરૂષના શરણોની ધૂળમાં આળોટ્યા વિના પરમાત્મ દર્શનની વિધિ જાગૃત થઈ શકતી નથી.

પરંતુ રહૂગણ તો રાજા જ હતો. તેણે દેવી દેવતાઓના અનેક મંદિર બંધાવ્યા હતા- કયાંક શિક્ષણની દેવી, કયાંક યુધ્ધની દેવી તો કયાંક ગ્રામદેવી. તેઓએ પુછયું- ભગવન! આ દેવી-દેવતા? ભરતે કહ્યું - આ દેવી દેવતા સસલાની જેમ કાયર, કાગડાની જેમ સર્વભક્ષી,બગલાની જેમ ઉપરથી સાફ પરંતુ અંદરથી મેલા અને ઘાત કરવાવાળા, ઘુવડની જેમ અચેત આત્માઓની હત્યા કરવાવાળા, બીજુ કંઈ પણ નહીં. ભરતે ખુદ જોયું હતું કે જે ડાકુઓએ આજીવન માતાજીને બલી ચઢાવી પરંતુ જયારે માતાજીને મોત દેખાવા લાગ્યુ ત્યારે ભકતોને જ કાપી કાઢયાં. ભરત બ્રહ્મલીન મહાપુરૂષ હતા. તેઓનું અનિષ્ટ વિચારવાવાળા પરમાત્માના પ્રકોપથી બચી શકે નહીં. તેથી, પોતાની સુરક્ષા માટે માતાજીએ પોતાના ભકતોનું જ છેદન કરી નાખ્યું. ભગવાનના વરદ્-હસ્તની નીચે રહેવાવાળા ભકતોનું અનિષ્ટ દેવી-દેવતા પણ કરી શકતા નથી-''હરીભકતની પાસે ન આવે ભૂત-પ્રેત-પીચાશ અને પાખંડ.''

ભરત મુનિએ હરણના બચ્ચા પર દયા જ તો કરી હતી, શરણાગતની રક્ષા કરી. કહેવાય છે કે જીવો પર દયા કરો - આ અહિંસા છે. ભરતે આ કહેવાતી અહિંસા તરફ જ તો ડગલુ ભર્યુ હતુ.જાણ્યા-અજાણ્યા, પરિસ્થિતીવશ એક હરણના પ્રાણ જ તો બચાવ્યા હતા. તે જ જન્મમાં ઈશ્વર પ્રાપ્તિ થવાની હતી, ત્રણ જન્મ બીજા લેવા પડયાં. આમ, જીવન-મૃત્યુ તો પરસ્પરના બદલા છે. તે સમયસર ચુકવવા જ પડે છે. આમ, હિસાં-અહિંસાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

જૈન લોકોની માન્યતા છે કે તિર્થકર માત્ર ક્ષત્રિય જ હોય છે. તેઓ રાજા અથવા ચક્રવર્તી હોય છે. લોકહિત માટે તેઓ શસ્ત્રો ઉઠાવે છે, મોટી મોટી લડાઈઓ લડે છે. યુધ્ધમાં જે પણ સામે આવ્યું, તેમનો વધ જ તો તેઓ કરે છે. આ કેવી અહિંસા ? જીવ હત્યા ન કરો - તો યુધ્ધમાં તેઓ કરે છે શું?

કથા આવે છે કે મહાવીર સ્વામીનો જીવ દેવનંદા બ્રાહ્મણીના ગર્ભમાં ચાલ્યો ગયો. શક્રને બહુ જ ચિંતા થવા લાગી. દેવતાઓના સ્વામી ઈન્દ્ર-જેવા કેટલાય ઈન્દ્રોથી

ઉપર શક્રનું સ્થાન છે. તેણે વિચાર્યુ, તીર્થંકર માત્ર ક્ષત્રિયો જ થતા આવ્યા છે. બ્રાહ્મણીની સામાન્ય કુખેથી ભગવાનનો જન્મ થશે તો આ પરંપરામાં ભંગાણ સર્જાશે.તેમણે દૈવ-વૈદ્યને આદેશ આપીને તે ગર્ભસ્થ જીવને ત્યાંથી કાઢીને ક્ષત્રાણી ત્રિશલાના ગર્ભમાં સ્થાપિત કરી દીધો. પહેલા દેવનંદા શુભ શુકનવાળા સ્વપ્નો જોતી હતી, જેમ કે ઐરાવત હાથી, ઉચ્ચૈશ્રવા ઘોડો,સફેદ બળદ,કામધેનુ,રત્નોના ઢગલા, ઉગતો સુર્ય, બીજનો ચંદ્ર વગેરે. ગર્ભ બદલાયા પછી આવા જ સ્વપ્નો ત્રિશલા ક્ષત્રાણી જોવા લાગી.આથી, પ્રતીત થાય છે કે તે યુગમાં ક્ષત્રિય બ્રાહ્મણથી ઉન્નત યોનિના રૂપમાં પ્રતિષ્ઠિત હતા-કાળાંતરે બ્રાહ્મણ ઉન્નત પ્રતિષ્ઠિત માની લેવામાં આવ્યાં. બાકીની જાતીઓનું અવમુલ્યન થઈ ગયું. સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતના નવા બંધારણનું પ્રવર્તન થતા જ મત તથા અનામત વગેરેની સુવિધા માટે વરિષ્ઠ(ઉચ્ચ) જાતીઓ પણ અનુસુચિત જાતીઓમાં સમ્મિલિત થવાનો પ્રયાસ કરી રહી છે.

આદિશાસ્ત્ર ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે- 'अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम्'- સુખરહિત ક્ષણભંગુર પરંતુ દુર્લભ મનુષ્ય શરીરને પ્રાપ્ત કરી મારુ ભજન કર. ભગવાન રામ કહે છે -'बडे भाग मानुष तन पावा सुर दुर्लभ सदग्रन्थन्ह गावा 'ભગવાન રામ, ભગવાન શ્રી કૃષ્ણ બધા મહાપુરૂષ ભજનનો અધિકાર બે હાથ-પગવાળા મનુષ્ય માત્રને આપે છે. ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે શુદ્ર તથા વૈશ્ય શ્રેણીવાળા સ્ત્રી-પુરૂષ કોઈ પણ હોય, કયાંય પણ કેમ નથી જન્મયા, મારું શરણ લઈને નિશ્ચિત જ મને પ્રાપ્ત થાય છે, મોક્ષ પ્રાપ્ત કરે છે; પછી ક્ષત્રિય અને બ્રાહ્મણ શ્રેણીવાળાઓ માટે તો કહેવુ જ શું ? તેઓને તો પાર થવાનું જ છે; કેમ કે ક્ષત્રિય ભજન-પથનું ક્રમોન્નત સૌપાન છે ન કે કોઈ જાતી. આ શ્રેણી પર પહોંચેલા સાધકોને તો પાર થવાનું જ છે. ભગવાન તેનું અધઃપતન થવા દેતા જ નથી. તે જ ભગવાન ગીતાના અધ્યાય અગિયારમાં અર્જુનને આશ્વાસન આપતા કહે છે કે મારા દ્વારા પહેલેથી જ હણાયેલા આ શત્રુઓને માર, યશ પ્રાપ્ત કર, વિજય તારો જ થશે. હું પ્રતિજ્ઞા કરું છુ કે તું મારામાં નિવાસ કરીશ, અહિં અર્જુન ક્ષત્રિય શ્રેણીનો સાધક છે. તેથી જૈન-દર્શનની માન્યતા છે કે તીર્થંકર ક્ષત્રિય હોય છે જે પોતે પાવન છે તથા બીજાને પાવન કરવાની ક્ષમતાવાળા છે, તે જ તીર્થંકર છે. જેમ સામાજીક વ્યવસ્થાના

ભાગ રૂપે ક્ષત્રિય જાતીની કુલીનતા જ અભિશાપિત છે તો તો પછી જૈનો માટે કૈવલ્યની કોઈ આશા જ દેખાતી નથી; કેમ કે જૈન સમાજ હવે જાતિ-પાતિના ભેદભાવથી મુકત છે. તેઓમાં હવે કોઈ ક્ષત્રિય નથી પછી તીર્થકર કયાંથી હશે?

ખરેખર તો વર્ણ યોગ-સાધનાના ક્રમોન્નત સોપાન છે. જો યોગ સાધનાનું જ્ઞાન નથી તો "या निशा सर्वभुतानाम् तस्यां जागर्ति संयमी "(ગીતા, ૨/૬૯) જગતરૂપી રાત્રીમાં અચેત પ્રાણી છે. યોગ-સાધના જાગૃત થવાથી પ્રારંભિક અવસ્થામાં સાધક શૂદ્ર છે, વિધિ પ્રાપ્ત થવાથી વૈશ્ય, સંઘર્ષશિલ ક્ષત્રિય અને સાક્ષાત્કારની યોગ્યતા આવવાથી તે જ બ્રાહ્મણ છે. ક્ષત્રિય શ્રેણીવાળા નિશ્ચિત નિર્વિઘ્ન તિર્થકર થાય છે. તેઓ પોતે તો પાવન હોય જ છે અને બીજાને પણ પાવન કરવાની ક્ષમતાવાળા હોય છે. આથી, કોઈ પણ કબીલાનો હોય, તીર્થકર બનવા માટે યોગ-સાધનાથી ચાલવુ જ પડશે. ગીતોક્ત સાધનાને પકડીને કોઈ પણ તીર્થકર બની શકે છે.

॥ ॐ ॥

# ભગવાન બુધ્ધની દ્રષ્ટિમાં 'અહિંસા'

'અહિંસા' યૌગિક શબ્દ છે. જયારે સાધક શાંત-એકાંતમાં ભજન ચિંતનમાં બેસે છે, તેના અંતઃકરણમાં આવવાવાળી એક અવસ્થાનું નામ અહિંસા છે. તે લોક-વ્યવહારનો શબ્દ નથી. સમાજમાં દયાનો ઉપયોગ છે, સહિષ્ણુતા છે, પરોપકાર છે પરંતુ અહિંસા સમાજના વ્યવહારનો શબ્દ નથી. અહિંસા, સત્ય, અસ્તેય(ચોરી કરવી નહીં ), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ(લઘુતાગ્રંથિ અને ગુરુતાગંથી)-બધા એક જેવા યૌગિક શબ્દ છે. સામાજીક લોકો માટે બ્રહ્મચર્યનો શું ઉપયોગ છે ? આ પ્રકારે જયારે મહાપુરૂષ ઘોર જંગલમાં સ્થિત કુટિરમાં ચિંતનમાં લીન રહેતા હતા, સમાજથી સંબંધ તોડી ચૂકયા હતા, તે સમયે તેઓના હૃદયમાં આકાર લઈ રહેલી એક અવસ્થા વિશેષનું નામ અહિંસા છે.

શરીર અનિત્ય છે. જે છે જ નહીં તેની રક્ષા તમે કેવી રીતે કરશો ? રક્ષા તેની થાય છે જેનું અસ્તિત્વ છે. આથી,શરીરની રક્ષા અહિંસા નથી.

આત્મ પ્રાપ્તિના પથમાં જે અવરોધ ઉત્પન્ન કરે, આત્મ-પરિણામથી ભટકાવવાવાળા તે વિકારોમાં પ્રવૃતિ જ હિંસા છે તથા આત્મ-પરિણામ સુધીનું અંતર પસાર કરવાવાળા સંયમોનું પાલન અહિંસા વ્રત કહેવાય છે. આત્મા પોતાના શાશ્વત સ્વરૂપમાં સ્થિર થઈ જાય (જીવમાંથી શિવ થઈ જાય) જયાંથી ફરી જન્મ નથી, મૃત્યુ નથી, પરિવર્તન નથી- તે જ અહિંસાનું વિશુધ્ધ સ્તર છે. જયારે આત્મા પરમાત્મા થઈ જાય છે, અહિંસા વ્રત પૂર્ણ થઈ જાય છે.

થોડાક વર્ષો પહેલા મને લદાખ જવાનો અવસર મળ્યો. લેહ-લદાખ હિમાલયના ખોળામાં છે. જયાંથી ૧૪ કિ.મી. પછી તિબ્બતની સીમા આરંભ થાય છે. ત્યાં ઠંડી વધારે પડે છે અને ત્યાં હવામાં ઓકિસજનનું પ્રમાણ પણ ઓછું છે. તેર-ચૌદ હજાર ફૂટની ઉંચાઈ પર તે ક્ષેત્ર આવેલુ છે. તે ઉંચાઈ પર બે શ્વાસ નાકથી તો ત્રીજો મુખથી લેવો પડતો હતો. બે-ચાર દિવસ પછી નાકથી શ્વાસ લેવાનો અભ્યાસ થઈ જાય છે અને નાકથી જ શ્વાસની ભરપૂર પૂર્તિ થવા લાગે છે. ત્યાં ભગવાન બુધ્ધની પ્રતિમાની સ્થાપનાનું આયોજન હતું.

પ્રતિમા સ્થાપનાના ક્રમમાં સત્સંગનું પણ આયોજન હતું. ભગવાન બુધ્ધ કોણ હતા ? તેમણે શું ઉપદેશ આપ્યો? -તે વિષય પર ચર્ચા થઈ રહી હતી. મને પણ ભગવાન બુધ્ધના સંદર્ભમાં બતાવવા માટે કહેવામાં આવ્યુ. કલાક-સવા કલાક મેં

પણ બતાવ્યુ કે ગર્વનો વિષય છે કે તમે બધા ભગવાન બુધ્ધના અનુયાયી છો અને આ ભવ્ય આયોજનના માધ્યમથી તે મહાપુરૂષના ચરિત્રનું ચિંતન કરો છો. ઘણું બધું આપ સૌએ બતાવ્યું પરંતુ સૌભાગ્યથી અમે તો તેમની જ વંશ-પરંપરામાં હોવાથી તેમને કંઈક વધારે જ નજીકથી જાણીએ છીએ.

ભગવાન બુધ્ધના વ્યકિતત્વ અને કૃતિઓ ઉપર મેં તેમને વિધિપૂર્વક બતાવ્યું અને તે પણ સ્પષ્ટ કર્યુ કે જૈન, બૌધ્ધ અને સનાતન કોઈ અલગ-અલગ ધર્મ નથી. તે તો સદ્ગુરૂઓનો દરબાર છે, તેની પાછળ સમેટાયેલો શિષ્યોનો સમુહ છે. મહાપુરૂષોએ વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં ઉપદેશ આપ્યા, એટલા માટે અલગ પ્રતીત થાય છે; પરંતુ જે સત્યને તેમણે દર્શાવ્યું, તે એક જ છે. ધર્મ બે-ચાર હોતા નથી. સૃષ્ટિમાં ધર્મ તો માત્ર એક જ છે ! જે તે પરમાત્માને ધારણ કરવાની વિધિ છે.

જે કંઈ મેં કહ્યું, ઈંગ્લેન્ડમાં બૌધ્ધ સાહિત્ય ભણાવવાળા એક પ્રોફેસરે તેનું અક્ષરશઃ પુનરાવર્તન કર્યુ. તે બધુ તો તેઓ ભણાવતા જ હતા. અંતે તેમણે કહ્યું - સ્વામીજી ઠીક કહે છે. બૌધ્ધ અને હિંદુ-ધર્મ એક જ છે પરંતુ અમારા ધર્મમાં એક ઘાતક અંગ છે અહિંસા. આ અહિંસાની જ દેન છે કે ચીન તિબ્બતને ખાય ગયુ અને યુરોપ ભારતને. ભારતને ગુલામ બનાવી દીધું- અહીંના લાખો લોકોને, હિન્દુઓને તેના જ પશુઓના દોરડામાં બાંધીને લઈ ગયા, બે-બે રૂપિયામાં સ્ત્રીઓ અને અઢી-ત્રણ રૂપિયામાં પુરૂષોને વહેંચી દેવામાં આવ્યાં. સાંભાળવામાં કડવુ લાગે છે પરંતુ ઘટનાઓ બની છે. બેદરકાર રહેશો તો ભવિષ્યમાં પણ બનશે. જયાં કુસંપ હોય છે ત્યાં તેવી જ દુર્દશા થયા કરે છે. તેમના વ્યકત્વયનો આશય હતો કે અહિંસાનો રોગ અમારા ધર્મમાં કદાચિત ન હોય તો ચીન તિબ્બત પર કબજો કરી શકત નહીં.

તે દિવસોમાં ચીને તિબ્બતને પોતાના દેશમાં ભેળવી લીધુ હતું. પરમ પાવન દલાઈ લામાએ ભારતમાં આશ્રય લીધો હતો, ત્યાંના બૌધ્ધોમાં પ્રબળ આક્રોશ હતો. તેમનો આક્ષેપ હતો કે અહિંસાએ ભારતીયોના હાથ પીઠ પાછળ બાંધી દીધા છે. ભારતમાં મળી આવનારા દરેક જીવના મૃત્યુ પર મૃત્યુ-વેરો લાગેલો છે. તે ન દેવા પર નર્કની યાતનાનું વિધાન છે. દરેક જીવના મૃત્યુ પર ભારતીયોને પોતાનું નર્ક દેખાય છે.

મેં તેઓને કહ્યું કે અહિંસાને સમજવામાં કંઈક કોઈ ભૂલ થઈ છે. ભગવાને શું કહ્યું અને અનુયાયિઓએ શું સમજી લીધુ -તેના પર ફરીથી વિચાર કરવાની આવશ્યકતા છે અને તે જ આ આયોજનની સાર્થકતા છે.

ઉદાહરણ માટે ભગવાન બુધ્ધના અનુયાયી માંસ તો ખાય છે પરંતુ પ્રાણીઓને કાપતા નથી. ભગવાને કયારેક કહ્યું હતુ કે મૂંગા પ્રાણીઓને કાપો નહીં. આથી, તેઓ પશુઓને કાપતા નહીં, બકરાઓને કોથળામાં ભરીને ઘરના બીજા-ત્રીજા માળેથી ફેંકી દે છે, ભેંસનું મોઢુ બાંધી દે છે. શ્વાસ રૂંધાવાથી તે આપ મેળે મરી જાય તો તેને ખાય લે છે. બરફમાં તે માંસ મહીનાઓ સુધી ફ્રિજમાં રાખેલું હોય તેવું સુરક્ષિત રહે છે. ચીન,મલેશિયા,મોંગોલિયા, તિબ્બત,વિયેતનામ વગેરે દેશોમાં અનેક માંસ વિક્રેતાઓ બૌધ્ધ ધર્મ અનુયાયી છે.તેની જાહેરાતોમાં છે કે આપ-મેળે મરી ગયા, મારવામાં આવ્યા નથી- તેમનું માંસ અહિં મળે છે. કાપવાથી જે પ્રાણીઓ એક મિનિટમાં મરતા, મોઢુ બાંધવાથી તે અડધા કલાકમાં તડપીને મરશે. જીવને તડપાવ્યો તો ઘણો જ અને કહે છે કે અહિંસા છે. ભગવાન બુધ્ધે આવો કોઈ આદેશ આપ્યો નથી.

ભગવાન બુધ્ધના સમયમાં ધર્મના નામ પર, યોગ-સાધનાના નામ પર અસંખ્ય રીત-રીવાજો પ્રચલિત હતા.જયારે તેનો ધર્મ સાથે દૂર-દૂર સુધી કોઈ સંબંધ ન હતો. કોઈ કંઈ પણ કરી રહ્યો હતો તે પોતાની સમજથી ધર્મનું જ આચરણ, યોગ સાધનાનું અનુષ્ઠાન જ કરી રહ્યો હતો. તેની સમજમાં આત્મ-દર્શનની તે જ વિધિ હતી.

એકવાર ભગવાન બુધ્ધની પાસે બે મહાત્માઓ એક કૂકર વ્રતિક અને બીજા ગૌ–વ્રતિક પહોંચ્યા. ગૌ-વ્રતિકે કહ્યું, " ભન્તે ! આ કૂકર-વ્રતિકે લગભગ બાર વર્ષો સુધી કૂકર વૃતિથી તપસ્યા કરેલ છે. આ કૂતરાની જેમ ખૂર-ખૂર ચાલવું,બેસવા સમયે બે ત્રણ વાર ગોળ ફરીને લપાઈને બેસવું, સવાર-સાંજ કુતરાની જેમ બોલવું, જીભથી પાણી પીવું વગેરે કુતરાની જેમ રહીને કઠોર તપ કર્યુ છે.તે કયાં સ્તર સુધી પહોંચેલો સંત છે ?" બુધ્ધે કહ્યું, " ભાઈ ! કંઈ પણ પૂછી લો પરંતુ માત્ર એ ન પૂછો." તેણે કહ્યું, નહીં ભન્તે! ફકત તે જ બતાવો.બુધ્ધે ત્રણવાર મનાઈ કરી છતાં તે એકનો બે ન થયો.બુધ્ધે કહ્યું, "ભાઈ! જેની ચાલ-ઢાલ, મન-મસ્તિષ્ક અને વિચાર કૂતરા જેવા છે, તે આગળનો જન્મ કૂતરાનો અવશ્ય પ્રાપ્ત કરશે. જીવનની અંતિમ ક્ષણોમાં તે જ સ્ફૂરિત થાય છે જેનો જીવનમાં વધારે અભ્યાસ કરવામાં આવે છે, તે કર્મ આગળની યોનીનો નિર્ધારક હોય છે." આ સાંભળતા જ કૂકર-વ્રતિક રડવા લાગ્યો.

તે પછી ગૌ-વ્રતિકે કહ્યું, "ભન્તે ! મેં પણ લગભગ સાડા-અગિયાર વર્ષો સુધી કઠોર તપ કર્યુ છે. ગાયની જેમ ચાલવું, કોઈને મળવા પર ગાયની જેમ પગથી જમીન ખોતરીને મળવું, ગાયની જેમ બાઁ-બાઁ બોલવું, હાથોનો પ્રયોગ ન કરી માત્ર

મોઢાથી ખાવું-પીવું, ગાયનું દરેક આચરણ પોતાનામાં ઢાળવાનો અભ્યાસ કર્યો છે. તપસ્યામાં મારી શું સ્થિતિ છે ?" બુધ્ધે કહ્યું-તું પણ એ ન પૂછે તો સારું. તેણે સવિનય કહ્યું-ભગવન ! કેટલું પણ કડવુ કેમ ન હોય, તમે અવશ્ય બતાવો. જયારે ત્રીજીવાર હઠ કરતો રહ્યો ત્યારે ભગવાને કહ્યું-જો સાચે જ ગાયની જેમ જ તારી રહેણી-કરણી, ચાલ-ઢાલ અને મનન-ચિંતન છે તો પછીનો જન્મ તું ગાયનો અવશ્ય પ્રાપ્ત કરીશ. કંઈ પણ કરી નાખવું ભજન હોતું નથી. તમે કોઈ કામી વ્યકિતનું ચિંતન કરો. જયારે સારી રીતે ધ્યાન પકડમાં આવી જશે, તેના અંતઃકરણમાં જેટલો ઉદ્વેગ છે, તમારામાં પણ તે ઉતરી જશે.

તેથી કરી ધ્યાન કોઈ રાગ-દ્વેષ મુકત મહાપુરૂષનું જ કરવામાં આવે છે. ગૌ-વ્રતિક પણ ઉદાસ થઈ ગયો. બન્ને ભગવન બુધ્ધના શિષ્ય થઈ ગયા.(અહીં ભગવાન બુધ્ધે ગીતાના અધ્યાય ૮/૫ -૭ શ્લોકનો જ અનુવાદ કરેલ છે.)

સારનાથમાં ધર્મચક્ર પ્રવર્તન પછી વિચરણ કરતી વેળાએ તથાગત્ ભગવાન બુધ્ધ ઉરુવેલા(બુધ્ધ ગયા) ફરીવાર પધાર્યા. તે ક્ષેત્રમાં ખૂબ જ પ્રખ્યાત મહાન વિદ્વાન કાશ્યપ પોતાના પાંચસો શિષ્યો સાથે એક વિશાળ યજ્ઞ કરી રહ્યાં હતા જેમાં અંગ અને મગધ રાજ્યની સાતસો હૃષ્ટ-પૃષ્ઠ વાછરડીઓ, સાતસો ઘેટાઓ, સાતસો બકરીઓ બલિ આપવાના આશયથી એક હરોળમાં બાંધેલી હતી. ભીડના ઉતપાતમાં કયારેક ગાય તો કયારેક બકરાના કાન-પગ વગેરેના કંઈક અંશોને અગ્નિમાં આહુતિ આપીને પ્રસાદ સ્વરૂપે વધેલા માંસને યજ્ઞ કર્તાઓમાં વિતરણ કરવાનો મહાયજ્ઞ ચાલી રહ્યો હતો. તે જ તેમની યોગ-સાધના હતી, મોક્ષનો માર્ગ હતો. ભગવાન બુધ્ધે તેમને સમજાવ્યું કે વિકાર મનની અંદર રહે છે. જીવનું આવન-જાવન, જન્મ-મૃત્યુનું કારણ જન્મ-જન્માંતરથી સંચીત થયેલા કર્મો છે. આ મૂંગા પ્રાણીઓને કાપવાથી તે પ્રારબ્ધ કેવી રીતે મટી જશે ? આત્મ દર્શનમાં મનના ઉદ્‌વેગનું કારણ આ કર્મ જ બાધારૂપ છે. જે ઈન્દ્રિઓના સંયમ, ધ્યાન અને સમાધિ દ્વારા જ શાંત થશે. આ નિર્દોષ પ્રાણીઓને કાપવાથી કર્મોની શૃંખલાનું શમન કઈ રીતે થશે ?

કાશ્યપે જોયું કે તર્કોથી ભગવાનને હરાવવા સંભવ નથી. તેથી તેમણે ભાવ પરિવર્તન કરી કહ્યું, " ભન્તે ! ઠીક કહો છો. શિષ્યો ! વિશિષ્ટ અતિથિ ભવનમાં તેમનું સ્વાગત અને નિવાસની વ્યવસ્થા કરવામાં આવે. તે યજ્ઞશાળામાં કાશ્યપે નાગરાજ તક્ષકને પાળી રાખ્યો હતો. તેને માનવ ગંધથી ચીડ હતી. જેમણે પણ તે

ઓરડામાં રાત્રી-વિશ્રામ કર્યો, સવારે સર્પદંશથી મૃત મળતો, બીજા અતિથિઓ કોમળ પથારી, સત્કાર પામીને નિંદ્રા-લાભ લેવા લાગતા પરંતુ ભગવાન બુધ્ધ મહાત્મા હતા. તે ભજનમાં બેઠા રહ્યાં. તેમનામાં કોઈ સંકલ્પ વિકલ્પ ન હતો, ધ્યાનસ્થ થઈ ગયા. તક્ષક આવ્યો, તેમના શરીર પર બે વાર ચઢયો અને ઉતર્યો. બુધ્ધના શરીર પર તેને પણ શાંતિ મળી. આથી,તે ભિક્ષા પાત્રમાં વિંટળાઈને બેસી ગયો.

સવારે કાશ્યપે એવું કહેતા કહેતા અતિથિ ભવનના દ્વાર ખોલ્યા કે ખૂબ જ જ્ઞાન બતાવી રહ્યો હતો, મૂંગા પશુઓને કાપવાથી મનના અંતરાલમાં કર્મોની શૃંખલા કેવી રીતે શાંત થશે ? ફેંકી દ્યો આ મડદાને!પરંતુ દ્વાર ખોલીને તેમણે જોયું,ભગવાન બુધ્ધ શાંત બેઠા હતા.અજવાળુ ઓરડાની અંદર આવ્યું. તેઓ આસન પરથી ઉઠયા,ભિક્ષા-પાત્ર ઉપાડયું અને સાપને બહાર ઝાડીમાં છોડી દીધો. કાશ્યપને તેમણે કહ્યું, આવુ આચરણ તમારા જેવા સંસ્કારી પુરૂષને શોભતુ નથી. કઈ ઉણપની પૂર્તિ માટે આટલું ભયંકર ખરાબ કૃત્ય કરવામાં પડયા છો? આ ભજનની કોઈ રીત નથી. જેનાથી સંસ્કારોનું શમન થાય છે, ભજનની તે વિધિ હું તમને બતાવીશ. પોતાના પાંચસો શિષ્યોની સાથે કાશ્યપ બુધ્ધના અનુયાયી થઈ ગયા અને મહાકાશ્યપના રૂપમાં પ્રસિધ્ધ થયા.

એક આર્યત્વને પ્રાપ્ત કરવા માટે ભગવાન બુધ્ધે ચાર આર્યસત્ય બતાવ્યા જેમાં પ્રથમ આર્યસત્ય દુઃખ છે. જન્મ દુઃખ છે, મૃત્યુ દુઃખ છે, વ્યાધિ દુઃખ છે, ઘડપણ દુઃખ છે. ભગવાન બુધ્ધ ગીતા જ તો કહી રહ્યાં હતા-'**जन्ममृत्युजराव्याधि दुःख दोषानुदर्शनम्** '(ગીતા, ૧૩/૮) અર્થાત જન્મ, મૃત્યુ, ઘડપણ અને વ્યાધિમાં દુઃખ અને દોષોનો અનુભવ કરો, તેને અનિત્ય સમજીને ચિંતનમાં લાગો. દુઃખનું કારણ છે અજ્ઞાન અને કલ્પનાઓ. દુઃખનું નિવારણ છે-જયારે પુરૂષ પોતાના વાસ્તવિક સ્વરૂપને પ્રાપ્ત કરી લે. ગીતા પણ તે જ કહે છે કે કર્મ કર્યા વિના કોઈને મળ્યું નથી; પરંતુ કર્મોના પરિણામે જેનો આત્મા જાગૃત થઈ ગયો છે, જે આત્મતૃપ્ત છે, આત્મસ્થિત છે, તે મહાપુરૂષ માટે કંઈ પણ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ય નથી; તે હમેંશા રહેવાવાળું જીવન અને શાંતિ પ્રાપ્ત કરી લે છે. ભગવાન બુધ્ધ ગીતાનો જ તો ભાષાનુવાદ કરી રહ્યા છે.

ચોથા આર્ય સત્યના રૂપમાં ભગવાન બુધ્ધે નિવારણ વિધિ અષ્ટાંગ માર્ગ બતાવ્યો જેને અંતર્ગત સમ્યક્ દ્રષ્ટિ(જે સમત્વ પ્રદાન કરે તે દ્રષ્ટિ, બીજી દ્રષ્ટિ ન

આવે), સમ્યક્ સંકલ્પ(વિચાર પણ ઉઠે તો તે જ વિચાર), સમ્યક્ સ્મૃતિ(દરેક સમયે યાદ રહે કે ચિંતનમાં કેટલું રોકાવું જોઈએ અને કેટલો રોકાય શકું છું.),સમ્યક્ જીવિકા એટલે યોગ્ય ખાન-પાન, સમ્યક્ વ્યાયામ-પરિશ્રમ, યુકત આહાર-વિહાર; સમ્યક્ કર્મ(સમત્વ અપાવવાવાળુ કર્મ), સમ્યક્ સમાધિ-સ્થિતિ પ્રદાન કરી દે; આ પ્રકારે ભગવાન બુધ્ધે પાલી ભાષામાં ગીતોકત 'યુકત આહાર વિહાર' ને જ સમજાવ્યું છે.

ભગવાને હંમેશા શ્વસન ક્રિયા પર દ્રષ્ટિ રાખવી એટલે કે શ્વાસ દ્વારા જપ કરવા પર બળ દીધુ છે કે શ્વાસ કયારે અંદર આવ્યો, કેટલીવાર સુધી રોકાયો, કયારે પાછો ગયો ? જયારે શ્વાસને જોવાની ક્ષમતા આવી જાય છે તે અવસ્થામાં જીભથી 'ઓમ્' શબ્દ જપવાની આવશ્યકતા રહી જતી નથી પરંતુ તે શ્વાસમાં ઢળેલ અવસ્થામાં મળે છે.

બુધ્ધના ચિંતનનું નામ 'ઓમ્' હતું. ભારતથી બહાર જેટલા પણ બૌધ્ધ દેશ છે, બધા ઘરો ઉપર આજે પણ 'ઓમ્' લખેલુ મળે છે. ચીન, સીંગાપુર, મલેશિયા, વિયેતનામ બીજા દેશોમાં ભાષા-ભેદથી કયાંક આ ઓ મ, કયાંક અ ઉ મ, કયાંક ઓમ, કયાંક ॐ તક્તી અંકિત છે. ત્યાંના બૌધ્ધ નાગરિકો જયાં પણ 'ઓમ્''લખેલુ જોઈ લે છે પોતાના પગરખા ઉતારી દે છે, બૂટ ખોલી દે છે, ત્યાં પ્રણામ કરીને જ આગળ વધે છે. ભગવાન બુધ્ધે સ્થાન-સ્થાન પર કહ્યું -''एषो धम्म सनन्तनो '' આ જ સનાતન ધર્મ છે. સનાતન ધર્મ, ગીતોક્ત ધર્મ, હિન્દુ ધર્મથી વિશેષ બુધ્ધે કંઈ પણ ન કહ્યું.

ભગવાન બુધ્ધનું શરીર જયારે છુટયું, મહાકાશ્યપ ૫૦૦ ભિક્ષુઓની સાથે ખૂબ જ દૂર હતા.તેઓની પ્રતિક્ષા કરાવામાં આવી.સાતમા દિવસે જયારે તેઓ આવ્યા ત્યારે તેમની અંતિમ-ક્રિયા થઈ. પાંચસો મીટર રેશમી વસ્ત્રમાં ભગવાનનું પાર્થિવ શરીર આવૃત કરી ચક્રવર્તી સમ્રાટની જેમ તેમનો અગ્નિ સંસ્કાર થયો, બુધ્ધના મહાપ્રયાણ પછી તે જ મહાકાશ્યપે બૌધ્ધ વાણીનું સંકલન કરાવ્યું. આથી,ધર્મના નામ પર જે કુરીતિ પ્રચલિત હતી,ભગવાન બુધ્ધે તેનું ખંડન કર્યુ, ન કે જીવ મારવાને હિંસા કહી.તે યોગ-સાધન કે ભકિતના નામ પર ઉલ્ટું -સીધુ કંઈ કરી રહ્યાં હતા તેનાથી કાશ્યપને સાવધાન કર્યા કે જીવોને કાપવાથી મનના અંતરાલના સંસ્કાર કેવી રીતે કપાશે?ન કે તેમણે તેને અહિંસા કહી.

ભગવાન બુધ્ધ દયાળુ હતા. કારણ વગર જીવોને મરતા જોઈ શકતા ન હતા. કોઈ પણ મહાત્મા આવુ જોઈ શકતા નથી, અનુમોદન પણ કરી શકતા નથી-

તે તો મહાત્માઓનો સહજ સ્વભાવ છે. તે જેવા સ્વયં છે તેવા જ સર્વેમાં પ્રભુનું સ્વરૂપ જુવે છે. અમે એકવાર અમારા ગુરૂ મહારાજને પૂછયું કે તમારા દાંત આટલી ઓછી ઉંમરમાં ખરાબ કેમ થઈ ગયા ? તેમણે બતાવ્યું કે સાધન-કાળમાં તેમણે બે વર્ષ સુધી દાંતણ જ નહોતું કર્યુ. તે વિચારતા હતા કે જેમ રૂવાડા ઉખાડવાથી શરીરને કષ્ટ થાય છે તે જ પ્રકારે વૃક્ષ પણ સજીવ છે. ડાળી તોડવાથી તેને પણ કષ્ટ થશે. તે દિવસોમાં તેમને સર્વત્ર ભગવાનનું જ રૂપ દેખાતુ હતું. અમે પૂછયું- તે વિશ્વરૂપ દર્શન કેવું હતુ ? તેમણે કહ્યું -તે દિવસોમાં તે જ અવસ્થા હતી, સાધનાનું એક સ્તર હતું. આજે તે પણ અજ્ઞાન જ પ્રતીત થાય છે. આથી, દયા સંતનો સ્વભાવ છે. તે દયાળુ તો હોય જ છે પરંતુ જીવો પર દયા અહિંસા નથી.

ગૌતમ બુધ્ધના પિતરાઈ ભાઈ દેવદત્ત પણ તેમના શિષ્ય હતા. એકવાર તેણે નિવેદન કર્યુ કે ભગવન !તમે જીવ-વધ પર કડક પ્રતિબંધ કેમ નથી લગાડતાં ? ભગવાન બુધ્ધે કહ્યું , વત્સ ! હું કડક પ્રતિબંધ લગાડી ન શકું કારણ કે ગરીબ લોકો અમીરોની જેમ ભોજન-સામગ્રીની વ્યવસ્થા કરી શકતા નથી. કદાચ હું કડક પ્રતિબંધ લગાવી દઉ તો ગરીબ લોકો કબૂતર વગેરેથી જે જીવન- નિર્વાહ કરે છે, તેમાં અડચણ પડશે. દેવદત્તે પૂછયું, ભિક્ષુઓ શું ખાશે? બુધ્ધે કહ્યું, ''ગૃહસ્થના ઘરમાં જે કંઈ પણ બન્યુ હોય તેમાંથી તે થોડુક ભિક્ષુઓને પણ આપે. અલગથી વ્યવસ્થા કરવાથી તે ભિક્ષુક ગૃહસ્થો પર ભાર રૂપ થઈ જશે. તે સમયે ભગવાન બુધ્ધના સંરક્ષણમાં દસ હજાર ત્યાગી ભિક્ષુકો હતા. બધાની ભિક્ષા કરવાની વૃતિ હતી. કોઈ પણ ગામમાં દશ હજાર ભિક્ષુક પહોંચી જાય તો ભોજનની શું વ્યવસ્થા થાય ? જેમના ઘરમાં જે બન્યુ હશે તે જ તે આપશે. કયાંક શાકાહાર તો કયાંક માસાહાર પણ હોઈ શકે છે. જો બુધ્ધનો તે જ ઉપદેશ હોત કે મૂંગા પશુઓને ન કાપે તો કાપ્યા વગર માંસની પૂર્તિ કેવી રીતે થાય ? ભિક્ષુઓને કેવી રીતે જ્ઞાત થાત કે પશુઓને કાપવામાં આવ્યા હતા કે નહીં. તેથી જે ભોજન તેમને મળતું, જોળીમાં તે ગ્રહણ કરતા હતા.

ભગવાન બુધ્ધે નિયમ બનાવી રાખ્યો હતો કે જે તમને બે રોટલી આપતાં હોય ઉપદેશ સ્વરૂપ બે શબ્દ તેમને અવશ્ય સંભળાવવા જોઈએ. આથી, ભિક્ષુક ભોજન ઋણમાંથી મુકત થઈ જશે તથા દેવાવાળા ધર્મનો સન્માર્ગ પ્રાપ્ત કરી લેશે. બૌધ્ધ ધર્મના પ્રચાર-પ્રસારનું આ પણ એક મોટુ કારણ હતું.

દેવદત્ત ઈર્ષાળુ પ્રકૃતિનો હતો. તે વિચારતો હતો કે ભાઈનું આટલું નામ છે, સન્માન છે, એટલું મારું નથી. તેમનું મૃત્યુ થઈ જવાથી મારું સન્માન વધી જશે. ભાઈ

હોવાને કારણે હું જ તેમનો ઉત્તરાધિકારી થઈશ. તેમણે બુધ્ધના એક શિષ્યથી બૌધ્ધ સંઘને નિમંત્રણ અપાવ્યું, ભોજન માટે 'શુકરમદ્દવ' તૈયાર કરાવ્યું, ચુપચાપ તેમાં ઝેર ભેળવી દીધું. ભિક્ષુકોને તે ભોજન પિરસવામાં આવ્યું. ભગવાન બુધ્ધે ભિક્ષુકોને કહ્યું-આ ભોજન કોઈ ભિક્ષુક ખાશે નહીં.આ પિંડ તથાગત્ માટે છે.તથાગત્ સિવાય દેવ, દાનવ અથવા માનવ, કોઈ પણ આ આહારને પચાવી શકશે નહીં. બધા ભિક્ષુકો ખાડો ખોદીને આ ભોજન જમીનમાં દાટી દે અને આજે ઉપવાસ કરે. બધાએ તેમ જ કર્યુ. માત્ર બુધ્ધે ભોજન કર્યુ. કૂતરાઓને ભોજનની ગંધ આવી. તેઓએ પંજાથી ખોતરીને દાટેલુ ભોજન ખેંચી અને ખાઈ ગયા. કેટલાક કુતરા મરવા લાગ્યા. લોકોને સમજમાં આવ્યુ કે ભિક્ષાન્નમાં ઝેર મેળવેલુ છે.

ભગવાન બુધ્ધે બધાને સાંત્વના આપી- આ ભકતની આવી જ ઈચ્છા હતી. આમ પણ પૃથ્વી ઉપર આ શરીરનો સમય પૂરો થઈ ચૂકયો છે, મારે જવું જ પડશે. આ સાંભળી આનંદ નામનો શિષ્ય કે જે બુધ્ધનું કમંડળ લઈને ચાલતો હતો, તે ભજનાનંદી હતો, એકાંતમાં જઈને રડવા લાગ્યો. શિષ્યોએ કહ્યું કે આનંદ રડી રહ્યો છે. ભગવાને કહ્યું-આનંદને કહો બુધ્ધ બોલાવી રહ્યાં છે. ભિક્ષુકો ! આનંદ દર્શનીય છે. તે એક પ્રશ્નને પાંચ મિનિટમાં પુરો કરી દે છે, શ્રોતાઓનું સમાધાન થઈ જાય છે, તે જ પ્રશ્નને તે એક કલાક પણ બતાવી શકે છે અને સાંભળવાવાળાની ઉત્કંઠા પણ ઓછી થતી નથી. તેઓની ઈચ્છા હોય છે કે આનંદ હજી પણ કંઈક કહે. આનંદ મેધાવી છે. તેને કહો કે મહારાજ બોલાવી રહ્યા છે.

આનંદ આવ્યો. સાંન્તવના આપતા ભગવાન બુધ્ધે કહ્યું-શરીરનો સમય તો પૂરો થઈ ગયો છે પરંતુ તમે લોકો ઈચ્છો તો હું આ શરીરને ત્રણ મહીના વધારે રાખી શકુ એમ છું. શિષ્યોએ કહ્યું ત્રણ મહીના જ રાખો. પછી ત્રણ મહીના સુધી ગૌતમ બુધ્ધે શરીર(ટકાવી) રાખ્યું. એવી દશામાં પણ બુધ્ધનું વિચરણ ચાલતું રહ્યું.તેમને આદેશ હતો કે સંસારમાં જે અલ્પ મલિનતાવાળા છે, તેમને માર્ગદર્શિત કરો. વિચરણના જ ક્રમમાં બુધ્ધ એક વૃક્ષની નીચે સૂઈ ગયા. આનંદે ત્યાં એક ઝૂંપડું બનાવી દીધું. એટલામાં એક માણસ દોડતો આવ્યો,બોલ્યો-ભાઈ! બુધ્ધજીના દર્શન કરવા છે. આનંદે કહ્યું-હવે કોઈ દર્શન કરી શકશે નહીં, તેઓ અસ્વસ્થ છે.બુધ્ધે અંદરથી કહ્યું - વત્સ! હું તેની જ પ્રતીક્ષા કરતો પ્રાણને રોકીને પડયો હતો. તેમને આવવા દો! બુધ્ધે તેને અંતિમ ઉપદેશ આપ્યો.બુધ્ધ જે હાથને તકિયાની જેમ લગાવીને સૂતા

હતા,સૂતા જ રહી ગયા.તે પણ એક વિચિત્ર સંજોગ જ હતો. તેમનો જન્મ એક વૃક્ષની નીચે થયો હતો,પૂર્ણત્વની પ્રાપ્તિ પીપળાના વૃક્ષની નીચે અને તેઓનું મહાપ્રયાણ પણ એક વૃક્ષ નીચે જ થયું.

એકવાર રાજા વિમ્બિસારનો મંત્રી ભગવાન બુધ્ધની પાસે આવીને બોલ્યો- રાજાએ પૂછાવ્યું છે કે લિચ્છિઓ પર આક્રમણ કરવા માગું છું. ભગવાનની શું આજ્ઞા છે ? ભગવાન બુધ્ધે આનંદને પૂછયું," કેમ આનંદ! આપણે લોકો કાલે જ તો લિચ્છિ ગણરાજયથી આવ્યા છીએ ?" આનંદે કહ્યું, " હા, ભગવન! " તેનામાં એકતા છે ? આનંદ બોલ્યો "હા પ્રભુ" તેઓ મોટાઓનો આદર કરે છે ? તેમની પાસેથી પરામર્શ લે છે ? આનંદે કહ્યું. " હા ભગવન ! " તે નિરંતર શસ્ત્ર અભ્યાસ અને સરહદ પર પહેરો રાખે છે ? આનંદે સહમતિ આપી. અંતમાં બુધ્ધે કહ્યું " મંત્રી સાહેબ, જે આટલા સજાગ છે તેના પર હુમલો તો કરી શકાય છે, પરંતુ તેના પર વિજય મેળવી શકાતો નથી. વિમ્બિસારે આક્રમણ કર્યુ પરંતુ સફળતા મળી નહીં. ત્યાંથી આમ્રપાલી નામના નગરવધૂની સાથે વિમ્બિસાર પાછા ફર્યા જેનાથી જીવક જેવો પુત્ર ઉત્પન્ન થયો જે વિખ્યાત વૈદ્ય બન્યો. આ પ્રકરણમાં ભગવાન બુધ્ધે પરામર્શ આપવો જોઈતો હતો કે યુધ્ધ એક હિંસા છે, જીવોની હત્યા ન કરો, પાપ લાગશે. સિધ્ધ છે કે બાહ્ય જીવોની હત્યાથી અહિંસાનો કોઈ સંબંધ નથી.

વિમ્બિસારની જેમ જ કૌશલરાજ પ્રસેનજિતનું મૃત્યુ પણ ધાર્મિક ભાવનાના પ્રભાવમાં જ થયું. બાળમિત્ર તેમજ સેનાપતિ બંધુલની હત્યાનું પ્રાયશ્ચિત કરવા પ્રસેનજિત ભગવાન બુધ્ધના દર્શને આવ્યા. પ્રસેનજિતે આશ્રમમાં પ્રવેશ કર્યો.તેના નવા સેનાપતિ દીર્ઘ કારાયણે પ્રસેનજિતના પુત્ર વિડૂડભને રાજા ઘોષિત કર્યો તથા રથ અને સેના સાથે રાજધાની પાછો ફર્યો.વિહારથી નિકળ્યા પછી રાજાને સેનાપતીની ધૃષ્ટવૃતિનું જ્ઞાન થયું.તેને દંડ દેવા માટે તે વિમ્બિસારના પુત્ર અજાતશત્રુની સહાયતા લેવા માટે ચાલી નીકળ્યા. રાજગૃહ પહોંચવામાં તેમને અડધી રાત્રિ થઈ ગઈ. તે સરહદ પરની ધર્મશાળામાં જ રોકાઈ ગયા જયાં તે રાત્રે જ પ્રસેનજિતનું મૃત્યુ થઈ ગયુ. આ સમાચાર મળતા ભગવાન બુધ્ધે કહ્યું,જે રાજા સમય પર શાન્તિ અને સમય પર ક્રોધ કરવાનું જાણતો નથી,તે શાસન કરી શકતો નથી. ક્રોધ પણ અનિવાર્ય છે. બુધ્ધે તો કહેવું જોઈતુ હતું 'अहिंसा परमो धर्मः' શાંતિ બનાવી રાખો; પરંતુ બુધ્ધે એવુ કંઈ કહ્યું નથી.

જયેષ્ઠ ભિક્ષુક, ચિંતનમાં જેમની સારી પકડ હતી,ધારણા-ધ્યાન-સમાધિ જેમના સ્વભાવમાં ઢળી ગયા હતા,તેમને તેઓ બ્રાહ્મણ કહેતા હતા.એક બ્રાહ્મણ વંશીય વ્યકિત ભગવાન બુધ્ધની પાસે પહોંચ્યાં. તેમણે કહ્યું, " ભન્તે ! મેં ઉચ્ચ કુળ માં જન્મ લીધો છે, વેદ-શાસ્ત્રો વગેરેનું અધ્યયન પણ કરી લીધુ છે.મંત્ર -બોલવાની વિધિથી પૂજા પાઠ પણ કરી શકું છું શું તમે મને બ્રાહ્મણ નહીં કહો ?" બુધ્ધે કહ્યું "વત્સ ! હું બ્રાહ્મણ તેમને જ કહું છું જે સાચે જ જિતેન્દ્રિય(ઈન્દ્રિયોને જીતનાર)છે, જેમની જાણકારી વાસ્તવિક છે,જે હમેંશા સચેત અવસ્થામાં રહે છે કે ચિંતનમાં કેટલું લાગવું જોઈએ અને કેટલો લાગુ છું.ધ્યાન-ધારણ-સમાધિ જેના સ્વભાવમાં હોય." ધમ્મપદનાં 'ब्राह्मण वग्गो' શ્લોક ૩૯૦ માં તેઓએ બતાવ્યું છે કે બ્રાહ્મણને માટે આ ઓછું કલ્યાણકારી નથી કે તે પ્રિય પદાર્થોથી પોતાનું મન હટાવી લે છે. જેમ-જેમ મન હિંસાથી વળતું જાય છે, તેમ-તેમ દુઃખ અવશ્ય શાંત થવા લાગે છે.અર્થાત સાંસારિક પદાર્થોમાં આસકિત હિંસા છે અને જોવા -સાંભળવામાં આવેલ પદાર્થોમાં અનાસકિત(આસકત ન થવું)અહિંસા છે.

ધમ્મપદના જ 'पकिण्णक वग्गो' એટલે પ્રકીર્ણ ખંડમાં ભગવાને કહ્યું કે જેને દિવસ-રાત બુધ્ધાનુસ્મૃતિ,નિત્ય ધર્માનુસ્મૃતિ,નિત્ય સંધાનુસ્મૃતિ,કાયગતા સ્મૃતિ,નિત્યભાવના સ્મૃતિ અને નિત્ય અહિંસા સ્મૃતિ રહે છે,ગૌતમ બુધ્ધના તે શિષ્ય હંમેશા સ્મૃતિની સાથે સૂવે અને જાગે છે. સૃષ્ટિ અનિત્ય છે, નશ્વર છે; નિત્ય કેવળ આત્મા છે.જે પણ ભિક્ષુક સાધનામાં પ્રવૃત છે, તેમને હંમેશા યાદ રહે કે અમે બુધ્ધના શરણમાં છીએ.ભગવાન સદ્‌ગુરૂની શરણમાં છીએ. એવું ન થાય કે ચાર દિવસ પછી ગુરુ મહારાજને જ ભૂલી જાય; કેમ કે પરમાત્મા જો પરમધામ છે તો સદ્‌ગુરૂ જ તેનું પ્રવેશદ્વાર છે. તેમનાથી જ ભજન(સાધના)ની જાગૃતિ થાય છે, તેઓ જ સાધકના પતરક્ષક, માર્ગદર્શક અને સંરક્ષણ કરવાવાળા છે. તેમને ભૂલવાથી સાધક ભટકી જશે. આથી,નિત્ય બુધ્ધાનુસ્મૃતિ આવશ્યક છે.તે સાધનાને ધારણ કરવી જોઈએ જે પોતાના સ્વરૂપ આત્મપથ તરફ લઈ જાય. તે જ છે ધર્માનુસ્મૃતિ.આ રીતે સંધાનુસ્મૃતિ રહેવી જોઈએ કે હું તે ગુરૂ-પરંપરાનો છું. કાયગતા સ્મૃતિ બની રહે કે બાહ્ય દુનિયામાં વસ્તુઓના આકર્ષણમાં ન પડે. વસ્તુ જયારે પણ મળશે હૃદય-દેશમાં મળશે. આથી, શ્વાસમાં અથવા ચરણોના ધ્યાનમાં સુરત સ્થિર રાખવી કાયગતા સ્મૃતિ છે.ભાવના સ્મૃતિ અર્થાત ભાવ-શ્રધ્ધા બની રહે.શ્રધ્ધા વિહિન હોમવામાં

આવેલ હવન, દિધેલું દાન, કરેલુ કર્મ, જપેલું જપ અને તપેલું તપ બધુ જ વ્યર્થ ચાલ્યુ જાય છે. તે પ્રકારે નિત્ય અહિંસા સ્મૃતિ બની રહે કે પોતાના વાસ્તવિક સ્વરૂપને પ્રાપ્ત કરી લઉ. તે હંમેશા ચિંતનમાં ડુબેલા રહે છે. તે ત્યાગી ભિક્ષુકોના હૃદયની એક સ્થિતિ છે જેનું નામ અહિંસા છે. મનનો નિરોધ કરીને જે ચિંતનમાં લીન થઈ જાય,તેમની પાસે અંતઃકરણની એક અવસ્થા અહિંસા છે.બાહ્ય જગતની માર-પીટ તો અંદરો અંદરનો બદલો છે. દૈવી,આસુરી વૃતિઓની દેન છે જે સમય પર આવતી જતી રહે છે. શાસ્ત્ર સંતોની વસ્તુ છે.અસંયમી પુરૂષો દ્વારા બુધ્ધિ-બળ ઉપર કરેલી તેમની વ્યાખ્યા ભ્રમણાઓનું નિર્માણ કરે છે.આ ભ્રમણાઓ મહાપુરૂષોની પાછળ બધા સમાજોમાં થતી આવી છે.જેનું જીવતુ જાગતું પ્રમાણ અહિંસાનું સમાજમાં થઈ રહેલ ખોટું અર્થટન છે.

॥ ॐ ॥

# નિષ્કર્ષ

મહાપુરૂષ દરેક જીવ પર દયાળુ થઈ જાય છે; કેમ કે-

उमा जे राम चरन रत, बिगत काम मद क्रोध
निज प्रभुमय देखहिं जगत, केहि सन करहिं विरोध

(રામચરિત માનસ, ૭/૧૧૨)

તેઓ જગતને પ્રભુમય જોવે છે, જીવમાં ભગવાનનો અંશ દેખાય છે, આથી;વિરોધ કરે તો પણ કોની સાથે ? પોતાના પ્રભુ સાથે તો કોઈ વિરોધ કરી શકતા નથી. આ તેમની એક સ્થિતિ છે,અવસ્થા છે,એક દ્રષ્ટિ છે.આ મહાપુરૂષોના સાન્નિધ્યમાં વન્ય જીવ જંતુ પણ નિઃસંકોચપણે વિચરણ કરે છે.તેમને વિશ્વાસ રહે છે કે આ મહાપુરૂષથી ક્ષતિની કોઈ સંભાવના નથી.પરંતુ સુરક્ષા જ છે.

વાલ્મીકિ રામાયણ,કિષ્કિંધાકાંડના સાંઠમાં ઉપસર્ગમાં વિંધ્ય પર્વત ઉપર નિવાસ કરવાવાળા નિશાકર(ચંદ્રમાં)નામના ઋષિનો ઉલ્લેખ છે જેમની કૃપાથી સંપાતિની દાઝેલી પાંખો ફરીથી નિકળી આવી.સંપાતિએ જોયુ હતું કે જયારે તે મુનિ સ્નાન કરીને પાછા ફરી રહ્યા હતા,અનેક રીંછ, હરણ, સિંહ, વાઘ તથા અનેક પ્રકારના સાપો તેમને ઘેરીને આવી રહ્યા હતા. ઋષિને આશ્રમ ઉપર પહોંચી ગયેલા જાણી તે બધા પ્રાણીઓ પાછા ફરી ગયા.

અરણ્યકાંડના તોંતેરમાં ઉપસર્ગમાં શ્રીરામ અને લક્ષ્મણને પંપા સરોવરનો પરિચય આપતા કબન્ધે કહ્યું, "રઘુનંદન ! પંપાના જળમાં વિચરણ કરવાવાળા હંસ, કાચબા, કરચલા અને બતક બધા જ પક્ષીઓ હંમેશા મધુર સ્વરમાં ગૂંજતા રહે છે. તે મનુષ્યોને જોઈને ગભરાતા નથી;કેમ કે કોઈ મનુષ્ય દ્વારા કોઈ પણ પક્ષીનો કયારેય વધ થયો નથી, તેવા ભયનો તેમને અનુભવ નથી." ઋષ્યમૂક, મતંગ વન,શબરી આશ્રમ-તપોધન મહાત્માઓના આશ્રમોમાં બધે આવી જ સ્થિતિ હતી.

ભગવાન બુધ્ધનો વનવાસનો પ્રથમ દિવસ હતો. રાજકીય વસ્ત્રોમાં જ તે જંગલમાં ચાલ્યા જઈ રહ્યાં હતા.તેમને સન્યાસી વેશમાં એક એવો વ્યકિત જોવા મળ્યો જેમની પાસે અસ્ત્ર-શસ્ત્ર પણ હતા. બુધ્ધે તેમને પૂછયું-"તમે શિકારી લાગો છો, આ મુનીઓનો વેશ કેમ ધારણ કરી રાખ્યો છે ?" તેમણે કહ્યું, " આ વેશથી હરણ વગેરે જીવ-જંતુ આશ્વસ્ત (નિર્ભય) થઈ જાય છે, નજીક ચાલ્યા આવે છે. શિકાર સરળતાથી મળી જાય છે. બુધ્ધે કહ્યું, "મુનિ વેશના તેમના અતૂટ વિશ્વાસ પર પણ

તમે ઠેંસ પહોંચાડી ! એમ કરો, મારા આ કપડા લઈ લો, તમારા વસ્ત્ર મને આપી દો. જયાં બજાર છે, ત્યાં આ વસ્ત્રોના પારખું છે, ત્યાં આને દેખાડજો, તમને આ વસ્ત્રોના સારા પૈસા મળી જશે, જેનાથી તમે બધી રીતે જીવન નિર્વાહ કરી શકશો." આથી, મુનિઓના વેશથી જીવ-જંતુ નિર્ભય નિશ્ચિંત થઈ જાય છે.તે જાણે છે કે અહીંયા ભયનું કોઈ કારણ નથી.

શ્રી રામચરિત માનસનો પ્રસંગ છે. વનવાસ કાળમાં શ્રી રામ જયારે મહર્ષિ વાલ્મીકિના આશ્રમે આવ્યા, ત્યાંનું દશ્ય જોયું -

खग मृग बिपुल कोलाहल करहीं
बिरहित बैर मुदित मन चरहीं (માનસ, ૨/૧૨૩-૮)

ચિત્રકૂટ આશ્રમમાં ભગવાનને જોઈને જીવ-જંતુ-બધા નિર્ભય,નિશ્ચિંત થઈ ગયા-

करि केहरि कपि कोल कुरंगा
बिगत बैर बिचरहि सब संगा (માનસ, ૨/૧૩૭-૧)

करि અર્થાત હાથી, केहरि અથવા केशरी અર્થાત સિંહ, कपि(વાંદરો), कोल અર્થાત ભૂંડ, कुरंग અર્થાત હરણ - બધા સહજ વૈરનો ત્યાગ કરી એક સાથે વિચરણ કરવા લાગ્યા.

ભરતે ચિત્રકુટના વન પ્રાંતનું અવલોકન કર્યુ તો જાણ્યું -

खगहा करि हरि बाघ बराहा देखि महिष वृष साजु सराहा
बयरू बिहाइ चरहिं एक संगा जहँ तहँ मनहुँ सेन चतुरंगा
(માનસ, ૨/૨૩૫/૩-૪)

ચિત્રકૂટ મુનિયોનું ધામ હતું. ભરતજીએ તે મુનિયોના પ્રભાવને જોયો કે ગેંડો વગેરે બધા જીવ સ્વભાવિક વેર ભૂલીને એક સાથે વિચરણ કરતા જોવા મળ્યાં. પંચવટીમાં રામે જોયું -

खग मृग बृन्द अनन्दित रहहीं
मधुप मधुर गुंजत छबि लहहीं (માનસ, ૩/૧૩-૩)

खग અર્થાત પક્ષી,मृग અર્થાત વન્ય જીવ-બધા આનંદમાં હતા.ભમરા ગુંજન કરી રહ્યા હતા તેથી તેનું દશ્ય ખૂબ જ સુંદર હતું.

કાગભુશુંડિ આશ્રમનું ચિત્ર ગોસ્વામીજીના જ શબ્દોમાં જોઈએ-

सीतल अमल मधुर जल, जलज बिपुल बहुरंग
कूजत कलरव हंस गन, गुंजत मंजुल भृंग

આશ્રમ પરિસરમાં રમણીય સરોવર હતું જેમાં હંસ કલરવ કરી રહ્યા હતા,ભમરા ગુંજન કરી રહ્યા હતા,જીવ-જંતુ મુકત રીતે વિચરણ કરી રહ્યા હતા. મહાત્માઓને જોઈને તેઓનો ભય દુર થઈ જાય છે.

શ્રી મદ્ ભાગવતગીતામાં છે.-

विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः (ગીતા,૫/૧૮)

અર્જુન ! પંડિત અર્થાત પૂર્ણ જ્ઞાની મહાપુરૂષ વિદ્યા-વિનયયુકત બ્રાહ્મણ અને ચાંડાળ, કૂતરો તથા ગાય,વિશાળકાય હાથીમાં સમાન દ્રષ્ટિવાળા હોય છે.તેઓની દ્રષ્ટિમાં વિદ્યા- વિનયયુકત બ્રાહ્મણ ન તો કોઈ વિશેતા રાખે છે તેમ ચાંડાળ પણ કોઈ હીનતા રાખતા નથી. ન ગાય ધર્મ છે અને ન કૂતરો અધર્મ અને ન તો વિશાળકાય હોવાથી હાથી કોઈ વિશેષતા રાખે છે. તેઓની દ્રષ્ટિ શરીર પર નહીં, સીધી જ જીવોના અંતરાત્મા પર પડે છે. એટલું અવશ્ય છે કે વિદ્યા-વિનયયુકત બ્રાહ્મણ લક્ષ્યની નજીક છે અને જેને ચાંડાળ કહેવામાં આવે છે તે લક્ષ્યથી દૂર છે. પરંતુ બધા છે તે એક જ પથના પથિક!

અહિંસામાં સ્થિત આ મહાપુરૂષોમાં પોતાના પૂર્વજન્મોની સ્મૃતિ રહે છે. ભગવાન બુધ્ધને વિગતવાર બસ્સોં જન્મોનું સ્મરણ હતું. જાતક કથાઓમાં છે કે એક જન્મમાં તેઓ વૃક્ષ થયા. તે વૃક્ષ પર એક બગલો માછલીઓ ખાતો અને હાડકાઓ તે વૃક્ષ ઉપર પડતા હતા. બુધ્ધને તે સારુ લાગતુ ન હતું પરંતુ વૃક્ષ જેવી જડ યોનિમાં કરી પણ શું શકે ?

મહર્ષિ કાગભુશુંડિજીને પણ અનેક જન્મોનું સ્મરણ હતું-

सुधि मोहि नाथ जनम बहु केरी सिव प्रसाद मति मोर न धेरी

હે તાત ! અનેકો અનેક જન્મોનું મને સ્મરણ છે. શંકરજીની કૃપાથી મારી બુધ્ધિને મોહે ઘેરી નથી,તે જીવનમાં જેટલી સાધના,જેટલી સ્મૃતિ હતી, તે બધી ઉતરોત્તર યોનિઓમાં સાથે ચાલતી રહી. આજે પણ આવા ઉદાહરણ અત્ર-તત્ર જોવા મળે છે.

પૂજય ગુરૂ મહારાજજીના સમયમાં સતી અનુસૂઈયા આશ્રમમાં એક બ્રહ્મચારી વાંદરો હતો. અન્ય વાંદરાઓ પશુવત ક્રીડાઓમાં વ્યસ્ત રહેતા પરંતુ તે શાંત-એકાંતમાં એક વૃક્ષ પર બેઠો રહેતો હતો. જેમ સુગ્રીવે ભગવાન રામને નિવેદન કર્યુ હતું.-

बिषय बस्य सुर नर मुनि स्वामी   में पाँकर पसु कपि अति कामी
(માનસ, ૪/૨૦–૩)

વાંદરાઓ ખૂબ જ કામી હોય છે. ઋતુકાળમાં એક એક મહીનો પાંદડુય મોઢામાં નાખતા નથી, વિક્ષિપ્ત બેસી રહે છે; નર અને માદા એક બીજાને જોતા રહે છે પરંતુ તે વાનર મહારાજજીની સામે ઝાડ પર બેઠો રહેતો. મહારાજજીની સામે તાકી તાકીને એકધારો જોઈ રહેતો હતો. કયારેક કોઈ વાંદરી નજીક આવવાનો પ્રયાસ કરતી તો તેને જોઈને પણ વણ જોયું કરતો રહેતો અને જયાં તે સમજી લેતો કે આ પકકડમાં આવી જશે, અચાનક તેને પકડીને પહાડીથી નીચે ફેંકી દેતો કે તેના હાડકા ભાંગી જતાં, કીં કીં કરતાં બધા વાંદરાઓ ભાગી જતા, ફરીથી કોઈ તેની નજીક જવાની હિંમત કરી શકતા નહીં અને તે મસ્તીથી બેઠો રહેતો હતો.

પુજય મહારાજજી સવારે જયારે ભજનમાં બેસતા, તે પણ આવીને મહારાજજીથી થોડા અંતરે બેસી જતો હતો. એક થાંભલો હતો, તેનો સહારો લઈને બેસતો હતો. મહારાજજી કલાકો ભજનમાં બેઠા રહેતા હતા, તે પણ શાંતિપૂર્વક બેસી રહેતો હતો. ન તે શરીર હલાવતો ન માથુ, કયારેક કયારેક તે આંખો ખોલીને મહારાજજીની સામે જોઈ લેતો. તેનું આ નાટક મહારાજજીને ખૂબ ગમતુ હતું. મહારાજજી ઉધરસ ખાતા તો તે પણ આમ-તેમ ખંજવાળવા લાગતો હતો. દયાવશ મહારાજજી તેના માટે પણ એક મોટી રોટલી બનાવડાવતા હતા, ભજન પુરૂ થયા પછી તે ટિક્કડ(મોટી રોટલી) મહારાજજી તેને આપતા, તે ઉભો થઈને તેને એક હાથમાં લઈને બગલમાં દબાવી અને ત્રણ પગથી પહાડ ઉપર ચઢી જતો હતો, બીજા દિવસે ફરી પાંચ વાગ્યે અંધારામાં આવીને મહારાજજીની સામે બેસી જતો હતો. આ તેનો નિયમ બની ગયો હતો.

એક દિવસ મહારાજજીએ તેને સંબોધીને કહ્યું, " બ્રહ્મચારી ! જુઓ-વર્ષા ઋતુ છે. આશ્રમમાં સૂકા લાકડા નથી. આ વૃક્ષ પર સૂકી લાકડી છે. જો તૂં તોડી આપે તો રોટલી બની જાય." તેણે સાંભળ્યું, રોટલી લીધી, પહાડ ઉપર ન ગયો, સામે કુવાના થાળા પર બેસી રોટલી ખાધી, ત્યારબાદ તે બતાવેલ વૃક્ષ પર ચડી સૂકી લાકડાની ડાળ હલાવવા લાગ્યો. આશ્રમીય ભકતોએ જઈને મહારાજજીને કહ્યું, કુતૂહલવશ મહારાજજી પણ જોવા આવી ગયા, તેઓ બોલ્યા "થોડો વધારે પ્રયત્ન કર બેટા !" ડાળી તૂટતી ન હતી તો ઉપરની ડાળ પર ચડીને સૂકી ડાળ પર કૂદ્યો તેમ

છતાં લાકડું તૂટયુ નહીં. મહારાજજીએ ફરીથી કહ્યું " એકવાર વધારે !" ત્રીજીવાર તે જ ડાળી ઉપર કૂદ્યો તો એક ટૂકડો તૂટીને નીચે પડયો.મહારાજજી બોલ્યા," બસ બેટા ! હવે રોટલી બની જશે, સારી સેવા કરી! તૂં ચિંતા ન કરીશ ! લાકડા આવી જશે." આ પ્રકારે વાંદરો મનુષ્ય જેવું(વર્તન) આચરણ કરતો હતો, આદેશોનું પાલન કરતો હતો.

એક દિવસ મહારાજજીએ રમુજમાં કહ્યું, "અરે બ્રહ્મચારી છો, ભજન કરી રહ્યો છો તો પોતાના માટે ભોજનની વ્યવસ્થા જાતે કરી લે. અમે અમારા શિષ્યો દ્વારા લોટ મંગાવીએ છીએ. તે ઘઉં દળાવીને ચિત્રકૂટથી ૧૫ કિલોમીટર માથા ઉપર ગાંસડી ઉઠાવીને લાવે છે. અમે રોટલી બનાવીને તને આપીએ! હવે એવુ નહીં થઈ શકે. સાધૂ છો તો પોતાનું ચેતાવી લો!" (સધુકડી ભાષામાં ભિક્ષાટનને ચેતાવવું કહે છે.)

બીજા જ દિવસે એક કુર્મી જેને ત્યાંની ક્ષેત્રીય ભાષામાં જમીનદાર કહેવામાં આવે છે, લગભગ ૫ વાગે સવારે બ્રહ્મચારી વાંદરાના આવવાના થોડા સમય પહેલા જ મહારાજજી પાસે પહોંચ્યા, દંડવત્ પ્રણામ કર્યા પછી તેણે નિવેદન કર્યુ, " મહારાજજી ! અહીં કોઈ બ્રહ્મચારી વાંદરો છે શું ?"મહારાજજીએ પૂછયું," તૂં કેવી રીતે જાણે છે ?"તેણે કહ્યું,"મહારાજજી !હું જંગલવાળા ખેતરની દેખરેખ કરવા માટે માચડા પર સૂતો હોઉ છું. એવુ લાગ્યું કે જાણે કોઈ મારો હાથ પકડીને જગાડી રહ્યું છે. એક અવાજ સંભળાયો, ઉંઘે છે શું ? ઉભો થા, હું અનસૂયાનો બ્રહ્મચારી વાંદરો છું મારા માટે ચણા લઈને અનસૂયા ચાલો.

થોડીવાર મેં આમ-તેમ જોયું, જયારે કોઈ આહટ ન સંભળાય તો તેને સ્વપ્ન સમજીને ફરીથી સૂઈ ગયો, આંખ મીચાવા જ લાગી હતી કે કોઈએ એક તમાચો મારીને કહ્યું- મેં કહ્યું ને! ચણા લઈને ચાલ. ફરીથી સૂઈ જાય છે? મેં વિચાર કર્યો, પહેલીવાર હાથ પકડીને હલાવ્યો, બીજીવાર તમાચો માર્યો, ત્રીજીવાર ખબર નહીં શું દંડ આપે.બસ સ્નાન કર્યુ, ચણા લીધા, બે ત્રણ વાગે રાતથી ચાલતો આવી રહ્યો છું,ગામ દૂર છે, ઘોર જંગલનો રસ્તો,અહીં સુધી આવવામાં સવાર થઈ ગઈ છે. તે કયાં છે ?

મહારાજજીએ કહ્યું, " હવે આવતો જ હશે. કાલે તેને ખિજાયો હતો કે સાધુ છો તો પોતાની વ્યવસ્થા જાતે કરો. તેથી તેનું સ્વરૂપ પહોંચ્યુ, તમને ઉઠાડયા,જગાડયા,પ્રેરિત કર્યા.ભગત! તમે ભાગ્યશાળી છો." એટલામાં બ્રહ્મચારી વાંદરો આવી ગયો.

મહારાજજીએ તેને ચણા આપ્યા અને કહ્યું, " બસ બેટા ! હવે તારે ચેતાવવાની જરૂર નથી. અમે સમજી ગયા કે તારી સાધુતા સાચી છે. હવે તને રોટલી મળતી રહેશે." જમીનદારે કહ્યું, " એ તો ઠીક છે મહારાજજી પરંતુ હવે હું પણ દર અઠવાડીયે બ્રહ્મચારી માટે ચણા લાવતો રહીશ."

સારાંશ એટલો જ છે કે 'उमा ! जे राम चरन रत.....' જે રામનાં ચરણોમાં સમર્પિત છે, તેના અંતરાલમાં એક દ્રષ્ટિ હોય છે. તેઓ જાણી જાય છે કે કોણ કેટલા પાણીમાં છે? શું છે? કોણ ભ્રષ્ટ છે, કોણ સાચો છે ? તો પણ તે 'निज प्रभुमय देखहिं जगत केहिं सन करहिं विरोध ' તે વિરોધ કરે તો પણ કોની સાથે ?

તે મહાત્મા લોકો સમદર્શી અને તટસ્થ હોય છે. તેમનાથી જયારે પણ પ્રવાહિત થાય છે તો અહિંસા જ પ્રવાહિત થાય છે. તેમનાથી જયારે થશે કલ્યાણ જ થશે, અકલ્યાણ કરવાવાળી કોઈ વસ્તુ તેની પાસે હોતી જ નથી, કયાંથી હોય?

जड चेतन मग जीव धनेरे   जे चितए प्रभु जिन्ह प्रभु हेरे
ते  सब भये परम पद जोगु   भरत  दरस मेटा भव रोगू

(માનસ, ૨/૨૧૬/૧-૨)

જેઓએ પ્રભુને જોયા અથવા જેમને પ્રભુએ જોઈ લીધા, તે બધા જ પરમપદના અધિકારી થઈ ગયા.અહિંસાવ્રત પ્રાપ્ત મહાપુરૂષના તે જ લક્ષણ છે.જયાં આત્મા વિદિત છે,જે આત્મ તૃપ્ત છે,આત્મ સ્થિત છે,જે સ્વયં પોતાનો ઉધ્ધાર કરી ચૂકયા છે,તેમના દ્વારા જ બધાનો ઉધ્ધાર સંભવ છે.

શ્રી સ્વામી વિવેકાનંદજીએ પાતંજલીય યોગસૂત્રોને વ્યાખ્યાયિત કરતા સાધન પાદના પાંત્રીસમાં સૂત્રમાં કહ્યું કે " અંદર(હૃદય-દેશમાં)અહિંસા પ્રતિષ્ઠિત થઈ ગયા પછી તેની પાસે બધા પ્રાણીઓ પોતાનો સ્વાભાવિક વેર-ભાવ ત્યાગી દે છે.જો કોઈ વ્યકિત અહિંસાની ચરમ અવસ્થાને પ્રાપ્ત કરી લે તો તેની સામે જે બધા પ્રાણી સ્વભાવગત હિંસક છે,તે પણ શાંતભાવ ધારણ કરી લે છે. આ અવસ્થા પ્રાપ્ત થવાથી જ સમજવું કે મારૂ અહિંસા વ્રત દઢ પ્રતિષ્ઠિત થઈ ગયું છે." તે પ્રકારે વિવેકાનંદજીએ અહિંસાને અંતઃકરણની વસ્તુ બતાવી.

તે જ મહાપુરૂષના જીવન-ચરિત્રને વાંચી-જોઈ-સાંભળીને મનુષ્ય માત્રએ સમાનતા, સહિષ્ણુતા, પરોપકાર,સેવા, સદ્ભાવના અને પર દુઃખ ભંજનના પાઠ શીખ્યા. મહાત્મા ગાંધીજી પર પણ આ જ મહાપુરૂષોનો પ્રભાવ હતો. ગુજરાતના

મહાન સંત નરિસંહ મહેતા વગેરે ભકતોનું જીવન-રહેણી-કરણીથી તેઓ વિશેષ પ્રભાવિત થયા હતા. 'વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે!' તેઓની શિક્ષાઓથી અવિભૂત થઈને તેઓએ દક્ષિણ આફ્રિકાવાળાને સંગઠીત કર્યા, સ્વતંત્રતાના દ્વાર સુધી પહોંચાડયા પરંતુ તે મહાપુરૂષોમાં અહિંસાની જે સ્થિતિ-દ્રષ્ટિ આવી તે યોગ-સાધનાજન્ય હતી, ક્રિયાત્મક અભ્યાસજન્ય હતી. એકવાર અહિંસાની ઉંચાઈ પ્રાપ્ત કરી લીધા પછી તેઓ તેનાથી કયારેય વિચલિત થતા નથી.તેવા મહાપુરૂષો જરૂરત ઉભી થવાથી આસુરિવૃતિવાળાની બોલબાલા જોઈને નાસ્તિકતાની ક્ષણોમાં શસ્ત્રોના અભ્યાસ પર પણ ભાર મૂકે છે જેનાથી ભવિષ્યની સંતતિ અકર્મણ્ય, કાયર અને નપુંસક ન થઈ જાય, લોકોમાં સમૃધ્ધ જીવનની સાથે સાથે પરમ કલ્યાણનો પથ પણ પ્રશસ્ત થતો રહે. બીજો કોઈ ઉપાય શેષ ન રહેતા દેશ અને સંસ્કૃતિની સુરક્ષા માટે અહિંસાને પ્રતિષ્ઠિત કરવા શસ્ત્રોનો ઉપયોગ કરવો તે અહિંસાની દિશામાં ઉઠાવવામાં આવેલ એક સાર્થક પગલું છે.

॥ ॐ ॥

## અમારાં પ્રકાશનો

| પુસ્તકો | | ભાષા |
|---|---|---|
| યથાર્થ ગીતા | ❖ભારતીય ભાષાઓ | હિન્દી, મરાઠી, પંજાબી, ગુજરાતી, ઉર્દૂ, સંસ્કૃત, ઉડિયા, બંગાળી, તામિલ, તેલગૂ, મલયાલમ, કન્નડ, આસામી, સિંધી. |
| | ❖વિદેશી ભાષાઓ | અંગ્રેજી, જર્મન, ફ્રેંચ, નેપાલી, સ્પેનીશ, ફારસી, નોર્વેજીયન, ચાઈનિઝ, ચેક, ઈટાલિયન, રશિયન. |
| શંકા સમાધાન | | હિન્દી, મરાઠી, ગુજરાતી, નેપાલી, અંગ્રેજી |
| જીવનાદર્શ એવં આત્માનુભૂતિ | | હિન્દી, મરાઠી, ગુજરાતી, અંગ્રેજી |
| અંગ ક્યોં ફડકતે હૈં? ઔર ક્યા કહતે હૈં? | | હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, જર્મન |
| અનછુયે પ્રશ્ન | | હિન્દી, મરાઠી, ગુજરાતી |
| એકલવ્ય કા અંગૂઠા | | હિન્દી, મરાઠી, ગુજરાતી |
| ભજન કિસકા કરે? | | હિન્દી,મરાઠી,ગુજરાતી,જર્મન,બંગાળી, નેપાલી, અંગ્રેજી |
| યોગશાસ્ત્રીય પ્રાણાયામ | | હિન્દી, મરાઠી, ગુજરાતી |
| ષોડશોપચાર પૂજન-પદ્ધતિ | | હિન્દી, મરાઠી, ગુજરાતી |
| યોગદર્શન-પ્રત્યક્ષાનુભૂત વ્યાખ્યા | | હિન્દી |
| ગ્લોરિસ્ ઑફ યોગા | | અંગ્રેજી |
| પ્રશ્ન સમાજકે ઉત્તર-ગીતા સે | | હિન્દી |
| બારમાસી | | હિન્દી |
| અહિંસાકા સ્વરૂપ | | હિન્દી |

### ઑડિયો કૅસેટ્સ

| | |
|---|---|
| યથાર્થ ગીતા | હિન્દી, ગુજરાતી, મરાઠી, અંગ્રેજી |
| અમૃતવાણી (શ્રી સ્વામીજીના મુખારવિંદથી નીકળેલી અમૃતવાણીઓનું સંકલન વૉલ્યૂમ ૧થી ૫૫) | હિન્દી |
| ગુરુવંદના (આરતી) | |

### ઑડિયો સીડી **(MP3)**

| | |
|---|---|
| યથાર્થ ગીતા | હિન્દી, ગુજરાતી, મરાઠી, અંગ્રેજી, જર્મન, બંગાળી, |
| અમૃતવાણી | હિન્દી |

© સર્વાધિકાર - લેખક

(આ પુસ્તકના કોઈપણ અંશ - પ્રકાશન, રેકોર્ડીંગ, પ્રતિલિપિ પ્રકાશન તથા સંશોધન માટે લેખકની અનુમતિ લેવી અતિ આવશ્યક છે.)

**ગીતોકત ધર્મના નામ – આર્ય, સનાતન, હિંદુ**


**ગીતાનાં પ્રારંભમાં જ ભગવાને કહ્યું કે,**

कृतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ।। (ગીતા, ૨/૨)

હે અર્જુન ! આ વિષમ સ્થળે તને વળી આ અજ્ઞાન કયાંથી ઉપજયું? ન તે કીર્તિ પ્રાપ્ત કરાવનારુ છે, ન તો સ્વર્ગ પણ આપનારુ છે અને સમર્થ પુરુષો દ્વારા ન તો ભુલીને પણ તે આચરણમાં મુકાયુ છે. 'अनार्यजुष्टम' આવુ અનાર્યોને સાજે તેવુ આચરણ તે કયાંથી શિખ્યુ? ગીતા આર્ય - સંહિતા છે.આત્મા સિવાય બીજા કોઈનું અસ્તિતવ છે જ નહીં.જેઓ તે અસ્તિત્વ પ્રત્યે શ્રધ્ધાળુ છે, આર્ય છે.જેઓ તે પરમાત્મા પ્રત્યે નિષ્ઠાવાન છે, આર્ય છે.આત્માનો સાક્ષાત્કાર કરવાની વિધી(યોગ-વિધી) યજ્ઞને જેઓ આચરણમાં મુકે છે, તેઓ આર્યવ્રતી છે અને તેના પરીણામ સ્વરૂપ જેઓને આત્મા સાક્ષાત(વિદિત) છે, જેઓ આત્મતૃપ્ત છે, આત્મસ્થિત છે, તેઓ આર્યત્વ પ્રાપ્ત છે.

આત્મા સનાતન છે. જે તેનો પુજારી છે, સનાતન ધર્મી છે. તે સનાતન આત્મા હૃદયમાં નિવાસ કરે છે.'**हृदि सर्वस्य विष्ठितम्**' -(ગીતા,૧૩/૧૭).પંદરમાં અધ્યાયમાં ભગવાન કહે છે કે '**सर्वस्य चाहं हृदि संन्निविष्टो ।**' હું દરેકનાં હૃદયમાં નિવાસ કરુ છું. અઢારમાં અધ્યાયમાં ભગવાને કહ્યું કે, '**ईश्वरः सर्वभूतानां हृदेशेर्ङ्जुन तिष्ठति ।**'(ગીતા, ૧૮/૬૧) અર્જુન ! તે ઈશ્વર સંપૂર્ણ ભુતો અર્થાત પ્રાણી સમુદાયના હૃદયમાં નિવાસ કરે છે તે હૃદયસ્થ ઈશ્વરનો ઉપાસક હિંદુ કહેવાયો.આમ,અસ્તિત્વ પ્રત્યે નિષ્ઠાવાન,સનાતન આત્માનો સાક્ષાત્કાર કરવાવાળો સનાતન ધર્મી અને હૃદયસ્થ ઈશ્વરનો ઉપાસક હોવાથી તે હિંદુ કહેવાય છે.કાળાંતરે બદલાતા બદલાતા આ ત્રણે નામ એક જ વસ્તુનો સંદર્ભ છે.

આ વાતને યથાવત જાણવા માટે જૂઓ'**श्रीमद्‌भगवद्‌गीता**'ની શાશ્વત વ્યાખ્યા '**यथार्थ गीता**'.




**શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ**

5, New Apollo Estate, Mogra Lane, Opp. Nagardas Road, Andheri (East), Mumbai – 400069 India
Telephone : (022) 2825300 Email : contact@yatharthgeeta.com Website : www.yatharthgeeta.com